# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
## ગાંધીનગર

**ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)**

**(ગુજરાતી માધ્યમ)**

# પ્રશ્નબેંક-2008

## વિષય : નામાનાં મૂળતત્ત્વો


પ્રકાશક

સચિવ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

સેક્ટર 10-બી, જૂના સચિવાલય પાસે,

ગાંધીનગર-382043

# વિષય : નામાનાં મૂળતત્વો (154)

## વિભાગ - A

● **નીચે આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી જવાબ લખો :**

1 ભાગીદારની મૂડી પરનું વ્યાજ એ ભાગીદાર માટે શું છે ?

(A) ખર્ચ (B) દેવું

(C) આવક (D) નુકશાન

2 હંગામી મૂડી પ્રથામાં ઉપાડ પરનું વ્યાજ ક્યાં દર્શાવાશે.

(A) મૂડી ખાતાની જમા બાજુ (B) મૂડી ખાતાની ઉધાર બાજુ

(C) ચાલુ ખાતાની જમા બાજુ (D) ચાલુ ખાતાની ઉધાર બાજુ

3 જો ભાગીદારી કરારપત્રમાં ઉલ્લેખ ન હોય તો ભાગીદારે પેઢીને ધીરેલી લોન પર કેટલા ટકા ના દરે વ્યાજ ગણાય?

(A) 6% (B) 9%

(C) 10% (D) વ્યાજ ગણાય નહી.

4 A ને B ના હિસ્સાનો અડધો ભાગ તથા C ને A ના હિસ્સાનો ત્રીજો ભાગ મળે છે તો નફા-નુકશાનનું પ્રમાણ શોધો.

(A) 6:3:1 (B) 1:6:8

(C) 3:6:1 (D) 3:1:6

5 ત્રણ ભાગીદારો A, B, અને C વચ્ચે નફા-નુકશાનની વહેંચણીમાં કરેલ ફેરફારને લીધે B નો ત્યાગ 1/15 ભાગનો અને C નો ત્યાગ 1/15 ભાગનો આવે છે. તો A નો મળેલ ભાગ શોધો.

(A) 1/15 (B) 2/30

(C) 2/15 (D) 0

6 સ્થિર મૂડી ખાતાંની પધ્ધતિમાં ભાગીદારનું ઉપાડ ખાતુ વર્ષનાં અંતે કયા ખાતે લઈ જઈ બંધ કરવામાં આવે છે ?

(A) મૂડી ખાતે (B) ચાલુ ખાતે

(C) નફા-નુકશાન ખાતે (D) નફા-નુકશાન ફાળવણી ખાતે

7 શરાફી ભાગીદારી પેઢીમાં ઓછામાં ઓછા કેટલા ભાગીદારો હોય ?

(A) 10 (B) 20

(C) 2 (D) 50

8 નફા-નુકશાન ફાળવણી ખાતાની ઉધાર બાકી એટલે ...

(A) વહેંચણી પાત્ર ખોટ (B) ચોખ્ખો નફો

(C) વહેંચણી પાત્ર નફો (D) ચોખ્ખી ખોટ

9 કઈ પધ્ધતિમાં મૂડીની રકમ બદલાતી હોવાથી મૂડીનું વ્યાજ દર વર્ષે બદલાતું રહે છે ?

(A) અસ્થિર મૂડી ખાતાની પધ્ધતિ (B) સ્થિર મૂડી ખાતાની પધ્ધતિ

(C) ચાલુ ખાતાની પધ્ધતિ (D) ત્રણમાંથી એકેય નહીં.

10 P, Q અને R એક પેઢીનાં ભાગીદારો છે. તેઓની મૂડીનું પ્રમાણ 2:3:4 છે. વર્ષાન્તે પેઢીનો નફો રૂા. 90,000 થયો હોય તો ભાગીદાર Q ને કેટલો નફો મળશે ?

(A) 40,000 (B) 30,000

(C) 20,000 (D) 45,000

11 ભાગીદારી પેઢીનાં ભાગીદારોની જવાબદારી કેટલી હોય છે ?

(A) મૂડી પુરતી (B) મર્યાદિત

(C) અમર્યાદિત (D) ત્રણમાંથી એકેય નહીં

12 જાહેરાત ઉપલક ખાતાને કઈ મિલકત કહેવાય ?

(A) સ્થિર મિલકત (B) ચાલુ મિલકત

(C) અવાસ્તવિક (D) ત્રણમાંથી એકેય નહી

13 કારીગાર નફા ભાગ ભંડોળ એ ભાગીદારી પેઢી માટે શું કહેવાય ?

(A) લેણું (B) અનામત

(C) મિલકત (D) દેવું

14 પુનઃ મૂલ્યાંકન ખાતાને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) નફા-નુકશાન ફાળવણી ખાતુ (B) નફા-નુકશાન ખાતું

(C) નફા-નુકશાન હવાલાનું ખાતું (D) ત્રણમાંથી એકેય નહીં.

15 ભાગીદારને મળતા નફાનું નવું પ્રમાણ જુના પ્રમાણ કરતાં ઓછું હોય તો ભાગીદારને શું થયું ગણાય ?

(A) લાભ (B) ત્યાગ

(C) નફો (D) ત્રણમાંથાી એકેય નહી

16 પુનઃ મૂલ્યાંકન ખાતાનો નફો કે ખોટ ભાગીદારો વચ્ચે કયા પ્રમાણમાં વહેંચાય છે.

(A) ત્યાગના પ્રમાણમાં (B) મૂડીના પ્રમાણમાં

(C) નફા-નુકશાનનાં નવાં પ્રમાણમાં (D) નફા-નુકશાનનાં જૂના પ્રમાણમાં

17 એકત્રિત થયેલ નફો કે અનામત ભંડોળ કોનું છે ?

(A) નવા ભાગીદારોનું (B) ચાલુ ભાગીદારોનું

(C) કર્મચારીઓનું (D) ત્રણમાંથી એકેયનું નહીં

18 X, Y અને Z 2:2:1 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદાર છે. તેમણે નફા.નુ.નું પ્રમાણ બદલીને 1:1:1 કર્યું તો X નાં ત્યાગનું પ્રમાણ શોધો.

(A) 1/30 (B) 1/15

(C) 1/5 (D) 1/3

19 X, Y અને Z સરખે હિસ્સે નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેમનું નવું પ્રમાણ 1:2:3 છે ભાગીદાર Y નો ત્યાગ શોધો ?

(A) 1/6 (B) -1/6

(C) 0 (D) 3/6

20 પુનર્ગઠન સમયે અનામત ભંડોળની રકમ કયા ખાતે જમા થાય છે ?

(A) નફા-નુકશાન ખાતે (B) પુનઃ મૂલ્યાંકન ખાતે

(C) નફા-નુકશાન ફાળવણી ખાતે (D) ચાલુ ખાતે

21 મિલકતો અને દેવાના પુનઃ મૂલ્યાંક ન સમયે દેવાદારો પર ધાલખાધ અનામતની જોગવાઈ કરવાની હોય તો

(A) પુનઃ મૂલ્યાંકન ખાતે ઉધાર (B) પુનઃ મૂલ્યાંકન ખાતે જમા

(C) નફા-નુકશાન ખાતે ઉધાર (D) દેવાદારો ખાતે ઉધાર

22 પુર્નગઠન સમયે ઉભી કરેલ પાઘડીમાંથી વાળવા માટે ચાલુ ભાગીદારોના મૂડી ખાતા ક્યા પ્રમાણમાં ઉધારવામાં આવે છે ?

(A) જૂના પ્રમાણમા (B) મૂડીનાં પ્રમાણમાં

(C) સરખા પ્રમાણમાં (D) નવાં પ્રમાણમાં

23 પુનઃ મૂલ્યાંકન સમયે મિલકતની કિંમતમાં થતો વધારો કયા ખાતે નોંધાય છે ?

(A) પુનઃ મૂલ્યાંકન ખાતે જમા (B) પુનઃ મૂલ્યાંકન ખાતે ઉધાર

(C) નફા-નુકશાન ખાતે ઉધાર (D) ભાગીદારનાં ચાલુ ખાતે ઉધાર

24 પાકુ સરવૈયું ધંધાની કઈ સ્થિતી દર્શાવે છે.

(A) ધંધાની નફાકારકતા (B) ધંધાની આર્થિક સ્થિતી

(C) ધંધાની નાણાંકીય સ્થિતી (D) ધંધાની તરલ સ્થિતી

25 અધિક નફો શોધવાનું સૂત્ર કયું ?

(A) સરેરાશ નફો - સામાન્ય નફો (B) સામાન્ય નફો - સરેરાશ નફો

(C) સરેરાશ નફો ÷ સામાન્ય નફો (D) સામાન્ય નફો ÷ સરેરાશ નફો

26 નવા ભાગીદારે લાવેલ પાઘડીની રકમ જુના ભાગીદારો વચ્ચે કયા પ્રમાણમાં વહેંચશે ?

(A) ત્યાગનાં પ્રમાણમાં (B) મૂડીના પ્રમાણમાં

(C) સરખાં પ્રમાણમાં (D) લાભનાં પ્રમાણમાં

27 નવો ભાગીદાર પાઘડીની રકમ રોકડમાં લાવે ત્યારે પેઢીના ચોપડે કેટલી રકમથી નોંધ થશે ?

(A) કુલ પાઘડીની રકમથી (B) તફાવતની પાઘડીની રકમથી

(C) જૂની પાઘડીની રકમથી (D) નવા ભાગીદારના ભાગ જેટલી પાઘડીથી

28 પાઘડીના મૂલ્યનો આધાર કોના પર છે ?

(A) પેઢીની કુલ મૂડી પર (B) પેઢીના કુલ દેવાં પર

(C) પેઢીની નફો કમાવવાની ક્ષમતા પર (D) પેઢીની કુલ મિલકતો ઉપર

29 નવો ભાગીદાર પેઢીની પાઘડીની કુલ કિંમતમાંથી પોતાના હિસ્સાની રકમ રોકડમાં લાવે ત્યારે આ રકમ કયા ખાતે ઉધારાય છે ?

(A) રોકડ / બેન્ક ખાતે (B) પાઘડી ખાતે

(C) નવા ભાગીદારના મૂડી ખાતે (D) જૂના ભાગીદારોના મૂડી

30 ભારિત સરેરાશ નફાની પધ્ધતિમાં નીચેનામાંથી કઈ બાબત ધ્યાનમાં લેવાય છે ?

(A) નજીકના વર્ષના નફાને વધુ મહત્વ (B) દૂરના વર્ષના નફાને વધુ મહત્વ

(C) નજીકના વર્ષના નફાને ઓછું મહત્વ (D) દરેક વર્ષના નફાને સરખું મહત્વ

31 સરેરાશ નફાને મૂડીકૃત કરવાની પધ્ધતિ અનુસાર પાઘડી એટલે ...

(A) ધંધામાં રોકાયેલ મૂડી - મૂડીકૃત નફો (B) મૂડી-કૃત નફો x પાઘડીના ખરીદીનાં વર્ષો

(C) ધંધામાં રોકાયેલ મૂડી x અપેક્ષિત વળતરનો દર (D) મૂડીકૃત નફો - ધંધામા રોકાયેલી મૂડી

32 પાઘડી એ ધંધાની કઈ મિલકત છે.

(A) અવાસ્તવિક (B) અદૃશ્ય

(C) કૃત્રિમ (D) દૃશ્ય

33 જો ધંધામાં જોખમનું પ્રમાણ વધુ હોય તો તે ધંધાની પાઘડીની કિંમત સામાન્ય રીતે કેટલી હોય ?

(A) સરખી (B) ઓછી

(C) વધુમાં વધુ (D) વધુ

34 નવા ભાગીદારે લાવેલ પાઘડીની રકમ જૂના ભાગીદારો વચ્ચે કયા પ્રમાણમાં વહેંચાય ?

(A) ત્યાગના પ્રમાણમાં (B) મૂડીના પ્રમાણમાં

(C) સરખાં પ્રમાણમાં (D) લાભનાં પ્રમાણમા

35 પાઘડીનાં મૂલ્યાંકન માટેની પધ્ધતિઓમાં સૌથી મહત્વનું પરિબળ ક્યું છે ?

(A) ધંધાનું સ્થાન (B) ધંધાનો પ્રકાર

(C) માલિકનું કૌશલ્ય (D) ભવિષ્યમાં જળવાઈ રહેતો નફો

36 જો પાઘડી સરેરાશ નફાના આધારે ગણવાની હોય તો નીચેની માહિતી આધારે સરેરાશ નફાની રકમ

| વર્ષ | 2003 | 2004 | 2005 |
|---|---|---|---|
| નફો | 10000 | 15000 | 11000 |

(A) 12,000 (B) 10,000

(C) 11,000 (D) 13,000

37 નીચેની માહિતી પરથી ભારિત સરેરાશ નફાની રકમ શોધો

| વર્ષ | 2004 | 2005 | 2006 |
|---|---|---|---|
| નફો | 20000 | 23000 | 28000 |

(A) 25,000 (B) 24,000

(C) 50,000 (D) 12,500

38 મૂડીકૃત નફો શોધવાનું સૂત્ર કયું છે ?

(A) સરેરાશ નફો ÷ અપેક્ષિત વળતરનો દર (B) અપેક્ષિત વળતરનો દર - સરેરાશ નફો

(C) અપેક્ષિત વળતરનો દર + સરેરાશ નફો (D) સરેરાશ નફો - અપેક્ષિત વળતરનો દર

39 "અ" ને "બ" 3:૨ ના પ્રમાણમાં ન.નુ. વહેંચતા ભાગીદારો છે. તેમણે "ક" ને 1/૫ ભાગ આપવાની શરતે દાખલ કર્યો. ન.નુ. વહેંચણીનું નવું પ્રમાણ કેટલું ?

(A) 12:8:5 (B) 8:12:5

(C) 12:5:8 (D) 8:5:12

40 A,B અને C 3:2:1 ના પ્રમાણમાં ન.નું. વહેંચતા ભાગીદારો છે. તેઓ D ને 5/6 ભાગ આપી પ્રવેશ આપે. જે A પાસેથી 1/6 અને C પાસેથી 1/24 મેળવે છે. ન.નું. નું નવું પ્રમાણ શોધો.

(A) 8:3:4:9 (B) 9:8:3:4

(C) 9:3:4:8 (D) 3:9:8:4

41 જયારે નવો ભાગીદાર પોતાના ભાગની પાઘડી રોકડમાં ના લાવે ત્યારે કઈ પધ્ધતિનો ઉપયોગ થાય છે.

(A) પ્રિમિયમ પધ્ધતિ (B) વટાવ પધ્ધતિ

(C) પુનઃ મૂલ્યાંકનની પધ્ધતિ (D) સાદી સરેરાશની પધ્ધતિ

42 નવા ભાગીદારને ચાલુ ભાગીદારી પેઢીમાં કઈ રીતે પ્રવેશ આપી શકાય ?

(A) ચાલુ ભાગીદારો બહુમતીએ નવા ભાગીદારોને પ્રવેશ આપવાનું નક્કી કરે

(B) કરાર ન હોવાથી 193૨ના કાયદા મુજબ

(C) કરારમાં નવા ભાગીદારના પ્રવેશ મુજબ જોગવાઈ હોય તો તેને અનુસરીને

(D) કરારમાં ન હોવાથી 19૫6ના કાયદા મુજબ

43 "નરમ" અને "બાધો" 3:૨ ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચી લેતા ભાગીદારો છે. તેમણે "ગાંડા" ને 1/4 ભાગ આપવાની શરતે નવા ભાગીદાર તરીકે પ્રવેશ આપ્યો. નવું નફા-નુકશાનનું પ્રમાણ કેટલું થશે ?

(A) 4:3:2 (B) 9:6:5

(C) 3:2:4 (D) 12:8:1

44 કેતલ અને હેતલ 3:૨ ના પ્રમાણમાં ન.નું વહેંચતા ભાગીદાર છે. તેમણે નેહલને નવા ભાગીદાર તરીકે પ્રવેશ આપે છે. તેમનું પ્રમાણ 6:5:4 છે. તો ત્યાગનું પ્રમાણ શોધો.

(A) 3:4 (B) 3:1

(C) 4:5 (D) 1:3

45 ધારા અને ધ્વનિ 3:1 ના પ્રમાણમાં ન.નું વહેંચતાં ભાગીદારો છે. તેમણે હિનલને ભાગીદારમાં દાખલ કરી ન.નું. વહેંચણીનું નવું પ્રમાણ 2:1:2 નક્કી થયું. ધારા અને ધ્વનિના ત્યાગનું પ્રમાણ શોધો.

(A) 3:1 (B) 1:7

(C) 7:1 (D) 2:1

46 ભારતી અને રચના સરખા હિસ્સે ન.નું. વહેંચતા ભાગીદારો છે. તેમણે સ્તુતિને નફામાં 1/4 ભાગ આપવાની શરતે ભાગીદારીમાં પ્રવેશ આપ્યો. બધા જ ભાગીદારો વચ્ચેનું ન.નું. વહેંચણીનું નવું પ્રમાણ નક્કી કરો.

(A) 3:3:2 (B) 1:1:1

(C) 2:3:3 (D) 3:3:1

47 નવા ભાગીદારના પ્રવેશ સમયે નીચેનામાંથી કઈ અનામત ભાગીદારો વચ્ચે વહેંચાતી નથી.

(A) સામાન્ય અનામત (B) અનામત

(C) કર્મચારી અકસ્માત વળતર ભંડોળ (D) રોકાણ વધઘટ અનામત

48 ભાગીદારીના કાયદા અનુસાર નવા ભાગીદારને ચાલુ ભાગીદારીમાં કેટલી રીતે પ્રવેશ આપી શકાય.

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

49 મૈત્રી અને મિતાલી 3:1 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેમણે જૈમિનીને ભાગીદારીમાં દાખલ કરી નફા-નુકશાનનું નવું પ્રમાણ ૨:1:૨ નક્કી થયું. મૈત્રી અને મિતાલીના ભાગનું પ્રમાણ શોધો.

(A) 2:1 (B) 3:1

(C) 1:7 (D) 7:1

50 નિવૃત્ત ભાગીદાર પેઢીમાંનાં નફામાં ક્યાં સુધી હકદાર છે ?

(A) આજીવન (B) છેલ્લા વાર્ષિક હિસાબ સુધી

(C) છેલ્લા વાર્ષિક હિસાબથી નિવૃત્તિ સુધી (D) બહુમતી ભાગીદારો ઈચ્છે ત્યાં સુધી

51 રોશની, પ્રકાશ અને ઉજ્જવલનુ ન.નું. વહેંચણીનું પ્રમાણ 1/૨, 1/3, 1/6 છે. ઉજ્જવલ નિવૃત્ત થાય છે. ચાલુ ભાગીદારોનું ન.નું. નું પ્રમાણ કયું રહેશે ?

(A) 3:2 (B) 3:6

(C) 2:3 (D) 6:3

52 ક્રિષ્ના, રાધા અને ગોપી 1:૨:3 ના પ્રમાણમાં ન.નું. વહેંચતા ભાગીદારો છે. ક્રિષ્ના નિવૃત્ત થાય છે. નવી પેઢીમાં રાધા અને ગોપી સરખા ભાગે ન.નું. વહેંચવાનું નક્કી કરે છે. તો ચાલુ ભાગીદારોનાં લાભનું પ્રમાણ કેટલું ?

(A) 1:1 (B) 2:3

(C) બધોજ લાભ રાધાને મળે (D) બધો જ લાભ ગોપીને મળે.

53 નિવૃત્તિ વખતે નફા-નુકશાન હવાલા ખાતેથી નફો કે નુકશાન ભાગીદારોના મૂડી ખાતે ક્યાં પ્રમાણમાં ફાળવવામાં આવે છે.

(A) મુડીના (B) નફા.નું.ના જૂના પ્રમાણમાં

(C) લાભના (D) નફા.નું. ના નવા પ્રમાણમાં

54 સંયુક્ત જીવનવિમા પોલિસી ખાતું એ કયા પ્રકારનું ખાતું છે.

(A) ઉપજ ખર્ચ ખાતુ (B) વ્યક્તિ ખાતું

(C) માલ-મિલકતનું ખાતું (D) નફા-નુકશાન ખાતું

55 A, B, C સરખે હિસ્સે નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. C નિવૃત્ત થાય છે ત્યારે પેઢીના ચોપડે પાઘડી ખાતું રૂા. 25000 થી દર્શાવેલ છે તેનું પુનઃ મૂલ્યાંકન રૂા. 31000 ની કિંમતે થતા C ના મૂડી ખાતે કેટલી રકમ જમા થશે ?

(A) 1000 રૂા. (B) 2000 રૂા.

(C) 3000 રૂા. (D) 6000 રૂા.

58 સૌમિલ, નિમેષ અને જીત સરખે હિસ્સે ન.નું. વહેંચતા ભાગીદારો છે. જિત નિવૃત્ત થાય છે ત્યારે પેઢીના ચોપડે પાઘડી ખાતું રૂા.39000 થી દર્શાવેલ છે તેનું પુનઃ મૂલ્યાંકન રૂા.45000 ની કિંમતે થતા જિતના મૂડી ખાતે કેટલી રકમ જમા થાય ?

(A) 10,000 (B) 2,000

(C) 3,000 (D) 6,000

57 P, Q. R નું નફા-નુકશાન વહેંચણીનું પ્રમાણ 1/2, 1/3 અને 1/4 છે R નિવૃત્ત થાય છે. ચાલુ ભાગીદારોનું નફા-નુકશાનનું પ્રમાણ કયું રહેશે ?

(A) 2:3 (B) 3:6

(C) 6:4 (D) 6:3

58 ગીતા અને નેહા અને સ્વેતા સરખે હિસ્સે ન.નું. વહેંચતા ભાગીદારો છે. ગીતા નિવૃત્ત થાય છે. ગીતાનો ભાગ નેહા અને સ્વેતા ને સરખે હિસ્સે મળે તો નેહા ને સ્વેતાનું ન.નું. નવું પ્રમાણ રહેશે.

(A) 3:1 (B) 2:1

(C) 1:2 (D) 1:1

59 કર્મચારી નફા ભાગ ભંડોળ એ ભાગીદારની નિવૃત્તિ પછી પા.સ.માં કેવી રીતે દર્શાવામાં આવે છે ?

(A) લેણાં તરીકે (B) દેવાં તરીકે

(C) અનામત તરીકે (D) સરખા પ્રમાણમાં

60 નિવૃત્ત થનાર ભાગીદારને ચૂકવવાની પાઘડીની રકમ ચાલુ રહેનાર ભાગીદારને ખાતે કયા પ્રમાણમાં ઉધારવામાં આવે છે.

(A) ત્યાગનાં પ્રમાણમાં (B) સરખાં પ્રમાણમાં

(C) મૂડીનાં પ્રમાણમાં (D) લાભનાં પ્રમાણમાં

61 મધ્યસ્થ સરકારની મંજૂરી મળ્યા તારીખથી કેટલા માસ સુધીમાં વટાવે શેર બહાર પાડવા જોઈએ.

(A) એક માસ (B) બે માસ

(C) છ માસ (D) બાર માસ

62 કંપનીઓ જપ્ત કરેલા શેર પર વધુમાં વધુ કેટલો વટાવ નવા શેર હોલ્ડર્સને આપી શકાય ?

(A) શેર ઉપર જપ્ત કરેલી રકમ જેટલો. (B) શેર જપ્તી કરતાં વધુ

(C) શેર જપ્તી કરતાં ઓછો (D) 10%

63 અગાઉથી મળેલ હપ્તા પર ટેબલ "એ" અનુસાર જયાં સુધી મંગાવેલ હપ્તા સામે સરભર થાય ત્યાં સુધી વાર્ષિક કેટલા ટકા લેખે વ્યાજ આપવું પડે ?

(A) 5% (B) 6%

(C) 9% (D) 12%

64 જાહેર ભરણામાં કેટલા ટકા અરજીઓ મળે તો તે ભરણું રદબાતલ ન થાય ?

(A) 60% (B) 80%

(C) 85% (D) 90% કે તેથી વધુ

65 માલ-મિલકતના નિકાલ ખાતાને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે.

(A) નફા-નુકશાન હવાલા ખાતું (B) સંપાદન ખાતું

(C) કાચું પુનઃ મૂલ્યાંકન (D) પૂનઃ મૂલ્યાંકન ખાતું

66 પેઢીના વિસર્જન વખતે મિલકતોની ઉપજમાંથી પહેલી ચૂકવણી કોની થાય ?

(A) નફો (B) પત્નીની લોન

(C) ત્રાહિત પક્ષનાં દેવાં (D) વિસર્જન ખર્ચ

67 શેર પ્રિમિયમની રકમ કંપની માટે શું છે ?

(A) મૂડી નફો (B) મૂડી ખર્ચ

(C) મહેસૂલી નફો (D) મહેસુલી ખર્ચ

68 કંપની ધારો કયા વર્ષમાં અમલમાં આવ્યો ?

(A) 1932 (B) 1956

(C) 1965 (D) 2004

69 જપ્ત થયેલ શેર બહાર પાડતી વખતે વધુમાં વધુ કેટલો વટાવ આપી શકાય ?

(A) શેર જપ્તી જેટલો (B) 6% જેટલો

(C) 10% જેટલો (D) શેર પ્રિમિયમ જેટલો

70 જામીનગીરી પ્રિમિયમની રકમ કંપની માટે શું છે ?

(A) મૂડી નફો (B) મૂડી ખર્ચ

(C) મહેસુલી નફો (D) મહેસુલી ખર્ચ

71 સામાન્ય રીતે કંપની મૂળ કિંમતના કેટલા ટકા કરતા વધુ વટાવે શેર બહાર પાડી શકાતી નથી.

(A) 5% (B) 10%

(C) 20% (D) 25%

72 અગાઉથી મળેલ હપ્તા પર ટેબલ "એ" અનુસાર જયાં સુધી મંગાવેલ હપ્તા સામે સરભર થાય ત્યાં સુધી વાર્ષિક કેટલા ટકા લેખે વ્યાજ આપવું પડે ?

(A) 5% (B) 6%

(C) 9% (D) 12%

73 કંપનીનો વહીવટ કોણ કરે છે ?

(A) બધા શેર હોલ્ડર્સ (B) સરકાર

(C) ડિબેન્ચર હોલ્ડરો (D) ચૂંટી કાઢેલ ડિરેકટરોનું બોર્ડ

74 શેર જપ્તી ખાતાની બાકી રકમ ખાતે લઈ જવામાં આવે છે ?

(A) સામાન્ય અનામત (B) મૂડી અનામત

(C) ગુપ્ત અનામત (D) શેર અનામત

75 ગીરવી ડિબેન્ચર કંપનીનાં પાકા સરવૈયામાં કયા મથાળા હેઠળ બતાવામાં આવે છે ?

(A) બહાર પાડેલ થાપણ (B) તારણવાળી લોન

(C) સત્તાવાર થાપણ (D) અનામત અને વધારો

76 ડિબેન્ચર પરત નિધિના રોકાણોનું વ્યાજ કયા ખાતે જમા થાય છે ?

(A) ડિબેન્ચર પરત નિધિ ખાતે (B) ડિબેન્ચર પરત નિધિના રોકાણો ખાતે

(C) ડિબેન્ચર ખાતે (D) નફા-નુકશાન ખાતે

77 ડિબેન્ચરનાં નાણાં પરત કરતી વખતે ડિબેન્ચરની રકમ કયા ખાતે લઈ જવામાં આવે છે ?

(A) નફા નુકશાન ખાતે (B) ડિબેન્ચર પરત નિધિ ખાતે

(C) ડિબેન્ચર પ્રિમીયમ (D) ન.નુ. ખાતે

78 ડિબેન્ચર એ ધંધાની કેવી મૂડી છે ?

(A) માલિકીની (B) ઉછીની

(C) સંયુક્ત (D) સત્તાવાર

79 કયા ડિબેન્ચર ચલણી નોટ જેવા છે ?

(A) રજિસ્ટર્ડ ડિબેન્ચર (B) બેરર ડિબેન્ચર

(C) રીડિમેબલ ડિબેન્ચર (D) તારણવાળા ડિબેન્ચર

80 જે ડિબેન્ચરનું શેરમાં રૂપાંતર થઈ શકતું હોય તેને કેવા ડિબેન્ચર કહેવાય ?

(A) પ્રથમ બોજનાં ડિબેન્ચર (B) કન્વર્ટીબલ ડિબેન્ચર

(C) સાદા ડિબેન્ચર (D) બેરર ડિબેન્ચર

81 ડિબેન્ચર હોલ્ડરોને કંપનીની બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણીમાં કેટલા મત આપવાનો અધિકાર છે ?

(A) 100 ડિબેન્ચર = 1 (B) વ્યક્તિગત

(C) અધિકાર નથી (D) 1 ડિબેન્ચર = 1

82 ડિબેન્ચર પરનું પ્રિમિયમ ખાતું કંપની માટે શું છે ?

(A) મૂડી નફો (B) લેણું

(C) મિલકત (D) નુકશાન

83 રોકડ અવેજ સિવાય બહાર પાડેલ ડિબેન્ચરમાં કયું ખાતું ઉધાર થાય ?

(A) રોકડ ખાતું (B) રોકાણો ખાતું

(C) ધંધો વેચનારનું ખાતું (D) ડિબેન્ચર ખાતું

84 નફા-નુકશાન ખાતાને કયા પત્રકના નામે ઓળખવામાં આવે છે ?

(A) આવકના (B) જાવકના

(C) સામાન્ય માપના (D) રોકડ પ્રવાહના

85 ડિબેન્ચર તે કંપનીમાં શું દર્શાવતો દસ્તાવેજ છે ?

(A) લેણું (B) દેવું

(C) જાવક (D) ખર્ચ

86 કયા પ્રકારના ડિબેન્ચરના નાણાં કંપનીના વિસર્જન પહેલા પરત કરવામાં આવતા નથી.

(A) કાયમી ડિબેન્ચર (B) રિડિમેબલ ડિબેન્ચર

(C) તારણવાળા ડિબેન્ચર (D) તારણ વગરના ડિબેન્ચર

87 જેનું ઈક્વિટી શેરમાં આપોઆપ રૂપાંતર થાય તેવી શરતોએ કયા ડિબેન્ચર બહાર પાડવામાં આવે છે ?

(A) કાયમી ડિબેન્ચર (B) રિડિમેબલ ડિબેન્ચર

(C) તારણવાળા ડિબેન્ચર (D) ઈર-રિડિમેબલ ડિબેન્ચર

88 ડિબેન્ચર પરત પ્રિમિયમ ખાતું કંપની માટે શું છે ?

(A) મિલકત (B) દેવું

(C) લેણું (D) નુકશાન

89 ડિબેન્ચરમાં નાણા પરત કરતી વખતે ડિબેન્ચરની રકમ કયા ખાતે લઈ જવામાં આવે છે ?

(A) નફા-નુકશાન ખાતું (B) ડિબેન્ચર પરતનિધિ ખાતે

(C) ડિબેન્ચર હોલ્ડર ખાતે (D) ડિબેન્ચર પરત પ્રિમિયમ ખાતે

90 ડિબેન્ચર બહાર પાડતી વખતે આપેલ વટાવ કંપની માટે શું છે ?

(A) આવક (B) મિલકત

(C) દેવું (D) ખોટ

91 તુલનાત્મક પત્રકોમાં ઓછામાં ઓછા કેટલા વર્ષની માહિતી હોવી જોઈએ ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

92 પ્રકાશિત હિસાબોમાં નીચેની વિગતોમાંથી કોનો સમાવેશ થાય છે ?

(A) ઓડિટરના અહેવાલની નકલ (B) સ્ટોક રજીસ્ટર

(C) ઉઘરાણી પત્રક (D) સંચાલકોની યાદી

93 ધંધામાં થઈ રહેલા ફેરફારના વલણ કયા પત્રક ઉપરથી જાણી શકાય છે ?

(A) દાર્શનિક હૂંડી (B) લેણી હૂંડી

(C) દેવી હૂંડીઓ (D) વટાવેલી પરંતુ નહીં પાકેલી લેણીહુંડીઓ

94 કયા પત્રકોને 100 ટકા ના પત્રકો તરીકે ઓળખવામાં આવે છે ?

(A) સામાન્ય માપના (B) પાકા સરવૈયા

(C) તુલનાત્મક પત્રકો (D) રોકડ પ્રવાહના

95 ધંધામા થઈ રહેલા ફેરફારના વલણ કયા પત્રક પરથી જાણી શકાય છે ?

(A) તુલનાત્મક પત્રકો (B) રોકડ પ્રવાહના

(C) સામાન્ય માપના (D) કાર્યશીલ મૂડીમાં ફેરફારનું પત્રક

96 બે કંપનીઓની પરિસ્થિતિની તુલના કરવા માટે કયા પત્રકો ખૂબજ ઉપયોગી છે ?

(A) તુલનાત્મક (B) સામાન્ય માપના

(C) રોકડ પ્રવાહના (D) કાર્યશીલ મૂડીના ફેરફારના

97 નાણાંકીય પત્રકોમાં વિશ્લેષણની તુલનાત્મક પત્રકોની પધ્ધતિમાં વિગતોનું પૃથક્કરણ કરવા માટે ઓછામાં ઓછા કેટલા વર્ષના આંકડા હોવા જોઈએ ?

(A) ૨ વર્ષ (B) 4 વર્ષ

(C) 1 વર્ષ (D) 3 વર્ષ

98 નીચેનામાંથી કઈ પધ્ધતિ નાણાંકીય પત્રકોના વિશ્લેષણની પધ્ધતિ નથી ?

(A) વલણ દર્શાવતી ટકાવારીઓ (B) સમય વિશ્લેષણ

(C) ગુણોતર વિશ્લેષણ (D) રોકડ પ્રવાહનું પત્રક

99 પાકું સરવૈયું ધંધાની કઈ સ્થિતિ દર્શાવે છે ?

(A) ધંધાનું પરિણામ (B) ધંધાની નફાકારકતા

(C) ધંધાની નાણાંકીય સ્થિતી (D) ધંધાની આર્થિક સ્થિતી

100 નાણાંકીય પત્રકમાં કોનો-કોનો સમાવેશ થાય છે ?

(A) વેપાર ખાતુ અને કાચું સરવૈયું (B) નફા-નુકશાન ખાતુ અને પાકુ સરવૈયુ

(C) વેપાર ખાતુ અને મૂડી ખાતું (D) પુનઃ મૂલ્યાંકન ખાતુ અને માલ મિ.નિકાલ ખાતું

101 માલની આવક-જાવકનાં વ્યવહારો નોંધવા કયો ચોપડો રાખવામાં આવે છે ?

(A) સુધાવહી (B) જાંગડ નોંધ

(C) કબાલાવહી (D) જણસવહી

102 ઘરખર્ચ ખાતાનો હવાલો કયા ખાતે કરાય છે ?

(A) ખરીદ વકરા ખાતે (B) વટાવ ખાતે

(C) ભંડોળ ખાતે (D) બેંક ખાતે

103 હવાલા મેળ બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) માંડછોડ મેળ (B) ઠામમેળ

(C) રોજમેળ (D) બેઠોમેળ

104 કોઈ કારણસર ઉપજ-ખર્ચના ખાતાનું નામ નક્કી ન થઈ શકયું હોય તો કયા ખાતે નોંધ થાય ?

(A) તસલમાત ખાતે (B) હથ્થુ ખાતે

(C) દેશાવર ખાતે (D) શ્રી … ખાતે

105 ખાતાવહીમાં નીચેનામાંથી કયું ખાતું ખોલવામા આવતું નથી.

(A) શ્રી વટાવ ખાતુ (B) શ્રી હથ્થુ ખાતુ

(C) શ્રી વિગત ખાતુ (D) શ્રી સિલક વધઘટ ખાતુ

106 દેશીનામાં પધ્ધતિમાં સરવૈયામાં જમા બાજુ કયા ખાતાની બાકી સૌથી પહેલા દર્શાવાય છે.

(A) શ્રી ભંડોળ ખાતુ (B) શ્રી પુરાંત જણસે

(C) શ્રી પુરાંત બાકી (D) શ્રી બેન્ક ખાતુ

107 કારતક સુદ પુનમને શું કહેવાય છે ?

(A) વસંત પંચમી (B) દેવ દિવાળી

(C) નાગપાંચમ (D) સામાપાંચમ

108 દેશીનામુ કઈ ભાષામાં લખાય છે ?

(A) પ્રાદેશિક (B) ગુજરાતી

(C) હિન્દી (D) અંગ્રેજી

109 શરાફો કયો ચોપડો રાખે છે ?

(A) વ્યાજવહી (B) કબાલાવહી

(C) જણસવહી (D) આંકડાવહી

110 કોઈ કારણસર વ્યક્તિનું નામ ભુલાઈ ગયું હોય ત્યારે વ્યવહારની નોંધ કયા ખાતે થાય છે ?

(A) તસલમાત ખાતે (B) શાહ ખાતે

(C) હથ્થુ ખાતે (D) દેશાવર ખાતે

111 કયા મેળને ઠામમેળ તરીકે ઓળખવામાં આવે છે ?

(A) રોજમેળ (B) જમાખર્ચી મેળ

(C) બેઠો મેળ (D) દાગીના મેળ

112 નીચેના પૈકી કયુ ખાતુ કાચુ ખાતું નથી ?

(A) ઘરખર્ચ ખાતુ (B) પગાર ખાતુ

(C) વકરા ખાતુ (D) કમિશન ખાતુ

113 દેશીનામા પધ્ધતિને બીજા કયા નામતથી ઓળખાય ?

(A) આંકડા વહી (B) એક નોંધી નામા પધ્ધતિ

(C) સુધાવહી (D) વહીખાતા પધ્ધતિ

114 દેશીનામામાં નીચેનામાંથી કયું ખાતુ બનાવાતું નથી.

(A) બેન્ક ખાતુ (B) સિલક વધઘટ ખાતુ

(C) ઉપલક ખાતુ (D) રોકડ ખાતુ

115 દેશીનામાનો પ્રાથમિક ચોપડો કયો છે ?

(A) કાચી નોંધ (B) રોજમેળ

(C) આવરો (D) સુધારાવહી

116 એક પત્રક દેશી નામા પધ્ધતિના દરેક ખાતાની બાકીના આધારે વેપારી તૈયારી કરે છે. આ પત્રકને શું કહે છે ?

(A) ઉતારો (B) કબાલાવહી

(C) ઠામમેળ (D) ખાતાવહી

117 અચડમેળ કયા નામથી ઓળખાય છે ?

(A) અડધિયા મેળ (B) રોજમેળ

(C) બેઠો મેળ (D) જમાખર્ચી મેળ

118 સરવૈયામાં કયા ખાતાં દર્શાવાય છે ?

(A) કાચાં ખાતા (B) પાકાં ખાતા

(C) માલ ખાતા (D) ખર્ચ ખાતા

119 મહત્વના કરારની વિગતવાર નોંધ રાખવા કઈ વહી રખાય છે ?

(A) કરાર વહી (B) કબાલાવહી

(C) હૂંડી વહી (D) આવરો

120 દેશીનામામાં વર્ષાન્તે કયા ખાતા બંધ કરાય છે ?

(A) કાચા ખાતા (B) પાકા ખાતા

(C) મિલકત ખાતા (D) વ્યક્તિ ખાતા

121 કયુ ખાતુ દ્વિનોંધી નામા પધ્ધતિના ઉપલક ખાતાં જેવું છે ?

(A) તસલમાત ખાતુ (B) વટાવ ખાતુ

(C) દેશાવર ખાતુ (D) હથ્થુ ખાતુ

122 દેશીનામા મુજબ પાકા ખાતા કયા છે ?

(A) માલ ખાતા (B) ઉપજનાં ખાતા

(C) ખર્ચ ખાતા (D) મિલકતના ખાતા

123 કોઈ કારણસર વ્યક્તિનું નામ ભુલાઈ ગયું હોય ત્યારે લેવડ-દેવડ કયા ખાતે નોંધાય છે ?

(A) શ્રી તસલમાત ખાતે (B) શ્રી શાહ ખાતે

(C) શ્રી હથ્થુ ખાતે (D) શ્રી દેશાવર ખાતે

124 વાયદાની સોદાઓની વિગત નોંધવા કયો ચોપડો રાખવામાં આવે છે ?

(A) વ્યાજવહી (B) કબાલાવહી

(C) જણસવહી (D) આંકડાવહી

125 દેશીનામા પધ્ધતિમાં દરેક ખાતાની બાકીના આધારે વેપારી પત્રક તૈયાર કરે તેને શું કહેવાય ?

(A) ખાતાવહી (B) ઠામમેળ

(C) કબાલાવહી (D) ઉતારો

126 સરવૈયાની જમા-ઉધાર બાજુના તફાવતને શું કહેશો ?

(A) શ્રી પુરાંત બાકી (B) શ્રી પુરાંત જણશે

(C) આખરની બેન્ક બાકી (D) આખર સ્ટોક

127 દેશીનામામાં હવાલાને નોંધવા શું રખાય છે ?

(A) ઠામમેળ (B) રોજમેળ

(C) બેઠોમેળા (D) હવાલા મેળ

128 દેશીનામામાં સરવૈયાનું સ્વરૂપ કોના જેવું છે ?

(A) દાગીના મેળ (B) જમા નોંધ

(C) ઉધાર નોંધ (D) ઉતારો

129 સરવૈયામાં કયા ખાતાં દર્શાવાય છે ?

(A) પાકા ખાતા (B) કાચાં ખાતા

(C) માલ ખાતા (D) ખર્ચ ખાતા

130 હવાલામેળ બીજા કયા નામથી ઓળખાય છે ?

(A) માંડછોડ મેળ (B) ઠામમેળ

(C) રોજમેળ (D) બેઠોમેળ

131 દેશીનામા પધ્ધતિ .... તરીકે પણ ઓળખાય છે ?

(A) સીંગલ એન્ટ્રી (B) વહી ખાતા

(C) બેઠો મેળ (D) જમા નોંધ

132 કયા ચોપડાને ઠામમેળ તરીકે ઓળખાય છે ?

(A) રોજમેળ (B) બેઠોમેળ

(C) આતરો (D) જમા નોંધ

133 હવાલા મેળ વર્ષાન્તે કયા ચોપડાના છેલ્લા પાનાં પર લખાય છે ?

(A) કરાર નોંધ (B) કબાલા વહી

(C) રોજમેળ (D) ઉધારવહી

•••

## વિભાગ - B

( 1 ) ભાગીદારીની વ્યાખ્યા જણાવો.

( 2 ) સ્થિરમૂડી ખાતાની પધ્ધતિ કોને કહેવાય ?

( 3 ) ભાગીદારે પેઢીને આપેલ લોન પર વ્યાજ ભાગીદારી કરારમાં નક્કી ન હોય તો શું કરવું જોઈએ ?

( 4 ) ભાગીદારી કરારનામું એટલે શું ?

( 5 ) કઈ પધ્ધતિમાં ભાગીદારોના મૂડી ખાતા અને ચાલુ ખાતા બંને તૈયાર કરવામાં આવે છે ?

( 6 ) વર્ષાન્તે ભાગીદારનું ઉપાડખાતુ બંધ કરવાની નોંધ આપો.

( 7 ) ભાગીદારના ઉપાડનું વ્યાજ નફા-નુકશાન ફાળવણી ખાતામાં કઈ બાજુ નોંધાય છે ?

( 8 ) ભાગીદારી કરાર લેખિત ન હોય તો ભાગીદારો નફો-નુકશાન કયા પ્રમાણમાં વહેંચશે ?

( 9 ) બેન્કિંગ વ્યવસાય કરતી ભાગીદારી પેઢીમાં ભાગીદારોની સંખ્યા વધુમાં વધુ કેટલી હોય ?

( 10 ) ભાગીદારી કરારનામું તૈયાર કરવાનો હેતુ જણાવો.

( 11 ) સ્થિર મૂડી ખાતાની પધ્ધતિમાં મૂડી પરનું વ્યાજ કયા ખાતે જમા થશે ?

( 12 ) ભાગીદારી કરારમાં ઉલ્લેખ ના હોય તો સક્રિય ભાગીદારને મહેનતાણું આપી શકાય ?

( 13 ) ભાગીદારી કરાર કેવો રાખવો હિતાવહ છે ?

( 14 ) ભાગીદારી દસ્તાવેજ એટલે શું ?

( 15 ) મૂડી ખાતા અને ચાલુ ખાતાની કઈ બાકી હોય છે ?

( 16 ) જ્યારે મૂડી ખાતા કાયમી રાખવામાં આવતાં હોય ત્યારે મૂડી પર વ્યાજ કયા ખાતે જમા થાય છે ?

( 17 ) પૂનઃ મૂલ્યાંકન ખાતાનું બીજું નામ શું છે ?

( 18 ) ધંધો ઈજારાયુક્ત હોય તો પાઘડીની કિંમત કેવી હોય છે ?

( 19 ) પૂનઃ મૂલ્યાંકન ખાતાની જમા બાકી એટલે શું ?

( 20 ) ભાગીદારીનું પુનર્ગઠન એટલે શું ?

( 21 ) ભાગીદારના પુનર્ગઠનમાં ત્યાગનું સૂત્ર લખો.

( 22 ) ભાગીદારી પૂનર્ગઠનના બે કારણો જણાવો.

( 23 ) ચાલુ ભાગીદારો વચ્ચે નફા નફા-નુકશાન વહેંચણીના પ્રમાણમાં ફેરફાર કરવાના બે કારણો જણાવો.

( 24 ) લાભનું પ્રમાણ એટલે શું ?

( 25 ) એકત્રિત થયેલ ખોટની રકમની વહેંચણી કરવા માટેની આમનોંધ આપો.

( 26 ) કઈ અનામતો ભાગીદારીને વહેંચણીપાત્ર નથી.

( 27 ) પુનર્ગઠન વખતે જો કોઈ દેવાંની રકમમાં ઘટાડો કરવાનો હોય તો તેની શું નોંધ થશે ?

( 28 ) પુનઃ મૂલ્યાંકન બાદ ભાગીદારોના મૂડી ખાતા શા માટે તૈયાર કરવામાં આવે છે ?

( 29 ) અધિક નફાની અમુક વર્ષની ખરીદ પધ્ધતિમાં કઈ બાબતો ધ્યાનમાં લેવાય છે ?

( 30 ) પાઘડીના મૂલ્યાંકનને અસર કરતાં બે પરિબળો જણાવો.

( 31 ) સરેરાશ નફાને મૂડીકૃત કરવાની રીતમાં પાઘડીનું મૂલ્યાંકન કરતાં કઈ બાબતો ધ્યાનમાં લેવાય છે ?

( 32 ) ધંધામાં નફાનું પ્રમાણ ઓછું હોય તો પાઘડીની કિંમત કેવી હોય છે ?

( 33 ) ઈજારાની સ્થિતિમાં પાઘડીનું મૂલ્ય કેવું હોય છે ?

( 34 ) ધંધામાં તીવ્ર હરીફાઈ હોય ત્યારે પાઘડીની કિંમત કેવી હોય છે ?

( 35 ) ધંધામાં જોખમનું તત્વ વધુ હોય ત્યાં પાઘડીની કિંમત કેવી હોય છે ?

( 36 ) અધિક નફાનું સૂત્ર આપો.

( 37 ) ભારિત સરેરાશ નફાનું સૂત્ર આપો.

( 38 ) પાઘડીના મૂલ્યાંકનની મનસ્વી પધ્ધતિ એટલે શું ?

( 39 ) પાઘડીનું મૂલ્ય નક્કી કરવાની સાદી સરેરાશ પધ્ધતિની ખામીઓ જણાવો.

( 40 ) નવો ભાગીદાર મૂડી પેટે રકમ શા માટે લાવે છે ?

( 41 ) કઈ પેઢી પાઘડી ધરાવી શકે ?

( 42 ) ભારિત સરેરાશ નફાની અમુક વર્ષની ખરીદીની પધ્ધતિની ખામી જણાવો.

( 43 ) પાઘડીના મૂલ્યનો આધાર કોના પર છે ?

( 44 ) નફાના વલણને ધ્યાનમાં લેવા પાઘડીના મૂલ્યાંકનની કઈ રીત ઉપયોગી છે ?

( 45 ) સરેરાશ નફો શોધવાનું સૂત્ર આપો

( 46 ) પાઘડી એટલે શું ?

( 47 ) વ્યક્તિગત કૌશલ્ય અને આવડત પાઘડી નક્કી કરવા માટે કઈ રીતે ઉપયોગી ગણાય ?

( 48 ) મૂડીકૃત નફો એટલે શું ?

( 49 ) ભાગીદારી પેઢીનું વિસર્જન એટલે શું ?

( 50 ) નવો ભાગીદાર મૂડી પેટે રકમ શા માટે લાવે છે ?

( 51 ) માલ-મિલ્કત નિકાલખાતું શા માટે ખોલવામાં આવે છે ?

( 52 ) ભાગીદારી પેઢીના વિસર્જનની રીતો જણાવો.

( 53 ) કંઈ ચોક્કસ ઘટનાઓને લીધે ભાગીદારી પેઢીનું આપોઆપ વિસર્જન થાય છે ?

( 54 ) ભાગીદારી પેઢીના વિસર્જન સમયે ઉપજમાંથી સૌ પ્રથમ કયો ખર્ચ ચૂકવાય ?

( 55 ) કોઈપણ ભાગીદાર અદાલતને અરજી કરે, તો અદાલત પેઢીનું વિસર્જન કરવા હુકમ કરે તેવા કોઈપણ બે સંજોગો જણાવો.

( 56 ) પેઢીના વિસર્જન વખતે પાકા સરવૈયામાં દર્શાવેલ પ્રોવિડન્ટ ફંડનો નિકાલ કેવી રીતે કરશો ?

( 57 ) માલ-મિલ્કત નિકાલ ખાતાનું બીજું નામ આપો.

( 58 ) કારીગર અકસ્માત વળતર ભંડોળ માલ-મિલ્કત નિકાલ ખાતે લઈ જવાય કે ભાગીદારોના મૂડી ખાતે ?

( 59 ) ભાગીદારી પેઢીના વિસર્જન સમયે ભાગીદારે પેઢીને ધીરેલ લોન ક્યારે ચૂકવાય ?

( 60 ) ભાગીદારોની જવાબદારી કેવી છે ?

( 61 ) ચોપડે દર્શાવેલ પાઘડીની ઉપજ અંગે કોઈ સૂચના નથી, તો ચોપડે નોંધ થશે ?

( 62 ) કોઈ લેણદારને તેની લેણી રકમ સામે કોઈ મિલ્કત આપવામાં આવે, તો ચોપડે કોઈ નોંધ થશે ? જણાવો ?

( 63 ) મરજિયાત વિસર્જન ક્યારે થઈ શકે ?

( 64 ) અદાલત દ્વારા વિસર્જનના બે સંજોગો લખો.

( 65 ) ભાગીદારીનું વિસર્જન કોને કહેવાય ?

( 66 ) વિસર્જન વખતે ભાગીદારની પત્નીની લોન અંગે શું જોગવાઈ છે ?

( 67 ) શેર પર મંગાયેલી રકમ વસૂલ કરવાની બાકી હોય ત્યારે તેવી રકમ પર કંપની ધારાની જોગવાઈ અનુસાર વાર્ષિક કેટલા ટકા સુધીનું વ્યાજ કંપની વસૂલ કરી શકે છે ?

( 68 ) શેરમૂડીમાં ભરપાઈ થયેલ થાપણ એટલે શું ?

( 69 ) શેરમૂડીનું વર્ગીકરણ દર્શાવો.

( 70 ) SEBI નું આખુ નામ જણાવો.

( 71 ) શેર પ્રિમિયમની રકમ કંપની ક્યારે મંગાવી શકે ?

( 72 ) કંપનીની સ્થાપનાને આધારે તેના પ્રકારો લખો.

( 73 ) શેર જપ્તી ખાતાની બાકી ક્યા ખાતે લઈ જવાય છે ?

( 74 ) પાકા સરવૈયામાં શેર વટાવ ખાતાની બાકી ક્યાં દર્શાવશો ?

( 75 ) શેર એટલે શું ?

( 76 ) સત્તાવાર થાપણ બીજા ક્યા નામથી ઓળખાય છે ?

( 77 ) શેર પ્રિમિયમની રકમ કંપની ક્યારે મંગાવી શકે ?

( 78 ) કંપનીએ અરજદારો પાસેથી અરજી સાથે ઓછામાં ઓછી કેટલી રકમ મંગાવવી જોઈએ ?

( 79 ) કંપની ક્યા પ્રકારના શેરો વટાવથી બહાર પાડી શકે ?

( 80 ) શેર એ કેવી મિલકત છે ?

( 81 ) શેર પ્રીમિયમ ખાતુ અને શેર વટાવ ખાતુ કઈ બાકી દર્શાવે છે ?

( 82 ) રિડીમેબલ પ્રેફરન્સ શેર એટલે શું ?

( 83 ) બાકી હપ્તાની રકમ વાર્ષિક હિસાબોમાં ક્યાં દર્શાવાય છે ?

( 84 ) બાકી હપ્તાની રકમ પર કંપની, કંપની ધારા મુજબ કેટલા ટકા વ્યાજ વસૂલ કરી શકે છે ?

( 85 ) કંપની અને શેર હોલ્ડરો વચ્ચે સ્પષ્ટતા ન હોય તો અગાઉથી મળેલ હપ્તા પર વાર્ષિક કેટલું વ્યાજ ચૂકવવું પડે ?

( 86 ) પ્રિમીયમથી શેર ઈસ્યુ કરવા એટલે શું ?

( 87 ) શેર હોલ્ડર કોને કહેવાય ?

( 88 ) ખાનગી કંપની અને જાહેર કંપની વચ્ચે મુખ્ય તફાવત કયો ?

( 89 ) શેરનું વધુ ભરણું કોને કહે છે ?

( 90 ) મિલ્કત પરનો બોજ એટલે શું ?

( 91 ) ડિબેન્ચર એટલે શું ?

( 92 ) ડિબેન્ચર પ્રીમિયમની રકમનો ઉપયોગ ક્યાં થાય છે ?

( 93 ) ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતુ કંપનીના પાકા સરવૈયામાં કયા શીર્ષક હેઠળ દર્શાવાય છે ?

( 94 ) આનુષંગિક જામીનગીરી તરીકે બહાર પાડેલ ડિબેન્ચર કોને કહે છે ?

( 95 ) કન્વર્ટિબલ ડિબેન્ચર કોને કહે છે ?

( 96 ) કંપની બાકી હપ્તાવાળા ડિબેન્ચર જપ્ત કરી શકે ? શા માટે ?

( 97 ) કયા ડિબેન્ચર ચલણી નોટ જેવા છે ?

( 98 ) કયા પ્રકારના ડિબેન્ચરની સાથે કૂપનો આપવામાં આવે છે ?

( 99 ) દ્વિતીય બોજના ડિબેન્ચર કોને કહેવાય ?

( 100 ) ડિબેન્ચર બહાર પાડવા માટે સામાન્ય સભામાં ક્યારે ઠરાવ પસાર કરવો પડે ?

( 101 ) સાદા ડિબેન્ચર કોને કહે છે ?

( 102 ) ડિબેન્ચર પર મહત્તમ કેટલો વટાવ આપી શકાય ?

( 103 ) ડિબેન્ચર પ્રીમિયમની રકમનો ઉપયોગ ક્યાં થાય છે ?

( 104 ) રોકાણકારોની દૃષ્ટિએ સાદા ડિબેન્ચર કેવાં છે ?

( 105 ) ડિબેન્ચર મૂળ કિંમતે બહાર પાડતાં કઈ આમનોંધ થશે ?

( 106 ) ડિબેન્ચર પ્રીમિયમથી પરત કરી શકાય ?

( 107 ) શેર અને ડિબેન્ચર વચ્ચે મુખ્ય તફાવત કયો છે ?

( 108 ) શૂન્ય વ્યાજવાળા ડિબેન્ચર્સ એટલે શું ?

( 109 ) ડિબેન્ચર વટાવ માંડી વાળવા અંગે શુ કરશો ?

( 110 ) નાણાંકીય પત્રકો કોને કહે છે ?

( 111 ) બે કંપનીઓની તુલના કરવા માટે કયા પત્રકો ઉપયોગી છે ?

( 112 ) નાણાંકિય પત્રકોમાં મુખ્યત્વે કયા બે પત્રકોનો સમાવેશ થાય છે ?

( 113 ) નાણાકીય પત્રકોનું વિશ્લેષણ કોને કહે છે ?

( 114 ) કયા ખાતાને આવકના પત્રકના નામે ઓળખવામાં આવે છે ?

( 115 ) નાણાંકીય પત્રકો કયા નામે ઓળખાય છે ?

( 116 ) તુલનાત્મક પત્રકો કયા નામે ઓળખાય છે ?

( 117 ) તુલનાત્મક પત્રકો પરથી શું જાણી શકાય ?

( 118 ) તુલનાત્મક પત્રકોમાં તૂલના વખતે કઈ પધ્ધતિનો ઉપયોગ થાય છે ?

( 119 ) ક્યા પત્રકોને 100 ટકાના પત્રકો તરીકે ઓળખવામાં આવે છે ?

( 120 ) સંભવિત શેર હોલ્ડર્સ માટે નાણાંકીય પત્રકોના વિશ્લેષણનું મહત્વ શું છે ?

( 121 ) હરીફ વર્ગ કંપનીના હિસાબોના વિશ્લેષણ દ્વારા શું જાણવા ઈચ્છે છે ?

( 122 ) નાણાકીય પત્રકો ઈક્વિટી શેર હોલ્ડરોને કઈ રીતે ઉપયોગી છે ?

( 123 ) સામાન્ય માપના પત્રકો કઈ રીતે ઉપયોગી છે ?

( 124 ) પ્રકાશિત હિસાબોમાં કઈ વિગતો સમાવાય છે ?

( 125 ) તુલનાત્મક અભ્યાસ માટે પાકુ સરવૈયું કઈ રીતે ઉપયોગી છે ?

( 126 ) નાણાંકીય પત્રકોના વિશ્લેષણનું સરકાર માટે મહત્વ લખો.

( 127 ) સંચાલક વર્ગને નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ કઈ રીતે ઉપયોગી છે ?

( 128 ) દેવાદારોનો ઉથલો શોધવા માટે કયુ સૂત્ર ઉપયોગી છે ?

( 129 ) સ્ટોકચલન દર દ્વારા કઈ માહિતી મળે છે ?

( 130 ) કંપનીની લાંબાગાળાની સધ્ધરતા જાણવા ક્યાં ગુણોત્તરોનો ઉલ્લેખ થાય છે ?

( 131 ) પ્રવાહિતોના ગુણોત્તરોના નામ આપો.

( 132 ) માલિકી ગુણોત્તર શું દર્શાવે છે ?

( 133 ) નફાકારકતાના ગુણોત્તરો જણાવો.

( 134 ) ચોખ્ખી કાર્યશીલ મૂડી કોને કહે છે ?

( 135 ) સ્ટોકના ચલન દર દ્વારા કઈ માહિતી મળે છે ?

( 136 ) ચાલુ મિલ્કતોમાં કોનો કોનો સમાવેશ થાય છે ?

( 137 ) ચાલુ મિલ્કતના મુખ્ય ઘટકો જણાવો.

( 138 ) પાકા સરવૈયાના ગુણોત્તરો જણાવો.

( 139 ) હિસાબી ગુણોત્તરની વ્યાખ્યા આપો.

( 140 ) પ્રવાહી દેવામાં કોનો સમાવેશ થાય છે ?

( 141 ) નફા-નુકશાન ખાતાના ગુણોત્તરો એટલે શું ?

( 142 ) ટૂંકા-ગાળાની સધ્ધરતા જાણવા ક્યા ગુણોત્તરનો ઉપયોગ થાય છે ?

( 143 ) સંચાલન ખર્ચમાં કયા કયા ખર્ચનો સમાવેશ થાય છે ?

( 144 ) પ્રવાહિતાના ગુણોત્તરશું જાણવા ઉપયોગી છે ?

( 145 ) કુલ મિલ્કતો-દેવાંના ગુણોત્તરપરથી કઈ માહિતી મળે છે ?

( 146 ) ચાલુ ગુણોત્તર પરથી શુ જાણી શકાય ?

( 147 ) ચાલુ ગુણોત્તર સામાન્યતઃ કેટલો વાજબી ગણાય ?

( 148 ) પાનોત્રી કોને કહે છે ? તેના પરથી શું જાણી શકાય છે ?

( 149 ) બેઠોમેળ એટલે શું ? તે શા માટે તૈયાર કરવામાં આવે છે ?

( 150 ) દેશીનામામાં "ફાકું" મારવું એટલે શું ?

( 151 ) "કાંધુ કરી આપ્યું" એટલે શું ?

( 152 ) કાચી નોંધ બીજા કયા નામે ઓળખાય છે તે લખો.

( 153 ) કબાલાવહી કોણ અને શા માટે રાખવામાં આવે છે ?

( 154 ) ટિપ્પણ એટલે શું ?

( 155 ) વ્યાજવહી કોણ તૈયાર કરે છે ?

( 156 ) ઉધારનોંધમાં નહીં નોંધવામાં આવતા વ્યવહારોના નામ આપો.

( 157 ) ઉબળેક અને ઉપર ટપકે રકમનો તફાવત લખો.

( 158 ) દાગીના મેળમાં કઈ વિગતો દર્શાવવામાં આવે છે ?

( 159 ) દેશીનામા હિસાબી પધ્ધતિની કોઈપણ ચાર પેટા નોંધોના નામ લખો.

( 160 ) ઉપર ટપકે રકમની નોંધ ક્યાં થાય છે ?

( 161 ) કાચી ખાતાવહીના અન્ય નામો કયા છે ?

( 162 ) જાંગડ વ્યવહાર એટલે શું ? તેની નોંધ કયા ચોપડે થાય છે ?

( 163 ) દેશીનામા પધ્ધતિમાં વેચાણ પરતની રકમ રોકડમાં ચૂકવાય તો તે કઈ રીતે નોંધાશે ?

( 164 ) જમાનોંધમાં કયા વ્યવહારો નોંધાતા નથી ?

( 165 ) સાંકળિયું કોને કહે છે ? તેના પરથી શું જાણી શકાય ?

( 166 ) ખાતુ સરભર થવું ક્યારે ગણાય ?

( 167 ) ઉતારો એટલે શું ?

( 168 ) દેશીનામા પધ્ધતિમાં કયા વેપારીઓ વટાવખાતાની પધ્ધતિએ વાર્ષિક હિસાબો તૈયાર કરે છે ?

( 169 ) માંડછોડમેળ એટલે શું ?

( 170 ) વાયદામાં વેપારની નોંધ રાખવા માટે કયા પ્રકારની વ્યવસ્થા દેશીનામા પધ્ધતિમાં રાખી છે ?

( 171 ) ધાલખાધ અનામતની હવાલા નોંધ આપો.

( 172 ) તારીજ કોને કહેવાય ?

( 173 ) કાચાંખાતા અને પાકાખાતા એટલે શું ?

( 174 ) ભંડોળ પર વ્યાજની હવાલાનોંધ આપો.

•••

# વિભાગ - C

( 1 ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો (દરેકના ૨ ગુણ)

( 2 ) આકાશ, સાગર અને લોમેરા એક પેઢીના ભાગીદારો છે. તા. 1-4-06ના રોજની તેમની મૂડી અનુક્રમે રૂા. 80,000, રૂા. 70,000 અને રૂા. 1,50,000 હતી. વર્ષના અંતે નફાની વહેંચણી કર્યા પછી માલુમ પડયું કે મૂડી પર 8% લેખે વ્યાજ ગણવાનું રહી ગયું છે. ભૂલ સુધારણા નોંધ લખો.

( 3 ) A, B, C એક પેઢીના ભાગીદારો છે. તેઓની મૂડીનું પ્રમાણ 3:2:1 છે. ભાગીદાર 'C' ને તેનું કમીશન આપ્યા બાદ વધતાં ચોખ્ખા નફાના 6 % કમીશન આપવાનું છે. તા. 31-3-2005 ના રોજ પૂરાં થતાં વર્ષનો પેઢીનો નફો રૂા. 20988 હોય તો ભાગીદાર 'C' ને કુલ કેટલી રકમ મળશે.

( 4 ) સોમ, મંગળ અને બુધની ભાગીદારી પેઢીનો રૂા. ૨,10,000 નફો 1:૨:4 ના પ્રમાણમાં વહેંચવાને બદલે ભૂલથી સરખા પ્રમાણમાં વહેંચ્યો છે. આ ભૂલ સુધારવા ભૂલ સુધારણા નોંધ લખો.

( 5 ) અજય અને વિજય 3:૨ ના પ્રમાણમાં નફો નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓ પરેશને ૨0% ભાગ આપવાની શરતે ભાગીદાર બનાવે છે. નફા નુકશાન વહેંચણીનું નવું પ્રમાણ શોધો.

( 6 ) એક ભાગીદારીની છેવટની મૂડી રૂા. 60,000 છે જે નફો રૂા. 14000 અને ઉપાડ રૂા. 3000 ની અસર આપ્યા પછીની બાકી છે. મૂડી પર વાર્ષિક 10% વ્યાજ ગણો.

( 7 ) ચકો અને બકો એક પેઢીના ભાગીદારો છે તેઓની મૂડીનું પ્રમાણ 3:2 છે બકાને તેનું કમિશન બાદ કર્યા પછીના ચોખ્ખા નફા પર 10% કમિશન આપવાનું છે જો વર્ષના અંતે પેઢીનો નફો રૂા. 55,000 હોય તો બકાને કુલ કેટલી રકમ મળશે.

( 8 ) અ અને બ કરતા $2^1/_2$ ગણો નફો તથા "ક" ને બ નો 3/4 નફો મળે છે પેઢીનો કુલ નફો રૂા. 34000 હોય તો "ક" ને મળતો નફો શોધો.

( 9 ) પ્રિત, પ્રેમ, પ્રિતી 3:2:1 ના મૂડી પ્રમાણમાં ભાગીદારો છે. પેઢીનો રૂા. 60,000 નો નફો તેમને ભૂલથી 2:3:1 ના પ્રમાણમાં વહેંચ્યો છે તો ખોટી ફાળવણી માટે ભૂલ સુધારણા નોંધ લખો.

( 10 ) કિરણ અને રેખા એક પેઢીના ભાગીદારો છે. તેઓની મૂડીનું પ્રમાણ 5:4 છે. રેખાને તેનું કમિશન બાદ કર્યા પછીના વધતા ચોખ્ખા નફા પર 5% કમિશન આપવાનું છે. જો વર્ષના અંતે પેઢીનો નફો રૂા. 31,૨90 હોય તો રેખાને કુલ કેટલી રકમ મળશે.

( 11 ) મૌલિક અને દીપા એક પેઢીમાં ભાગીદારો છે તેમની વચ્ચે નફા નુકશાનની ફાળવણીનું પ્રમાણ 2:1 છે. તા. 31-3-07 ના રોજ પેઢીના ચોપડે નીચે પ્રમાણેની બાકીઓ છે : (1) નફા નુકશાન ખાતુ (ઉધાર બાકી) રૂા. 12,000 (2) કારીગર અકસ્માત વળતર ભંડોળ (જમા બાકી) રૂા. 6000 ઉપરની તારીખે મૌલિક અને દીપાએ તેમની વચ્ચેના નફા નુકશાન ફાળવણીનું નવું પ્રમાણ 3:2 નું નક્કી કર્યું. ભાગીદારી પેઢી ચોપડે એકત્રિત થયેલા નફા કે ખોટની વહેંચણી દર્શાવતી આમનોંધ લખો.

( 12 ) મેરી, મરીયમ અને મીરા એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચે નફા નુકશાનની ફાળવણીનું પ્રમાણ ૫:3:2 છે. તેઓનું નવું પ્રમાણ બદલીને 1:1:1 કરવાનું નક્કી કર્યું. ભાગીદારોએ કરેલ ત્યાગની ગણતરી દર્શાવો.

( 13 ) રામ, લક્ષ્મણ, ભરત એક ભાગીદારી પેઢીના 4:3:3 ના પ્રમાણમાં નફો નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓએ મળીને નફા નુકશાનની વહેંચણીનું નવું પ્રમાણ 3:2:1 નું નકકી કર્યું છે તો લાભનું પ્રમાણ શોધો.

( 14 ) ડિમ્પલ, જૈમિની અને રીના 2:1:2 ના પ્રમાણમાં ન.નું. વહેંચતા ભાગીદારો છે. તેઓએ નફા નુકશાન વહેંચણીનું નવું પ્રમાણ 3:1:2 નકકી કર્યું તેઓનું ત્યાગનું પ્રમાણ શોધો.

( 15 ) જો ભાગીદારીના પુનઃર્ગઠન સમયે મકાનની કિંમતમાં રૂા. 12000 વધારો ફર્નિચર કિંમતમાં રૂા. 5000 નો ઘટાડો અને ચોપડે નહિ નોંધેલ મિલ્કત રૂા. 3000 ની હોય તો પુનઃ મૂલ્યાંકન ખાતા મુજબના નફા કે ખોટની રકમ નક્કી કરો.

( 16 ) કપિલ અને સુનિલ એક પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચે નફા નુકશાન ફાળવણીનું પ્રમાણ 8:6 છે. તા. 31-3-06 ના રોજની પેઢીની ચોપડે બાકીઓ નીચે મુજબ છે : (1) અનામત ભંડોળ (જમા બાકી) રૂા. 14000 (2) કા. નફા ભાગ ભંડોળ (જમા બાકી) રૂા. 35000 (3) નફા નુકશાન ખાતુ (ઉધાર બાકી) રૂા. 42000. ભાગીદારી પેઢીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

( 17 ) સીતા, ગીતા અને રીટા 5:3:2 ના પ્રમાણમાં નફો નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓએ નફા નુકશાન નું નવું પ્રમાણ બદલીને 2:2:1 કરવાનું નક્કી કર્યું છે. ભાગીદારોએ કરેલ ત્યાગની ગપતરી દર્શાવો.

( 18 ) લાભ અને શુભ 2:4 ના મૂડી પ્રમાણના ભાગીદારો છે. લાભને આવા કમીશન બાદના ચોખ્ખા નફામાંથી ૫% કમિશન આપવાનું છે. જો પેઢીનો નફો રૂા. 62,580 થયો હોય તો લાભની કુલ આવક શોધો.

( 19 ) પેઢીના વિસર્જન વખતે પાકા સરવૈયામાં દર્શાવેલી નીચેની બાકીઓનો નિકાલ કેવી રીતે કરશો. (1) નફા નુકશાન ની જમા બાકી (૨) રોકાણ વધઘટ ભંડોળ

( 20 ) નીચેના વ્યવહારોની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો : (1) ચોપડે પાઘડી બતાવેલ નથી પરંતુ વિસર્જન વખતે તેના વેચાણના રૂા. 20,000 ઉપજયા (2) એક ભાગીદાર તેના શ્રીમતીજીની (પેઢીને આપેલ) લોન રૂા. 20,000 ચુકવવાનું સ્વીકારે છે.

( 21 ) પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો : (1) આવક વેરાની જવાબદારી રૂા. 10000ની ચુકવવાની થઈ છે જે ચોપડે નોંધેલ નથી. (2) ચોપડે મોટર રૂા. 1,00,000 છે જે એક ભાગીદાર રૂા. 60,000 માં લઈ જાય છે.
અથવા (1) રોકાણ વધઘટ ભંડોળ (2) પ્રોવિડંડ ફંડ

( 22 ) પેઢીનું વિંસર્જન કરવા અદાલત કેવા સંજોગોમાં હુકમ કરી શકે (કોઈપણ ચાર)

( 23 ) ભાગીદારોની અમર્યાદિત જવાબદારી સમજાવો

( 24 ) A અને B ની ભાગીદારી પેઢીના વિસર્જનની કાર્યવાહી કરવાની જવાબદારી A સ્વીકારે છે. બદલામાં તેને મહેનતાણા તરીકે પેઢીએ રૂા. 15000 ચૂકવવાનું નકકી કર્યું છે. પેઢીએ ખર્ચ પેટે રૂા. 5000 ચૂકવ્યા જરૂરી આમ નોંધ લખો.

( 25 ) પેઢીના વિસર્જન વખતે પા - સ ની નીચેની બાકીઓનો નિકાલ કેવી રીતે કરશો (1) નફા નુકશાનની ઉધાર બાકી (2) કારીગર નફા ભાગ ભંડોળ (3) ચોપડે પાઘડી રૂા. 30000 બતાવેલ છે (4) એક ભાગીદાર પત્નીની લોન રૂા. 50000 ચૂકવવાનું સ્વીકારે છે.

( 26 ) વિસર્જન વખતે નીચેની પેઢીના ચોપડે શું આમનોંધ થાય. (1) મિલ્કત ખાતા બંધ કરવા (2) સામાન્ય અનામતની વહેંચણી.

( 27 ) અદિતિ લીમીટેડે તા. 1-4-06 ના રોજ દરેક રૂા. 100 નો એક એવા 8% ના 4000 ડિબેન્ચર્સ ૫% વટાવે બહાર પાડયા. કંપનીનું હિસાબી વર્ષ 31મી માર્ચના રોજ પુરૂં થાય છે. કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડવાની આમનોંધ લખો.

( 28 ) ડિબેન્ચરનો વટાવ માંડી વાળવાની જુદી જુદી પધ્ધતિઓ જણાવો.

( 29 ) એન.એ.પી. લીમીટેડે તા. 1-1-2006 ના રોજ રૂા. 100 નો એવા 10% ના 60000 ડિબેન્ચરો 5% વટાવે બહાર પાડયા જે ૫% ના પ્રિમિયમે પાંચ વર્ષ બાદ પરત કર્યા. કંપનીનું હિસાબી વર્ષ કેલેન્ડર્સ વર્ષ છે. કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડવાની નોંધ લખો.

( 30 ) ચૂકવણીના ક્રમના આધારે ડિબેન્ચરના પ્રકારો જણાવો.

( 31 ) કંપનીના ચોપડે જામીનગીરી તરીકે બેન્કને ડિબેન્ચર આપતા નોધ કરવી હોય તો કઈ નોંધ થશે.

( 32 ) "એ" લીમીટેડ તા. 1-4-2007 ના રોજ દરેક રૂા. 100 નો એક એવા 9% ના 10000 ડિબેન્ચર્સ 10 ટકાના વટાવે બહાર પાડયા. કંપનીનું હિસાબી વર્ષ 31મી માર્ચના રોજ પુરૂં થાય છે. કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડવાની આમનોંધ લખો.

( 33 ) જામીનગીરીના આધારે ડિબેન્ચર ના પ્રકાર જણાવો.

( 34 ) એવરરેડી લીમીટેડે તા. 1-1-2004ના રોજ રૂા. 100 નો એક એવા 10% ના 30000 ડિબેન્ચરો 5% ના વટાવે બહાર પાડંયા જે 5% ના પ્રિમિયમે પાંચ વર્ષ બાદ પરત કર્યા. હિસાબી વર્ષ કેલેન્ડર વર્ષ છે. કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડવાની આમનોંધ લખો.

( 35 ) દુર્ગા લીમીટેડે રૂા.100 નો એક એવા 8% ના 6000 ડિબેન્ચર, ડિબેન્ચર દીઠ રૂા.10 ના પ્રિમિંયમે બહાર પાડયા. બધા ડિબેન્ચર પર પૂરેપુરી રકમ મંગાવવામાં આવી જે મળી ગઈ. કંપનીના ચોપડે આમનોંધ લખો.

( 36 ) નાણાકીય પત્રકોના વિશ્લેષણના ચાર હેતુઓ જણાવો.

( 37 ) સામાન્ય માપના પત્રકો પરથી શું શોધવામાં આવે છે.

( 38 ) નાણાકીય પત્રકોનું વિશ્લેષણનું મહત્વ સરકાર અને સંચાલકની દ્રષ્ટિએ સ્પષ્ટ કરો.

( 39 ) નાણાકીય પત્રકોની મર્યાદાઓ જણાવો. (કોઈપણ ચાર)

( 40 ) નાણાકીય પત્રકોની ફુગાવાની પરિસ્થિતિએ મર્યાદા જણાવો.

( 41 ) સોહમ લીમીટેડના ચોપડે લેણદારો રૂા.65000 અને દેવીહુંડી ખાતે વર્ષના અંતે બાકી રૂા. 7000 છે. શાખ પર ખરીદીની રકમ વર્ષ દરમ્યાન રૂા. 450000 છે. વર્ષની કામગીરીના દિવસો 300 છે. લેણદારોનો ગુણોત્તમ શોધો.

( 42 ) વડોદરા લી.ના ચોપડે વેપાર ખાતમાં શ.સ્ટોક, ખરીદી અને આ.સ્ટોકની રકમ અનુક્રમે રૂા. 50,000 રૂા. 4,70,000 અને રૂા. 1,20,000 આપેલી છે. જો વેચાણની કુલ રકમ રૂા. 5,00,000 આપી હોય તો કાચા નફાનો ગુણોત્તર શોધો.

( 43 ) એમ લી.ના ચોપડે ખાતામાં શરૂનો સ્ટોક રૂા. 130000 આખર સ્ટોક રૂા. 90000 વર્ષ દરમ્યાન ખરીદી 1035000 અને ખરીદીના ખર્ચ રૂા. 25000 છે તો સ્ટોકનો ગુણોત્તર શોધો.

( 44 ) રવિ લી. ચોપડે એક હિસાબી વર્ષના અંતે વેચાણ રૂા.7,00,000 છે. શરૂ અને આખરનો સ્ટોક અનુક્રમે રૂા. 4,00,000 અને રૂા. 1,80,000 છે. કાચો નફો રૂા. 1,20,000 છે તો સ્ટોકનો ગુણોત્તર શોધો.

( 45 ) જોડકા બનાવો :

( 46 ) ગુણોત્તર — હેતુ

| | ગુણોત્તર | | હેતુ |
|---|---|---|---|
| (1) | પ્રવાહી ગુણોત્તર | (1) | કાર્યક્ષમતા માપવાનો |
| (2) | સંચાલન ગુણોત્તર | (2) | લાંબાગાળાની સધ્ધરતા માપવાનો |
| (3) | દેવા-ઈકિવીટી ગુણોત્તર | (3) | નફાકારકતા માપવાનો |
| (4) | ચો. નફાનો ગુણોત્તર | (4) | તરલતા માપવાનો |

( 46 ) ટી લી. ના ચોપડે દેવાદારો રૂા. 2,19,000 છે. વર્ષ દરમ્યાન ઉધાર વેચાણ રૂા. 10,95,000 છે તો દેવાદાર નો ગુણોત્તર શોધો.

( 47 ) નીચેની માહિતી પરથી સંચાલનનો ગુણોત્તર શોધો. સંચાલન ખર્ચ રૂા. 79,000 વેચાણ માલની પડતર રૂા. 5,10,000 વેચાણ રૂા. 8,50,000

( 48 ) પાદરા લી. ના ચોપડે વેચાણ રૂા. 6,50,000 છે. કાચો નફો રૂા. 1,40,000 છે. શરૂનો સ્ટોક 80,000 છે. આખર સ્ટોક રૂા. 1,60,000 છે. સ્ટોક ઉથલાનો દર ગણો.

( 49 ) ઓમ લીમીટેડના ચોપડે દેવાદારો રૂા.1,00,000 અને લેણીહૂંડી રૂા. 20,000 દર્શાવેલી છે. કુલ વેચાણ રૂા. 8,03,000 છે. રોકડ વેચાણ અને ઉધાર વેચાણનું પ્રમાણ 1:10 છે. તો દેવાદારોનો ગુણોત્તર શોધો.

( 50 ) પી. લીમીટેડના ચોપડે વેપાર ખાતામાં શરૂનો સ્ટોક, ખરીદી અને આખરનો સ્ટોકની રકમ અનુક્રમે રૂા.2,90,000, રૂા.1,00,000 અને રૂા. 2,40,000 આપેલ છે. જો વેચાણ ની કુલ રકમ રૂા. 10,00,000 આપી હોય તો કાચા નફાનો ગુણોત્તર શોધો.

( 51 ) વેચેલ માલની પડતર રૂા. 4,17,600 કાચો નફો રૂા. 2,30,000 ચો. નફો રૂા. 1,10,000 વેચાણ રૂા. 6,40,000 છે તો સંચાલનનો ગુણોત્તર શોધો.

( 52 ) માલિકીના ભંડોળમાં અને વાસ્તવિક મિલ્કતોમાં કોનો કોનો સમાવેશ કરવામાં આવે છે.

( 53 ) નડીયાદ લી. ચોપડે લેણદારો રૂા. 75000 અને દેવીહડી ખાતે વર્ષના અંતે બાકી રૂા. 25000 શાખ પર ખરીદીની રકમ વર્ષ દરમ્યાન રૂા. 7,20,000 છે. વર્ષની કામગીરીના દિવસો 300 છે. લેણદારનો ગુણોત્તર શોધો.

( 54 ) એક કંપનીના ચોપડે ન.નુકશાન ખાતામાં વહિવટી ખર્ચ, વેચાણ-વિતરણ ખર્ચ, નાણાંકિય ખર્ચાની કુલ રકમ રૂા. 1,50,000 આપેલી છે. તથા મકાન વેચતા નુકશાન રૂા. 10,000 છે. આ ખર્ચ અને ન.નુકશાનની રકમ બાદ કર્યા પછી ચો.નફો રૂા. 80,000 આપવામાં આવ્યો છે. જો વેચાણની રકમ રૂા. 11,25,000 હોય તો ચો.નફા.નો ગુણોત્તર શોધો.

( 55 ) સ્ટોકનો ગુણોત્તર શોધો. કુલ વેચાણ રૂા. 3,60,000 શરૂનો સ્ટોક રૂા. 30,000 કાચો નફો રૂા.1,60,000 આખરનો સ્ટોક રૂા.10,000

( 56 ) પી લીમીટેડના ચોપડે એક હિસાબી વર્ષના અંતે કાચો નફો રૂા.5,00,000 છે. વેચાણ કિંમતમાં રોકડ વેચાણ રૂા. 7,00,000 છે. ઉધાર વેચાણ રૂા. 8,00,000 છે. તો કાચા નફાનો ગુણોત્તર શોધો.

( 57 ) એ, બી અને સી એક પેઢીના ભાગીદારો છે. તા. 1-4-2006 ની તેમની મૂડી અનુક્રમે રૂા. 1,60,000, રૂા. 1,40,000 અને રૂા. 3,00,000 હતી. વર્ષના અંતે નફાની વહેંચણી કર્યા પછી માલુમ પડયું કે મૂડી પર 8 ટકા લેખે વ્યાજ ગણવાનું રહી ગયું છે. ભુલ સુધારણા આમનોંધ લખો.

( 58 ) કનુ, મનુ, છનુ એક પેઢીના ભાગીદારો છે. તેઓની મુડીનું પ્રમાણ 3:2:1 છે. ભાગીદાર છનુને તેનું કમીશન આપ્યા બાદ વધતા ચોખ્ખા નફાના 6 ટકા કમીશન આપવાનું છે. તા. 31-3-05 ના રોજ પુરાં થતાં વર્ષનો પેઢીનો નફો રૂા. 41,976 હોય તો છનુને કેટલી રકમ મળે.

( 59 ) હર્ષ, હર્નિશ અને હેતલ એક પેઢીના ભાગીદારો છે. હેતલને હર્નિશના હિસ્સાનો પાંચમો ભાગ અને હર્ષને હેતલના હિસ્સાનો બમણો ભાગ મળે છે. જો વર્ષના અંતે પેઢીનો કુલ નફો રૂા. 96,000 થયો હોય તો હર્ષનો નફામાં ભાગ નક્કી કરો.

( 60 ) અમિતની આખરની મુડી રૂા. 28,000 છે. ઉપાડના ૫00 તથા નફાના રૂા. 750 ની અસર આપેલી છે. તો મુડી પર 5 ટકા દરે વ્યાજ કેટલું થાય.

( 61 ) માયાવતીના હિસાબનીશે મેનેજરને તેનું કમીશન બાદ જતાં ચોખ્ખા નફાના 10 ટકા કમીશન આપવાની ગણત્રી કરી તો તે રકમ રૂા. 18,986 આવી પરંતુ નફો ગણતી વખતે ઘાલખાદ્યની રકમ ભૂલથી રૂા. 2,420 વધુ ગણાઈ હતી. તેણે તે મુજબ હિસાબ સુધાર્યા તો (1) હવે મેનેજરને કેટલી રકમ કમીશન તરીકે મળવાપાત્ર થાય (2) 2/5 નફો મેળવતાં ભાગીદાર શ્રી શ્યામને નફામાંથી કેટલી રકમ મળશે.

( 62 ) ડિમ્પલને મિત્તલના હિસ્સાનો ત્રીજો ભાગ ખને એકતાને નિતીલના હિસ્સાનો અડધો ભાગ મળે છે. વર્ષના અંતે પેઢીનો નફો રૂા. 66,000 થયો હોય તો દરેક ભાગીદારને મળતા નફાની રકમ શોધો.

( 63 ) ભાગીદારના પુનર્ગઠન સમયે ભાગીદારી પેઢીના અનામત ભંડોળ કે એકત્રિત નફાની રકમની વહેંચણી અંગેની આમનોંધ આપો.

( 64 ) પેઢીના વિસર્જનના સંજોગો જણાવો.

( 65 ) રોહિત, રમેશ અને રાજેશ એક પેઢીના ભાગીદારો છે. તેઓનું ન.નું.ની ફાળવણીનું પ્રમાણ 4:3:3 છે. ન.નું. પ્રમાણ બદલીને 12:5:3 કર્યું છે. તો લાભ અને ત્યાગની ગણત્રી કરો.

( 66 ) એ, બી અને સી એક પેઢીના ભાગીદારો છે તેમનું નફા-નુકશાનનું પ્રમાણ સરખું છે. બધાજ ભાગીદારોએ ન.નું. પ્રમાણ બદલીને ભવિષ્ય માટે 3:2:1 રાખવાનું નક્કી કર્યું તો કયા ભાગીદારને કેટલો લાભ મળ્યો હશે તે શોધો.

( 67 ) પેઢીના વિસર્જન સમયે લેણદારો રૂા.60,000 છે. લેણદારો પૈકી 20 ટકા લેણદારોને ચોપડે નહિં નોંધાયેલ રોકાણો રૂા. 3000 ના આપ્યા અને બાકીની રોકડ ચૂકવી બાકીના લેણદારોને 20 ટકા વટાવે રકમ ચૂકવી આપી આમનોંધ લખો.

( 68 ) નીચેના વ્યવહારોની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો : (1) આવક વેરાની જવાબદારી રૂા.10,000 ચુકવવાની થઈ જે ચોપડે નોંધેલ નથી. (2) પેઢીના વિસર્જન વખતે ચોપડે દર્શાવેલ રૂા. 20,000નું ફર્નિચર એક ભાગીદાર રૂા. 15000 માં લઈ જાય છે.

( 69 ) એ, બી અને સી એક પેઢીના ભાગીદારો છે. જેમનું ન.નું. પ્રમાણ 1:2:2 છે. તેઓ ન.નું. નું પ્રમાણ બદલીને 3:2:1 કરવાનું નક્કી કર્યું. તા. 31-3-05ના રોજ તેમની પેઢીના ચોપડે નીચે મુજબની બાકીઓ હતી. અનામત ભંડોળ રૂા.4000 કારીગર વળતર ભંડોળ રૂા. 50000 કારીગર નફા ભાગ ભંડોળ રૂા. 20000 પેઢીના ચોપડે આમનોંધ લખો.

( 70 ) પેઢીના વિસર્વન વખતે રૂા. 35000 નું એક યંત્ર પેઢીના ચોપડે હતું. આ વાહન ભાગીદાર રામ 15 ટકા ઓછી કિંમતે લઈ ગયા. આ અંગે પેઢીના ચોપડે શું નોંધ થશે.

( 71 ) ભાગીદારી પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દર્શાવેલ મકાન રૂા. 1,00,000 અને યંત્રો રૂા. 6,00,000 ના અનુક્રમે રૂા. 1,40,000 અને રૂા. 40,000 ઉપજયા જરૂરી આમ નોંધ લખો.

( 72 ) નીચેના વ્યવહારોની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો : (1) એક ભાગીદાર તેના શ્રીમતીજીની (પેઢીને આપેલ લોન) લોન રૂા. 40000 ચુકવવાનું સ્વીકારે છે. (2) આવકવેરાની જવાબદારી રૂા. 20000 ચુકવવાની થઈ જે ચોપડે નોંધેલ નથી.

( 73 ) ડિબેન્ચર વટાવથી બહાર પાડી પ્રિમીયમથી પરત કરવાના હોય ત્યારે થતી આમનોંધ જણાવો.

( 74 ) સહજાનંદ લીમીટેડ તા. 1-4-2007ના રોજ દરેક રૂા. 100 નો એક એવા 12.5 ટકા ના 10,000 ડિબેન્ચર 5 ટકાના વટાવે બહાર પાડયા. કંપનીનું હિસાબી વર્ષ 31મી માર્ચના રોજ પુરૂં થાય છે. કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડયાની નોંધ લખો.

( 75 ) ડિબેન્ચર પરત પ્રિમિયમ ખાતુ - ડિબેન્ચર વટાવ ખાતુ આ ખાતાની બાકીઓ પા-સ. કયાં દર્શાવશો.

( 76 ) એ, બી અને સી લી. તા. 1-4-04 ના રોજ રૂા. 100 નો એક એવા 10 ટકા ના 15000 ડિબેન્ચર 5 ટકાના વટાવે બહાર પાડયા જે 5 ટકા પ્રિમીયમે પાંચ વર્ષ બાદ પરત કર્યા હિસાબી વર્ષ કેલેન્ડર હોય તો કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડવાની નોંધ લખો.

( 77 ) ડિબેન્ચર બહાર પાડવાની વિધિના ચાર મુદ્દા જણાવો.

( 78 ) તફાવત આપો. શેર અને ડિબેન્ચર

( 79 ) નાણાંકિય પત્રકોની કોઈપણ ચાર ઉપયોગીતા જણાવો.

( 80 ) નુતન લીમીટેડના ચોપડે લેણદારો રૂા. 85,000 દેવીહુડી ખાતે વર્ષના અંતે બાકી 10000 છે. શાખ પર ખરીદીની રકમ વર્ષ દરમ્યાન રૂા. 7,50,000 છે. વર્ષની કામગીરીના દિવસો 300 છે. લેણદારોનો ગુણોત્તર શોધો.

( 81 ) ગુજરાત ગ્લાસ લીમીટેડનો કાચા નફાનો ગુણોત્તર 25 ટકા છે. અને વેચાણ રૂા.5,00,000 છે. જયારે શરૂનો અને આખરનો સ્ટોક અનુક્રમે રૂા. 52,000 અને રૂા. 98,000 છે. સ્ટોક ચલન દર શોધો.

( 82 ) કે લીમીટેડના પાકા સરવૈયામાં દેવાદારો રૂા. 89,075 અને લેણીહુંડી રૂા. 30,925 છે. કંપનીના ઉધાર વેચાણ રૂા. 18,00,000 છે. રોકડ વેચાણ ઉધાર વેચાણના 20 ટકા છે. વર્ષની કામગીરીના દિવસો 300 છે. દેવાદારોનો ગુણોત્તર શોધો.

( 83 ) વેચેલ માલની પડતર રૂા. 3,20,000 છે. વેચાણ ઉપર કાચા નફાનો દર 20 ટકા છે. ચોખ્ખી કાર્યશીલ મૂડી રૂા. 2,00,000 છે તો કાર્યશીલ મુડીનો ઉથલો શોધો.

( 84 ) એ કંપનીના ચોપડે ન.નું. ખાતામાં નીચે પ્રમાણેની વિગતો આપવામાં આવેલ છે. વેચાણ રૂા. 8,50,000 સંચાલન ખર્ચ રૂા. 40,000 કાચો નફો રૂા.5,50,000 ચો. નફો (ન.નુ. ખાતા મુજબનો) રૂા. 1,35,000 સંચાલનના ગુણોત્તરની ગણતરી કરો.

( 85 ) બી લીમીટેડના ચોપડે શરૂનો સ્ટોક રૂા. 49,000 ખરીદી રૂા. 4,71,000 અને આખર સ્ટોક રૂા. 1,20,000 છે. જો કુલ વેચાણ રૂા. 5,00,000 હોય તો કાચા નફાનો ગુણોત્તર શોધો.

( 86 ) વડોદરા લીમીટેડના ચોપડે વેપાર ખાતામાં શરૂનો સ્ટોક ખરીદી અને આખરના સ્ટોકની રકમ અનુક્રમે રૂા. 50,000, રૂા. 4,70,000 અને રૂા. 1,20,000 આપેલા છે. જો વેચાણની કુલ રકમ રૂા. 5,00,000 આપી હોય તો કાચા નફાનો ગુણોત્તર શોધો.

( 87 ) એ લીમીટેડના ચોપડે એક હિસાબી વર્ષના અંતે વેચાણ રૂા. 8,00,000 છે. વેચેલ માલની પડતર રૂા. 4,00,000 છે. તો કાચા નફાનો ગુણોત્તર શોધો.

( 88 ) ઝેડ લીમીટેડના ચોપડે લેણદારો રૂા. 42,૫00 અને દેવીહુંડી ખાતે વર્ષના અંતે બાકી રૂા. 5,000 છે. શાખ પર ખરીદીની રકમ વર્ષ દરમ્યાન રૂા. 3,75,000 છે. વર્ષની કામગીરીના દિવસો 300 છે. લેણદારોનો ગુણોત્તર શોધો.

( 89 ) એમ લીમીટેડના પાકા સરવૈયામાંથી નીચેની વિગતો મેળવવામાં આવી છે : દેવાદારો રૂા. 9,852, લેણીહુંડી રૂા. 10,148 લેણદારો રૂા. 5,675, દેવીહુંડી રૂા. 9,325, સ્ટોક રૂા. 20,000, બેન્ક સિલક રૂા. 15,595, રોકડ સિલક રૂા. 4,405, કરવેરા જોગવાઈ રૂા.2,000, ડિબેન્ચર વટાવ રૂા. 2,000, ચાલુ ગુણોત્તર શોધો.

( 90 ) બિનાની લીમીટેડના ચોપડે દેવાદારો રૂા.60,000 છે અને લેણીહુંડી રૂા. 13,000 દર્શાવેલી છે. રોકડ વેચાણ રૂા. 1,35,000 અને ઉધાર વેચાણ રૂા. 2,6૫,000 છે. દેવાદાર ગુણોત્તરની ગણતરી કરો.

( 91 ) નીચેની માહિતી પરથી કાર્યશીલ મૂડીનો ઉથલો શોધો : વિગત : ચાલુ મિલ્કતો રૂા. 80,000 ચાલુ દેવા રૂા. 50,000 વેચાણ રૂા. 5,20,000

( 92 ) એક કંપનીના ચોપડે નીચે મુજબ વિગતો છે : વેચાણ રૂા. 3,30,000 સંચાલકીય ખર્ચ રૂા.30,500 કાચો નફો રૂા. 80,000 ચો.નફો (ન.નું.ખાતા મુજબ) રૂા. 49,500 છે. સંચાલન ગુણોત્તર ની ગણતરી કરો.

( 93 ) એક કંપનીના ચોપડે રોકડ વેચાણ રૂા. 98,850 છે. ઉધાર વેચાણ રૂા. 4,01,150 છે. કાચા નફાનો દર 30 ટકા છે. વેચેલ માલની પડતર શોધો.

( 94 ) બોસ્કો કંપનીના ચોપડે હિસાબી વર્ષના અંતે નીચે પ્રમાણે બાકીઓ આપવામાં આવી છે. જેના પરની ચોખ્ખા નફાનો ગુણોત્તર શોધો. કાચો નફો રૂા. 69,500 વેચેલ માલની પડતર રૂા. 1,01,250 ચો.નફો (50 ટકા લેખે કરવેરાને આધીન) રૂા. 33,750.

( 95 ) દિશા, ધરતી અને આકાશે રૂા.60,000નફો અનુક્રમે 5:3:2 ના પ્રમાણમાં વહેંચવાને બદલે ભૂલથી 2:3:1 ના પ્રમાણમાં વહેંચ્યો છે. ભૂલ સુધારણા નોંધ લખો.

( 96 ) એક પેઢીમાં ભાગીદાર પ્રિયાની આખરની મૂડી રૂા.32,000 છે. તેનો ઉપાડ રૂા. 2,000 અને વહેંચણીપાત્ર નફો રૂા. 3,000 છે. તો મૂડી પર વ્યાજ વાર્ષિક ૫ ટકા લેખે ગણો.

( 97 ) હિનલ, પુની અને ધ્વનિ એક પેઢીના ભાગીદારો છે. નફાની વહેંચણી કર્યા પછી માલુમ પડયું કે તેમણે કરેલા ઉપાડ પર રૂા.1,500, રૂા.1,200 અને રૂા. 900 વ્યાજ ગણવાનું રહી ગયું છે. ભૂલ સુધારણા નોંધ લખો.

( 98 ) પ્રવિણ, કરણ અને હેતા એક પેઢીના ભાગીદાર છે. તા. 1-4-06ના રોજ તેમની મૂડી અનુક્રમે રૂા.1,60,000, રૂા. 1,40,000 અને રૂા. 3,00,000 હતી. વર્ષના અંતે નફાની વહેંચણી કર્યા પછી માલુમ પડયું કે મૂડી પર 8 ટકા લેખે વ્યાજ ગણવાનું રહી ગયું છે. ભૂલ સુધારણા નોંધ લખો.

( 99 ) એ, બી, સી સરખા હિસ્સાના ભાગીદારો છે. તેમની કુલ મૂડી રૂા.1,00,000 છે. તેમની મૂડીનું પ્રમાણ 5:3:2 છે. પેઢી મૂઢી પર વાર્ષિક 6 ટકા ના દરે વ્યાજ ચુકવે છે. ભાગીદાર સી ને મૂડીના વ્યાજ સહિત રૂા. 31,200 મળે છે. તો ભાગીદાર બીને મૂડીના વ્યાજ સહિત કેટલા રૂપિયા મળે.

( 100 ) પેઢીના વિસર્જન સમયે પા - સ માં ચોપડે નહિ નોંધાયેલ મિલ્કતની ઉપજ મળે અને નહિં નોંધાયેલ દેવાની ચૂકવણી કરવી પડે તો તેનો હિસાબી નિકાલ જણાવો.

( 101 ) એકસ, વાય, ઝેડ ભાગીદારોએ નફા નુકશાન વહેંચણીનું પ્રમાણ 3:1:3 બદલીને 2:3:2 નક્કી કર્યું. લાભના સુત્રનો ઉપયોગ કરીને ભાગીદારને મળેલ લાભની ગણતરી કરો.

( 102 ) એકસ અને વાય એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચેનું ન.નું. ની ફાળવણી પ્રમાણ 3:2 છે. તા. 31-3-06 ના રોજ પેઢીના ચોપડે નીચે પ્રમાણેની બાકીઓ છે : (1) ન.નું.ખાતુ (ઉધાર બાકી) રૂા. 25,000 (2) કારીગર અકસ્માત વળતર ભંડોળ (જમા બાકી) રૂા. 55,000 : ઉપરની તારીખે એકસ અને વાય એ તેમની વચ્ચેના ન.નું.ની ફાળવણીનું નવું પ્રમાણ 1:4 છે. ભાગીદારી પેઢીના ચોપડે એકત્રિત થયેલી નફા કે ખોટની વહેંચણી દર્શાવતી આમનોંધ લખો.

( 103 ) કઈ ઘટના બનતા ભાગીદારી પેઢીનું વિસર્જન થાય છે.

( 104 ) ભાગીદારી પેઢીના વિસર્જન વખતે ચોપડા બંધ કરવા કયા ખાતા તૈયાર કરવામાં આવે છે તે જણાવો.

( 105 ) રૂપાંતરની શરત પ્રમાણે ડિબેન્ચરના પ્રકાર જણાવો.

( 106 ) મીત લિ. ના ચોપડે વેચાણ રૂા. 25,00,000 છે. શરૂનો સ્ટોક રૂા. 2,00,000 અને છેવટનો સ્ટોક રૂા. 6,00,000 છે. કાચો નફો રૂા. 5,00,000 છે તો સ્ટોક ગુણોત્તર શોધો.

( 107 ) સામાન્ય માપના પત્રકો પરથી શું શોધવામાં આવે છે.

( 108 ) તુલનાત્મક પત્રકોની પધ્ધતિ પરથી કયા ફેરફારો જાણી શકાય ?

( 109 ) સોનલ લીમીટેડના ચોપડે વેચાણ રૂા. 7,00,000 છે. શરૂનો સ્ટોક રૂા. 4,00,000 અને આખરનો સ્ટોક રૂા. 1,80,000 આપેલો છે. કાચો નફો રૂા. 1,20,000 છે તો સ્ટોક ગુણોત્તર શોધો.

( 110 ) શુન્ય વ્યાજવાળા ડિબેન્ચર વિષે નોંધ લખો.

( 111 ) રવિ લીમીટેડના ચોપડે લેણદારો રૂા. 22,000 અને દેવાહુડી રૂા. 3000 છે. શાખ પર ખરીદીની રકમ વર્ષ દરમ્યાન રૂા. 1,75,000 છે. વર્ષના કામગીરીના દિવસો 300 છે. લેણદારોનો ગુણોત્તર શોધો.

( 112 ) સુર્યા કંપનીનો સંચાલન ગુણોત્તર 80 ટકા અને કાચા નફાનો ગુણોત્તર 33.1/3 ટકા છે. જો વેચાણ રૂા. 15,00,000 હોય તો સંચાલન ખર્ચ શોધો.

( 113) પાયલ લી.ના ચોપડે એક હિસાબી વર્ષના અંતે કાચો નફો રૂા. 50,000 છે. વેચાણ કિંમતમાં રોકડ વેચાણ રૂા. 1,50,000 છે. શાખ પર વેચાણ રૂા. 50,000 છે તો કાચા નફાનો ગુણોત્તર શોધો.

● ● ●

## વિભાગ - D

● **નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો : ખોટા હોય તો સુધારીને સાચું વિધાન લખો :**

- ભાગીદારોના પત્નીના સ્ત્રીધનમાંથી લોન પેઢીનાં ત્રાહિત દેવાની પહેલા ચુકવાય છે.
- પેઢીના વિસર્જન વખતે ચોપડે નહિ નોંધાયેલ સંશવિત દેવું મા.મિ.નિ. ખાતે ઉધારીને ચુકવવામાં આવે છે.
- પેઢીના વિસર્જન વખતે ચોપડે દર્શાવેલ અદૃશ્ય મિલ્કતોની ઉપજ અંગે કોઈ સૂચના ન હોય ત્યારે ઉપજ અંગેની હિસાબી અસર આપવાની રહેતી નથી.
- ખુશ્બુ, અમી અને પુજા 1/2 : 1/3 : 1/6 ના પ્રમાણથી ન.નું. વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-06 ના રોજ તેમની પેઢીનું વિસર્જન કરવાનું નક્કી કર્યુ તે દિવસે પાકા સરવૈયું તૈયાર કર્યું નથી. પરંતુ કેટલીક માહિતી તેઓ નીચે પ્રમાણે આપી શકે તેમ છે :

(1) પેઢીની કુલ મિલ્કતો રૂા. 2,00,000 ની છે. જે પૈકી 40 ટકા ચાલુ મિલકતો (રોકડ રૂા. 10,000 સહિત) છે.

(2) કુલ ચાલુ મિલકતોના 3/4 ભાગ જેટલી જવાબદારીઓ છે. જેમાં કર્મચારી પ્રોવિડંડ ફંડ રૂા. 20,000 નો સમાવેશ થતો નથી.

પેઢીની કુલ મુડી ભાગીદારોના નફા-નુકશાનના પ્રમાણમાં વહેંચાયેલ છે. દરેક ભાગીદારોની મુડી શોધો.

- સંપાદન ખાતુ - ટૂંક નોંધ સમજાવો.
- વિધાન ખોટા હોય તો સુધારીને ફરી લખો :

(1) પેઢીનો નફો-નુકશાન નક્કી કરવા માલ મિલ્કત નિકાલ ખાતું ખોલવામાં આવે છે.

(2) લેણદારને કોઈ મિલ્કત ચુકવવામાં આવે ત્યારે તે અંગે કોઈ નોંધ કરવાની રહેતી નથી.

(3) પેઢીનો નફો-નુકશાન નક્કી કરવા માલ - મિલ્કત નિકાલ ખાતુ ખોલવામાં આવે છે.

- ભાગીદાર એકસ, વાય અને ઝેડ ની ભાગીદારી પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં જમીન - મકાન રૂા. 1,00,000 અને રોકાણો રૂા. 50,000 દર્શાવેલ છે. તેના અનુક્રમે રૂા. 80,000 અને રૂા. 60,000 ઉપજયા. આમનોંધ લખો.
- પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દર્શાવેલ નીચેના બાકીઓનો નિકાલ કેવી રીતે કરશો ? તે સમજાવો. (1) ઘસારા ફંડ (2) ન.નું. ખાતાની ઉધાર બાકી (3) પ્રોવિડંડ ફંડ
- માલ મિલકત નિકાલ ખાતાની પ્રથમ પધ્ધતિ અને બીજી પધ્ધતિ વચ્ચેનો તફાવત લખો.
- અપૂર્વ અને પૃથ્વીરાજ ની ભાગીદારી પેઢીના વિસર્જનના સંજોગોમાં આમ નોંધ લખો :

(1) ચોપડે પાઘડી રૂા. 50,000 બતાવેલ છે. પરંતુ ઉપજ અંગે કોઈ સુચના નથી.

(2) વિસર્જન ખર્ચ રૂા. 10,000 અપૂર્વએ ચુકવવાનું સ્વીકાર્યું.

(3) આવકવેરાની જવાબદારી રૂા. 5,000 ચુકવવાની થઈ જે ચોપડે નોંધેલ નથી.

● **નીચેના વ્યવહારોની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો :**

(1) પાકા સરવૈયામાં દર્શાવેલ રૂા.10,000 ના રોકાણો જે ભાગીદાર સંજયે રૂા. 7,000 માં લઈ લીધા.

(2) પાકા સરવૈયામાં દર્શાવેલ રૂા. 95,000 ની મોરકાર વેચતા રૂા. 80,000 ઉપજ્યા.

(3) પા - સ.માં દર્શાવેલ શ્રીમતી રમેશની રૂા. 25,000ની લીધેલ લોન ભાગીદાર રમેશે ચુકવવાનું સ્વીકાર્યું.

- અદાલત ભાગીદારી પેઢીનું વિસર્જન કયા સંજોગોમાં કરવાનો હુકમ કરી શકે છે.

- **ભાગીદારી પેઢીના વિસર્જનની રીતો સમજાવો :**

- નીચેના વ્યવહારોની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો :

(1) ચોપડે પાઘડી ખાતુ બતાવેલ નથી. પરંતુ વિસર્જન સમયે તેના વેચાણના રૂા. 36,000 ઉપજ્યા.

(2) વિસર્જન સમયે પાકા સરવૈયામાં યંત્રો રૂા. 25,000 અને મકાન રૂા. 90,000 દર્શાવેલ છે. તેના અનુક્રમે રૂા. 15,000 અને રૂા. 1,20,000 ઉપજ્યા.

(3) વિસર્જન સમયે પેઢીના તમામ દેવા, ભાગીદારોની લોન ચુકવ્યા પછી મિલ્કતોનો વધારો રૂા. 45,000 રહ્યો. જો ભાગીદારો પી, ક્યુ અને આર નું ન.નું. પ્રમાણ 3:5:1 હોય તો નિકાલની નોંધ લખો.

- એ અને બી ની પેઢીની કુલ મિલ્કતો રૂા.3,00,000 ની છે. તેમાં રોકડ સિલક રૂા. 20,000 સમાયેલ છે. પેઢીના ચો. મિલકતો રૂા. 2,00,000 છે. મૂડી અને અનામતનું પ્રમાણ 4:1 છે. એ મૂડી કરતાં બી ની મૂડી રૂા. 40,000 વધુ છે. મા.નિ.નિ. ખાતાની ખોટ રૂા. 40,000ની થયેલ છે. પેઢીનું વિસર્જન થવું.

  શરૂઆતનું પાકું સરવૈયું બનાવી એ અને બીની મુડી શોધો.

- નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો : ખોટા વિધાનને સુધારીને સાચુ વિધાન લખો :

(1) પેઢીના વિસર્જન સમયે ચોપડે નહીં નોંધાયેલ સંશવિત દેવું માલ - મિલકત નિકાલ ખાતે ઉધારી ચૂકવવામાં આવે છે.

(2) વિસર્જન સમયે ધાલખાદ્ય પરતની નોંધ કરવાની કોઈ જરૂર નથી.

(3) ભા.પેઢીનો કોઈ એક ભાગીદાર મૃત્યુ પામે ત્યારે પેઢીનું વિસર્જન થાય.

(4) સ્થિર મૂડી ખાતા પધ્ધતિમાં મૂડીની રકમ વ્યાજ દર વર્ષ બદલાતું રહે છે.

- **નીચેના વ્યવહારોની પેઢીના વિસર્જન સંજોગોમાં થતી આમનોંધ લખો :**

(1) પેઢીના વિસર્જન વખતે ચોપડે પાઘડી રૂા. 30,000 બતાવેલ છે. તેની ઉપજ અંગે કોઈ સૂચના નથી.

(2) પેઢીના વિસર્જન વખતે ચોપડે મોટરકાર રૂા. 1,00,000ની બતાવેલ છે. ભાગીદાર અ રૂા. 60,000માં લઈ જાય છે.

(3) પેઢીના વિસર્જન વખતે ચોપડે ફર્નિચર રૂા. 20,000 બતાવેલ છે. તેની ઉપજ અંગે કોઈ માહિતી નથી.

- માલ મિલ્કત નિકાલ ખાતુ - ટૂંક નોંધ લખો

- ભા.પેઢીના વિસર્જનની સામાન્ય પ્રક્રિયા સમજાવો.

- નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે જણાવો. ખોટું હોય તો સુધારીને સાચું વિધાન લખો :

(1) વિસર્જન વખતે ધાલખાધ પરતની કોઈ નોંધ કરવાની જરૂર નથી.

(2) ભાગીદારોને તેમનાં નફા-નુકશાનના પ્રમાણમાં કર્મચારી અકસ્માત વળતર ભંડોળ વહેંચી આપવામાં આવે છે.

(3) પેઢીના વિસર્જન સમયે ચોપડે નહીં નોંધાયેલ શવિત દેવું મા.નિ. નિકાલ ખાતે ઉધારીને ચુકવવામાં આવે છે.

(1) ભા.પેઢીમાં ભાગીદારોની જવાબદારી મર્યાદિત હોય છે.

(2) માલ મિલ્કત નિકાલ ખાતાને પુનઃ મૂલ્યાંકન ખાતા તરીકે પણ ઓળખવામાં આવે છે.

(3) પેઢીની મિલ્કતોની ઉપજમાંથી સૌ પ્રથમ વિસર્જન ખર્ચ ચુકવાય છે.

(4) પેઢીના વિસર્જન ખર્ચ ચુકવવાની જવાબદારી પેઢીની હોય પરંતુ તે તેનો કોઈ ભાગીદાર ચુકવે તો તેની કોઈ નોંધ પેઢીના ચોપડે થશે નહીં.

- રોકડ કે બેન્ક ખાતા સિવાય પા.સમાં દર્શાવેલ તમામ મિલ્કતો દેવા અને જોગવાઈના ખાતા માલ-મીલકત નીકાલ ખાતે લઈ જવામાં આવે છે.

● **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાને જણાવો, ખોટા વિધાનને સુધારી સાચું વિધાન લખો :**

(1) કારીગર નફા ભાગ ભંડોળ એ પેઢી માટે દેવું છે.

(2) માલ મિલ્કત નિકાલખાતું ઉપજખર્ચ પ્રકારનું ખાતું છે.

(3) પેઢીના વિસર્જન સમયે સામાન્ય અનામત ખાતુ બંધ કરી માલ-મિલ્કત નિકાલ ખાતે લઈ જવામાં આવે છે.

- મા.મિ. નિકાસ ખાતુ તૈયાર કરતાં નીચેના સંજોગોમાં જરૂરી આમનોંધ લખો (બા.જે.જરૂરી નથી)

(1) પરચુરણ મિલકતો ચોપડે કિંમત રૂા. 2,84,000 ઉપજમાં રૂા. 2,48,000

(2) પ. લેણદારો રૂા. 75,000 દેવું 10 ટકા વટાવે ચુકવ્યું.

● **પેઢીના ચોપડે વિસર્જનના સંજોગોમાં આમનોંધ લખો :**

(1) ચોપડે પેટન્ટ ખાતુ બતાવેલ નથી. પરંતુ વિસર્જન સમયે વેચાણના રૂા. 60,000 ઉપજયા છે.

(2) વિસર્જન સમયે પા.સમાં જમીન મકાન રૂા. 1,00,000 અને રોકાણો રૂા. 25,000 બતાવેલ છે. તેના અનુક્રમે રૂા. 80,000 અને રૂા. 30,000 ઉપજયા છે.

(3) ભાગીદારોની લોન ચુકવ્યા પછી મિલ્કતોનો વધારો રૂા. 1,20,000 રહ્યો છે. જો એ, બી, સી,નું ન.નું. પ્રમાણ 5:3:2 હોય તો નિકાલની નોંધ લખો.

● **નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો. ખોટા વિધાન સુધારી ફરી લખો :**

(1) ભાગીદારી પેઢીના વિસર્જન વખતે અદાલત હસ્તક્ષેપ કરી શકે છે.

(2) ભાગીદારોને તેમના ન.નું.ના પ્રમાણમાં કર્મચારી અકસ્માત ભંડોળ વહેંચી આપવામાં આવે છે.

(3) એક ભાગીદાર નિવૃત્ત થાય ત્યારે પેઢીનું વિસર્જન થયું કહેવાય.

(4) પેઢીના દેવા ચુકવવા માટે ભાગીદારની અંગત મિલકતોનો ઉપયોગ થઈ શકતો નથી.

(૫) મળેલ આવકની નહીં કરેલ નોંધ મા.મિ.નિ. ખાતે થતી નથી.

- નાહીદ, ચાંદની અને અપેક્ષા 4:3:3 ના પ્રમાણમાં ન.નુ. વહેંચતા ભાગીદારો છે. તેઓએ તેમનું ન.નુ. વહેંચણીનું પ્રમાણ બદલીને 2:1:1 નકકી કર્યું. આ હેતુ માટે પાઘડી રૂા. 1,00,000 નક્કી કરવામાં આવી છે. નીચેના દરેક સંજોગો માટે જરૂરી આમનોંધ પ્રસાર કરો :

(1) જ્યારે પાઘડી ખાતું પુરી રકમથી ચોપડે દર્શાવવાનું હોય.

(2) જયારે ભાગીદારો પાઘડીખાતુ ચોપડે દર્શાવવા માંગતા ન હોય.

- જવનિકા, હેમા અને નિકુંજ એક ભાગીદારી પેઢીના 5:3:2 ના પ્રમાણમા ન.નું. વહેંચતા ભાગીદારો છે. તેમની પેઢીના ચોપડે પાઘડી રૂા. 80,000 ની કિંમતે દર્શાવેલ છે. ભાગીદારોએ તેમનું ન.નું. પ્રમાણ બદલીને 4:3:3 નું કરવાનું નક્કી કર્યું. પાઘડીનું મૂલ્યાંકન કરતાં પાઘડીનું મૂલ્ય રૂા. 2,80,000 નું નક્કી કર્યું. પાઘડીનું નવું મૂલ્ય ચોપડે દર્શાવવા જરૂરી આમનોંધ પસાર કરો.

- પિયુષ મનીષા અને અમિત ૫:3:2 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેમની વહેંચણીનું પ્રમાણ બદલીને 2:2:1 કરવાનું તથા પાઘડીનું મૂલ્યાંકન છેલ્લા ચાર વર્ષના યોગ્ય સરેરાશ નફાની પાંચ વર્ષની ખરીદીને આધારે ગણવાનું છે.

| વર્ષ | 2000 | 2001 | 2002 | 2003 | 2004 | 2005 |
|---|---|---|---|---|---|---|
| નફો રૂા. | 18000 | 15000 | 17500 | 22000 | 25000 | 30000 |

- જેમીન, શક્તિ અને મિહિર એ નફો-નુકશાન વહેંચણીનું પ્રમાણ 1:3:4 બદલીને 1:1:૨ નક્કી કર્યું. આ સમયે પાઘડીનું ચોપડે મૂલ્ય રૂા. 20,000 છે. પાઘડીનુ પુનઃ મૂલ્યાંકન કરતાં નીચેના સંજોગોમાં જરૂરી આમનોંધ લખો :

(1) પાઘડીની કિંમતમાં રૂા. 12,000 નો વધારો કરવાનો હોય.

(૨) પાઘડીની કિંમતમાં રૂા. 10,000 નો ઘટાડો કરવાનો હોય.

- ટૂંક નોંધ : ભારિત સરેરાશ નફાના અમુક વર્ષની ખરીદીની પાઘડીના મૂલ્યાંકનની પધ્ધતિ

મોઈન અને ઝુબેરની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લા પાંચ વર્ષના સરેરાશ નફાની ચાર વર્ષની ખરીદીના આધારે નકકી કરી આપો.

| વર્ષ | 2003 | 2004 | 2005 | 2006 | 2007 |
|---|---|---|---|---|---|
| નફો રૂા. | 20000 | 25000 | 30000 | 35000 | 45000 |

પાઘડી જેવી મિલકતો કઈ પેઢી ઉપજાવી શકે છે ? પાઘડીના મૂલ્યાંકનની મૂડી કૃત નફાની રીતમાં (1) મુડીકૃત નફો (2) પાઘડીના સૂત્રો આપો :

- અક્ષય, વૈભવ અને ચૈતન્ય એક પેઢીના ભાગીદારો છે. ન.નું. વહેંચણીનું પ્રમાણ 4:3:2 બદલીને 4:4:1 કરવા માગે છે. પાઘડીની રકમ સરેરાશ નફાની પાંચ વર્ષની ખરીદીના આધારે નક્કી કરો :

| નફો/ખોટ | નફો | ખોટ | નફો | નફો |
|---|---|---|---|---|
| રૂા. | 19000 | 5000 | 16000 | 6000 |

નીચેની માહિતી પરથી યોગ્ય સરેરાશનો ઉપયોગ કરી સરેરાશ નફાના ત્રણ વર્ષની ખરીદીના આધારે પાઘડીનું મૂલ્ય નક્કી કરો :

| વર્ષ | 2004 | 2003 | 2002 | 2001 |
|---|---|---|---|---|
| નફો રૂા. | 91500 | 81600 | 76250 | 61250 |

- મુનીરા, કૃપાલી અને રિદ્ધી સરખે હિસ્સે ન.નું. વહેંચતા ભાગીદારો છે. તેઓ ન.નું. ફાળવણીનું પ્રમાણ બદલીને 5:3:2 કરવાનું નક્કી કર્યું. પાઘડીનું મૂલ્ય રૂા. 60,000 નક્કી કર્યું છે. પેઢીના ચોપડે પાઘડી ખાતું દર્શાવેલ નથી. આ માહિતીને આધારે નીચેના સંજોગોની આમનોંધ પ્રસાર કરો :

(1) પાઘડીની પૂરેપુરી રકમ ચોપડે દર્શાવવાની હોય ત્યારે

(૨) પાઘડી ખાતું ચોપડે દર્શાવવા માંગતા ન હોય ત્યારે

- નીચેની માહિતી પરથી યોગ્ય સરેરાશ શોધી ત્રણ વર્ષની ખરીદીને આધારે પાઘડીની કિંમત નક્કી કરો :

| વર્ષ | 2000 | 2001 | 2002 | 2003 | 2004 |
|---|---|---|---|---|---|
| નફો રૂા. | 48000 | 72000 | 90000 | 120000 | 150000 |

● **પાઘડીના મૂલ્યાંકનને અસર કરતાં પરિબળો ટૂંકમાં સમજાવો :**

- ઈશિતા, ધારા અને બંટી 2:2:1 ના પ્રમાણમાં ન.નું. વહેંચતા ભાગીદારો છે. ન.નું. વહેંચણીનું નવું પ્રમાણ 4:3:3નું કરવાનું નક્કી કર્યું. પેઢીના ચોપડે પાઘડી રૂા. 60,000 દર્શાવેલ છે. પુનઃ મૂલ્યાંકન કરતાં પાઘડીનું મૂલ્ય રૂા. 1,00,000 થયું.

(1) પાઘડીનું નવું મૂલ્ય દર્શાવવા જરૂરી આમનોંધ લખો.

(૨) પુન મૂલ્યાંકન બાદ પાઘડીની પૂરેપુરી રકમ માંડી વાળવાની આમનોંધ લખો.

- નીચેની માહિતી પરથી પાઘડીની કિંમત છેલ્લા પાંચ વર્ષના ભારિત સરેરાશ નફાની ત્રણ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો :

| વર્ષ | 2002 | 2003 | 2004 | 2005 | 2006 |
|---|---|---|---|---|---|
| નફો રૂા. | 15,000 | 20,000 | 25,000 | 30,000 | 40,000 |

- સરેરાશ નફાને મુડીકૃત કરવાની પાઘડીના મૂલ્યાંકનની રીત
- ઈશિત, ડિમ્પી અને ભૂમિ એક પેઢીનાં 2:2:1 ના પ્રમાણમાં ન.નું. વહેંચતા ભાગીદારો છે. તેમની પેઢીના ચોપડે પાઘડીખાતુ દર્શાવેલ નથી. તેઓએ તેમની વચ્ચેનું ન.નું. વહેંચણીનું પ્રમાણ બદલીને 3:2:1 કર્યું તથા પેઢીની પાઘડીનું મૂલ્ય રૂા. 30,000 નક્કી કર્યું. ભાગીદારો પાઘડી ખાતું ઉભુ કર્યા વિના તેની અસર સીધી જ મૂડી ખાતે આપવા માગતા હોય, તો તે અંગેની આમનોધ પેઢીના ચોપડે નોંધો.
- નીચેની માહિતી પરથી હાર્દિક અને સૈફની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લા પાંચ વર્ષના ભારિત સરેરાશ નફાની ત્રણ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

| વર્ષ | 2003 | 2004 | 2005 | 2006 | 2007 |
|---|---|---|---|---|---|
| નફો રૂા. | 18,000 | 25,000 | 28,000 | 38,000 | 42,000 |

- અધિક નફાની અમુક વર્ષની ખરીદીની પાઘડીના મૂલ્યાંકનની પધ્ધતિ વિશે ટૂંકનોંધ લખો.

● **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો**

(1) નીચેની માહિતી પરથી રામ અને શ્યામની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લા 5 વર્ષમાં ભારિત સરેરાશ નફાની 3 વર્ષની ખરીદીના આધારે નક્કી કરો.

| વર્ષ | 2000 | 2001 | 2002 | 2003 | 2004 |
|---|---|---|---|---|---|
| નફો રૂા. | 24,000 | 36,000 | 45,000 | 60,000 | 75,000 |

(૨) નીચેની માહિતી પરથી યોગ્ય સરેરાશનો ઉપયોગ કરીને પાઘડીની કિંમત પાંચ વર્ષની ખરીદીને આધારે નક્કી કરોઃ

| વર્ષ | 2001 | 2002 | 2003 | 2004 |
|---|---|---|---|---|
| નફો રૂા. | 39,000 | 34,000 | 38,000 | 37,000 |

(3) નીચેની માહિતી પરથી હીર અને રાંઝાની ભાગીદારી પેઢીના ચોપડે પાઘડીના યોગ્ય પધ્ધતિએ ત્રણ વર્ષની ખરીદીના આધારે નક્કી કરો :

| વર્ષ | 2001 | 2002 | 2003 | 2004 | 2005 |
|---|---|---|---|---|---|
| નફો રૂા. | 20,000 | 24,000 | 30,000 | 36,000 | 50,000 |

(4) નીચેની માહિતીના આધારે યોગ્ય સરેરાશ નફાનો ઉપયોગ કરી પાઘડીની કિંમત પાંચ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો :

| વર્ષ | 2002 | 2003 | 2004 | 2005 |
|---|---|---|---|---|
| નફો રૂા. | 40,000 | 60,000 | 80,000 | 1,00,000 |

(૫) નીચેની માહિતી પરથી ભટ્ટ અને પંડ્યાની ભાગીદારી પેઢીના પાઘડીની કિંમત છેલ્લા પાંચ વર્ષના ભારિત સરેરાશ નફાની બે વર્ષની ખરીદીને આધારે નક્કી કરો :

| વર્ષ | 1999 | 2000 | 2001 | 2002 | 2003 |
|---|---|---|---|---|---|
| નફો રૂા. | 10,000 | 12,000 | 15,000 | 18,000 | 25,000 |

- નીચેના વ્યવહારોની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો :
- ચોપડે પાઘડી ખાતુ ખોલાવેલ નથી. પરંતુ વિસર્જન વખતે તેના વેચાણના રૂા. 30,000 ઉપજયા.
- વિસર્જન વખતે પાકા સરવૈયામાં જમીન-મકાનના રૂા. 50,000 અને રોકાણો રૂા. 25,000 બતાવેલ છે. તેમાં અનુક્રમે રૂા. 40,000 અને રૂા. 30,000 ઉપજયા.
- વિસર્જન વખતે પેઢીના તમામ દેવા, ભાગીદારોની લોન ચૂકવયા પછી મિલ્કતનો વધારો રૂા. 60,000 રહ્યો. જો ભાગીદારો લાલ, પાલ અને બાલનું નફા-નુકશાનનું પ્રમાણ અનુક્રમે ૫:3:2 હોય તો તેનો નિકાલની નોંધ લખો.
- સંકેત અને સંદિપ 4:1 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તા. 30-3-06ના રોજ પેઢી વિસર્જન કરવાનું નક્કી થયું. નીચેના સંજોગોમાં જરૂરી આમનોંધ લખો (બા.જે.જરૂરી નથી)

(1) અનામત - રૂા. 2,50,000

(૨) નફા-નુકશાનનું (ઉધાર બાકી) રૂા. 20,000

(3) શ્રીમતી સંદિપની પેઢીને ધીરેલી લોન રૂા. 40,000 - જે સંકેતે ચુકવવાનું સ્વીકાર્યું.

દિનેશ પ્રજાપતિ લી. ની તા. 31-3-05ના રોજની કેટલીક બાકીઓ નીચે મુજબ છે :

| **વિગત** | **રકમ રૂા.** | **વિગત** | **રકમ રૂા.** |
|---|---|---|---|
| રોકડ | 20,000 | કારીગર બચત ખાતા | 30,000 |
| લેણીહુંડી | 30,000 | કારીગર નફાભાગ ભંડોળ | 40,000 |
| દેવીહુંડી | 50,000 | દેવાદારો | 3,50,000 |
| લેણદારો | 1,10,000 | ચૂકવવાની બાકી ખર્ચા | 20,000 |
| બેંક ઓવરડ્રાફટ | 50,000 | | |

ઉપરની વિગતો પરથી ચાલુ ગણોત્તર તથા પ્રવાહી ગુણોત્તર શોધો.

- રામદેવ લી. ચોપડે તા. 31-3-06 ના રોજ પુરાં થતાં વર્ષનું ન.નું. ખાતુ નીચે પ્રમાણે છે. વર્ષ દરમ્યાન કુલ વેચાણની રકમ રૂા. 8,00,000 છે. તો ચો.નફાનો ગુણોત્તર શોધો.

**નફા-નુકશાન ખાતુ**

| **વિગત** | **રકમ રૂા.** | **વિગત** | **રકમ રૂા.** |
|---|---|---|---|
| વહીવટી ખર્ચા | 70,000 | કાચો નફો | 2,30,000 |
| વેચાણ ખર્ચ | 50,000 | યંત્ર વેચાણનો નફો | 50,000 |
| નાણાકીય ખર્ચા (વ્યાજ) | 30,000 | | |
| નુકશાન | 70,000 | | |
| ચો.નફો | 60,000 | | |
| | 2,80,000 | | 2,80,000 |

- એક કંપનીના ચોપડે ન.નું. ખાતામાં મકાન વેચતા નુકશાનની રૂા. 10,000 સહિત કુલ ખર્ચા રૂા. 1,75,000 છે. આ ખર્ચા અને નુકશાન રકમો બાદ કર્યા પછીનો ચોખ્ખો નફો રૂા. 98,000 છે. જો વેચાણની રકમ રૂા.12,00,000 છે. તો ચોખ્ખા નફાનો ગુણોત્તર શોધો.

- અંકિતા લી. ની તા. 31-3-07 ના રોજની કેટલીક બાકીઓ નીચે પ્રમાણે છે :

| **વિગત** | **રકમ રૂા.** | **વિગત** | **રકમ રૂા.** |
|---|---|---|---|
| બેંક ઓવરડ્રાફ્ટ | 60,000 | દેવાદારો | 3,45,000 |
| લેણીહુંડી | 40,000 | કારીગર નફાભાગ ભંડોળ | 15,000 |
| લેણદારો | 1,00,000 | કારીગર બચત ખાતાં | 65,000 |
| દેવી હુંડીઓ | 60,000 | ચૂકવવાના બાકી ખર્ચા | 10,000 |
| રોકડ | 25,000 | | |

ઉપરની વિગતો પરથી ચાલુ ગુણોત્તરની તથા પ્રવાહી ગુણોત્તરની ગણતરી કરો.

- નીચેની માહિતી પરથી સરેરાશ ઉઘરાણી મુદત શોધો.

| | | | |
|---|---|---|---|
| દેવાદારો | 4,00,000 | વેચાણ | 24,00,000 |
| લેણદારો | 1,60,000 | લેણીહુંડી | 1,40,000 |
| દેવીહુંડી | 60,000 | ઉધાર ખરીદી | 12,00,000 |

(ઉધાર વેચાણ રોકડ વેચાણ કરતાં દોઢ ગણું છે)

કામગીરીના દિવસો 360 ગણવા.

- અજય લી.ના ચોપડે દેવાદારો રૂા. 50,000 લેણી હુંડી રૂા. 20,000 દર્શાવેલી છે. કુલ વેચાણ રૂા. 4,07,000 છે. રોકડ વેચાણ અને ઉધાર વેચાણનું પ્રમાણ 1:10 છે. તો દેવાદારનો ગુણોત્તર શોધો.

- નીચેની માહિતી પરથી લાંબાગાળાના દેવા-ઈક્વિટી ગુણોત્તર અને માલિકી ગુણોત્તર શોધો.

ઈક્વિટી શેરમૂડી (રૂા.100ના એક એવા 300 ઈ.શેર)..............................................3,00,000

9ટકા ના પ્રેફરન્સ શેર (રૂા.10નો એક એવા 10000 પ્રેફ.શેર) ..................................1,00,000

અનામતો .......................................................... 2,10,000

10ટકાના ડિબેન્ચરો .................................................. 2,00,000

કાયમી મિલકતો........................................................ 8,00,000

ચાલુ મિલકતો .......................................................... 1,90,000

પ્રાથમિક ખર્ચા ........................................................10,000

ડીકા લી. નું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**તા. 31-3-05 ના રોજનું પાકુ સરવૈયું**

| **જવાબદારીઓ** | **રકમ રૂા.** | **મિલકતો** | **રકમ રૂા.** |
|---|---|---|---|
| શેરમૂડી | 11,50,000 | પ. મિલકતો | 14,75,000 |
| અનામતો | 1,75,000 | પ્રાથમિક ખર્ચા | 75,000 |
| 10ટકાના ડિબેન્ચર | 1,00,000 | | |
| લેણદારો | 1,18,500 | | |
| દેવીહુંડી | 12,500 | | |
| | 15,50,000 | | 15,50,000 |

ઉપરની માહિતી પરથી દેવા-ઈક્વિટી ગુણોત્તર શોધો.

- નીચેની માહિતી પરથી માલિકીનો ગુણોત્તર શોધો

| | |
|---|---|
| ઈક્વિટી શેરમૂડી | 4,50,000 |
| અનામત અને વધારો | 1,10,000 |
| કાયમી મિલકતો | 7,00,000 |
| ચાલુ મિલકતો | 2,00,000 |
| અવાસ્તવિક મિલકતો | 20,000 |

- સગુન પ્લાઝા લી.ના પાકા સરવૈયામાં આપેલ બાકી નીચે મુજબ છે :

લેણદારો રૂા. 12,000, દેવીહુંડી રૂા. ૫,920, લેણી હુડી રૂા. 5,000

જો વર્ષ દરમિયાન રોકડ ખરીદી રૂા. 24,000 હોય (આ રોકડ ખરીદી કુલ ખરીદીના 1/5 ભાગની છે) તો લેણદારોનો ગુણોત્તર શોધો.

- નીચેની માહિતીના આધારે કાચાનફાનો ગુણોત્તર શોધો

| **વિગત** | **રકમ રૂા.** | **વિગત** | **રકમ રૂા.** |
|---|---|---|---|
| શરૂનો સ્ટોક | 50,000 | જાવક માલ ગાડા ભાડુ | 5,000 |
| ખરીદી | 4,00,000 | આવક માલ ગાડાભાડુ | 35,000 |
| નૂર જકાત | 20,000 | | |
| આખર સ્ટોક | 1,20,000 | | |

રોકડ વેચાણ (કુલ વેચાણના 20 ટકા) રૂા. 1,00,000

- એક કંપનીના ચોપડે નીચેની વિગતો આપવામાં આવેલી છે :

| | વિગત | | રકમ રૂા. |
|---|---|---|---|
| (1) | વેચાણ | | 3,65,000 |
| | કાચો નફો | | 73,000 |
| (૨) | ખર્ચાઓ : | | |
| | વહીવટી ખર્ચાઓ | 30,000 | |
| | વેચાણ વિતરણ ખર્ચાઓ | 11,000 | |
| | ઘસારો | 13,750 | |
| | નાણાંકીય ખર્ચા (વ્યાજ) | 5,000 | |
| | કરવેરાની જોગવાઈ | 6,625 | 66,375 |
| | કરવેરાની જોગવાઈ કર્યા બાદનો | | |
| | ચોખ્ખો નફો | | 6,625 |

- સંચાલન ગુણોત્તરની ગણતરી કરો

- રવિચંદ્ર લી.ની તા. 31-3-05 ના રોજ પુરાં થતાં વર્ષની માહિતી નીચે આપવામાં આવી છે. જેના ઉપરથી ટકાવારી પ્રમાણ અને ચલનદર આધારિત સુસંગત ગુણોત્તરની ગણતરી દર્શાવો.

| | | | |
|---|---|---|---|
| કાચો નફો | 1,00,000 | વેચેલ માલની પડતર | 4,00,000 |
| વેચાણ | 5,00,000 | શરૂનો સ્ટોક | 50,000 |
| ચાલુ મિલકતો | 80,000 | આખરનો સ્ટોક | 30,000 |
| ચાલુ દેવાં | 40,000 | | |

- નીચેની માહિતી પરથી દેવા-ઈક્વિટી ગુણોત્તર શોધો

**તા. 31-3-06ના રોજનું પાકુ સરવૈયું**

| **જવાબદારીઓ** | **રકમ રૂા.** | **મિલકતો** | **રકમ રૂા.** |
|---|---|---|---|
| શેરમૂડી | 10,00,000 | પ.મિલકતો | 14,75,000 |
| અનામત | 3,25,000 | પ્રાથમિક ખર્ચા | 75,000 |
| 8 ટકાના ડિબેન્ચર | 1,50,000 | | |
| લેણદાર | 75,000 | | |
| | 15,50,000 | | 15,50,000 |

- એક કંપનીએ રૂા.100 નો એક એવા 9 ટકાના 2000 ડિબેન્ચર 10 ટકાના પ્રિમિયમે બહાર પાડયા, અરજી સાથે રૂા. 25 ડિબેન્ચર દીઠ અને મંજુરી વખતે 50 રૂા. (પ્રિમિયમ સહિત) ડિબેન્ચર દીઠ ભરવાના હતા. કુલ 2500 ડિબેન્ચરો માટે અરજીઓ મળી. અરજી સમયની અને મંજુરી સમયે નાણાં મંગાવવાના આમનોંધ લખો :

- પ્રકાશ લી. તા. 1-6-1998ના રોજ રૂા. 100નો એક એવા 10 ટકાના 1200 ડિબેન્ચર 5 ટકાના પ્રિમીયમથી બહાર પાડયા. જે તા. 31-5-04ના રોજ ડિબેન્ચર દીઠ રૂા.100 ની કિંમતે પરત કર્યા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો

- ડિબેન્ચર પરત કરવાની કોઈપણ ત્રણ પધ્ધતિઓ જણાવો

- નીચેની માહિતી પરથી દેવા ઈક્વિટીનો ગુણોત્તર શોધો

| | | | |
|---|---|---|---|
| શેર મૂડી | 4,00,000 | ડિબેન્ચર્સ | 2,00,000 |
| લેણદાર | 1,25,000 | દેવીહુંડી | 70,000 |
| અનામત અને વધારો | 2,05,000 | પ્રાથમિક ખર્ચ | 5,000 |

- રૂપાંતર પાત્ર ડિબેન્ચર - ટૂંક નોંધ

- નૂરા લી. તા. 1-1-99 ના રોજ રૂા.100 નો એક એવા 10 ટકાના 4000 ડિબેન્ચર 5 ટકાના વટાવે બહાર પાડયા. 6 વર્ષ બાદ ડિબેન્ચરના નાણા 10 ટકાના પ્રિમીયમથી પરત કરવાના છે. કંપનીના ચોપડે બાબત જે સિવાય જરૂરી આમનોંધ લખો.

- એક કંપનીએ તા. 1-4-02ના રોજ દરેક રૂા.100 ના એવા 8 ટકા ના 4000 ડિબેન્ચર્સ 5 ટકાના વટાવે બહાર પાડયા. કંપનીએ નીચે મુજબ ડિબેન્ચર્સ પરત કર્યા

| તારીખ | 31-3-06 | 31-3-05 | 31-3-04 |
|---|---|---|---|
| રકમ રૂા. | 2,00,000 | 1,00,000 | 1,00,000 |

ડિબેન્ચર વટાવ ખાતુ તૈયાર કરો

- ડિબેન્ચર બહાર પાડવાની વિધિ સમજાવો

- પુના લી. ના 1-4-2000ના રોજ રૂા. 100 નો એક એવા 7.5 ટકા 2000 ડિબેન્ચર મૂળકિંમતે બહાર પાડયા. જે તા. 31-3-04 ના રોજ રૂા.105 ની કિંમતે પરત કરવાના છે. ડિબેન્ચર બહાર પાડતી વખતે અને પરત કરવા અંગેની જરૂરી આમનોંધ લખો

## જરૂરી આમનોંધ લખો.

- ધવલ ટેક્ષટાઈલ્સ લી. એ દરેક રૂા.100 ના એક એવા 9 ટકાના ડિબેન્ચર્સ નીચેની શરતોએ બહાર પાડયા.

(1) 40000 ડિબેન્ચર્સ રૂા. 95 લેખે રોકડેથી

(2) રૂા.10,00,000 ના યંત્રની ખરીદીને સામે વેપારીએ 9000 ડિબેન્ચર દરેક રૂા.100 ના આપ્યા.

(3) રૂા.5,00,000 ની લોન માટે બેંકને આનુષગિક જામીનગીરી તરીકે 7000 ડિબેન્ચર (દરેક રૂા.100 ના) આપ્યા. (બી.જે. જરૂરી નથી)

- કામીની લી. તા. 1-7-07 ના રોજ રૂા. 100નો એક એવા 10 ટકાના 6000 ડિબેન્ચર મૂળ કિંમતે બહાર પાડયા. જે તારીખ 30-6-2012ના રોજ ડિબેન્ચર દીઠ રૂા.115 ની કિંમતે પરત કરવાની છે. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બા.જે.જરૂરી નથી)

- આર.આઈ.એલ તા. 1-1-1999 ના રોજ રૂા.100 નો એક એવા 12 ટકાના 8000 ડિબેન્ચર 5 ટકાના વટાવે બહાર પાડયા છે. છ વર્ષ બાદ બધાં જ ડિબેન્ચરના નાણાં 10 ટકા પ્રિમીયમ થી પરત કરવામાં આવ્યા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બા.જે.જરૂરી નથી)

- રજનીકાંત લી.એ તા. 1-1-05 ના રોજ રૂા.100 નો એક એવા 8 ટકાના ડિબેન્ચર 4000 જે 6 ટકાના વટાવે બહાર પાડયા. કંપનીનું હિસાબી વર્ષ 31મી ડિસેમ્બરના રોજ પુરૂં થાય છે.

  ડિબેન્ચર્સ નીચે મુજબ પરત કર્યા

| તારીખ | પરત કરેલ ડિબેન્ચર્સની સંખ્યા |
|---|---|
| 31-12-05 | 2500 |
| 31-12-06 | 1000 |
| 31-12-07 | 500 |

  કંપનીના ચોપડે ડિબેન્ચર વટાવખાતુ તૈયાર કરો

- ગુરૂરાજ લી. તા. 1-4-00 ના રોજ દરેક રૂ. 100નો એક એવા 8 ટકાના 20,000 ડિબેન્ચરો 5 ટકા વટાવે બહાર પાડયા. જે તા. 31-3-06 ના રોજ 10 ટકાના પ્રિમીયમથી પરત કરવામાં આવ્યા.

  કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડવાની તથા ડિબેન્ચર પરત કરવાની આમનોંધ લખો

- તા. 1-1-04 ના રોજ ધર્મેન્દ્ર ક્રોકરી લી. એ રૂા.100 નો એક એવા 8 કાના 5000 ડિબેન્ચર્સ 6 ટકાના વટાવે બહાર પાડયા. કંપનીનું હિસાબી વર્ષ 31 ડિસેમ્બરના રોજ પુરૂં થાય છે. કંપનીએ ડિબેન્ચર્સ નીચે મુજબ પરત કર્યા. ડિબેન્ચર વટાવખાતું તૈયાર કરો.

| તારીખ | પરત કરેલા ડિબેન્ચર્સની સંખ્યા |
|---|---|
| 31-12-04 | 2000 |
| 31-12-05 | 2000 |
| 31-12-06 | 1000 |

- શેર અને ડિબેન્ચર વચ્ચેનો તફાવત આપો.

- સંગીતા લિ.એ તા. 1-1-2000 ના રોજ રૂા.100 નો એક એવા 11 ટકાના 8000 ડિબેન્ચર 5 ટકાના વટાવે બહાર પાડયા. છ વર્ષ બાદ બધાજ ડિબેન્ચરના નાણાં 10 ટકાના પ્રિમીયમથી પરત કરવામાં આવ્યા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

- ચિંતન લી.ના તા. 1-7-99ના રોજ રૂા. 100 નો એક એવા 8 ટકાના 6000 ડિબેન્ચર મૂળકિંમતે બહાર પાડયા જે તા. 30-6-2005 ના રોજ ડિબેન્ચર દીઠ રૂા.115 ની કિંમતે પરત કરવાના છે. કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડવાની અને પરત કરવાની આમનોંધ લખો.

- અનિલ કશ્યપ લી. તા. 1-7-00 ના રોજ રૂા.100 નો એક એવા 9 ટકાના 9000 ડિબેન્ચર મૂળ કિંમતે બહાર પાડયા. જે તા. 30-6-06 ના રોજ ડિબેન્ચર દીઠ રૂા.120 ની કિંમતે પરત કરવાના છે.

  કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડતી વખતની અને પરત કરતી વખતની જરૂરી આમનોંધ લખો. (બા.જે.જરૂરી નથી)

- ડિમ્પી લી. ના ચોપડે તા. 1-1-02 ના રોજ રૂા.100 નો એક એવા 20 ટકાના 40000 ડિબેન્ચર 5 ટકાના વટાવે બહાર પાડયા. જે ૫ ટકાના પ્રિમીયમે ૫ વર્ષ બાદ પરત કર્યા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

- અનુજ લી. ના ચોપડામાં તા. 1-4-05 ના બાકી નીચે મુજબ છે :

| | |
|---|---|
| ડિબેન્ચર પરતનિધિના રોકાણો | રૂા. 48,000 |
| (16 ટકાની સરકારી જામીનગીરીમાં મૂ.કિ. રૂા. 45000) | |
| ડિબેન્ચર પરતનિધિ ખાતુ | રૂા. 50,000 |
| 12 ટકાના ડિબેન્ચર | રૂા. 1,00,000 |

  કંપનીએ રૂા.30,000 સરકારી જામીનગીરી રૂા.100 ના ભાવે વેચી અને રૂા. 30,000 ના ડિબેન્ચર 10 ટકા પ્રિમીયમે પરત કર્યા. કંપનીના ચોપડે ડિબેન્ચર ખાતુ ડિબેન્ચર પરતનિધિ તથા ડિબેન્ચર પરતનિધિના રોકાણોનું ખાતુ તૈયાર કરો.

- ડિબેન્ચર સ્ટોક - સમજાવો

- અરવિંદ લી. એ રૂા.100 નો એક એવા 8 ટકાના 30000 ડિબેન્ચરો મૂળ કિંમતે પરત કરવાની શરતે બહાર પાડયા. ડિબેન્ચર બહાર પાડવાની અને મૂળ કિંમતે પરત કરવાની આમનોંધ લખો.

- કાઝી શના લી. એ રૂા.100 નો એક એવા 8 ટકાના 30000 ડિબેન્ચરો 10 ટકા પ્રિમીયમે બહાર પાડી અને મૂળ કિંમતે પરત કરવાના હોય તો. ડિબેન્ચર બહાર પાડવાની અને પરત કરવાની આમનોંધ આપો. (બા.જે.જરૂરી નથી)

- ટૂંક નોંધ - શૂન્ય વ્યાજવાળા ડિબેન્ચર્સ

- નીચેના સંજોગોમાં કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડવાની અને પરત કરવાની આમનોંધ લખો.

  તા. 1-1-2000 ના રોજ રૂા. 100 નો એક એવા 40000 ડિબેન્ચરો મૂળ કિંમતે બહાર પાડયા જે તા. 1-1-07 ના રોજ 10 ટકા પ્રિમીયમથી પરત કર્યા.

- માંડલ લી. રૂા.100 નો એક એવા 9 ટકાના 25000 ડિબેન્ચરો મૂળ કિંમતે પરત કરવાની શરતે બહાર પાડયા. ડિબેન્ચર બહાર પાડવાની અને મૂળકિંમતે પરત કરવાની આમનોંધ લખો.

- ઈશિત લી. પોતાના 12 ટકાના 10000 ડિબેન્ચર રૂા.100 નો એક એવા 5 ટકા પ્રિમીયમે પરત કરવા નીચે મુજબ વિકલ્પ આપે છે.

(1) 10 ટકાના પ્રેફરન્સ શેર દરેકના રૂા.100 નો રૂા. 80 લેખે ભરાયેલ રૂા.120 ના ભાવે - ૫000 ડિબેન્ચર

(2) 15 ટકાના નવા ડિબેન્ચર દરેક રૂા.100 નો 5 ટકા વટાવે - 3800 ડિબેન્ચર

(3) રોકડમાં ચુકવણી - 1200 ડિબેન્ચર

  કંપનીના ચોપડે ડિબેન્ચર પરત કરવાની નોંધ લખો.

- પટેલ લિ. તા. 1-4-03ના રોજ રૂા.100 નો એક એવા 5000 10 ટકાના ડિબેન્ચર 8 ટકા વટાવે બહાર પાડયા. દર વર્ષના અંતે રૂા. 50,000 ની રકમના ડિબેન્ચર પરત કરી પ્રથમ ચુકવણી તા. 31-3-04 ના રોજથી શરૂ કરી. તો 31-3-04 ના રોજ કંપનીના ચોપડે આમનોંધ લખો.

●●●

# વિભાગ - E

(1) પ્રેરણા અને પિયુષ મૂડીના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે.

**તા. 31-3-07 ના રોજનું પાકું સરવૈયું**

| જવાબદારીઓ | | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|---|
| મૂડી ખાતા | | | મકાન | 90,000 |
| પ્રેરણા | 50000 | | ફર્નિચર | 17,500 |
| પિયુષ | 150000 | 2,00,000 | યંત્રો | 1,07,500 |
| અનામત | | 37,500 | સ્ટોક | 17,500 |
| જવાબદારીઓ | | 32,500 | દેવાદારો | 30,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | | 1,500 | રોકડ/બેન્ક | 8,250 |
| | | | મળવાની બાકી આવક | 750 |
| | | **2,71,500** | | **2,71,500** |

- તારીખ 31-3-07 ના રોજ પોયણીને નફામાં 1/5 ભાગ આપવાની શરતે પ્રવેશ આપ્યો.

વધારાની માહિતી :

(1) પોયણીએ મૂડી પેટે રૂા. 62,500 અને પોતાના ભાગની પાઘડી પેટે રૂા. 24,000 રોકડા લાવ્યા. પાઘડીની રકમમાંથી 60 ટકા રકમ જુના ભાગીદારો તરત જ ઉપાડી જશે.

(૨) સ્ટોક અને યંત્રોની બજાર કિંમત અનુક્રમે રૂા.20,000 અને રૂા. 12,000 છે.

(3) દેવાદાર પર 10 ટકા ઘાલખાધ અનામત અને 2 ટકા વટાવ અનામતની જોગવાઈ કરવી.

(4) જવાબદારી પેટે કુલ રૂા. 30000 ચુકવવાના છે.

(૫) મકાનની કિંમતમાં 1૫ ટકા અને ફર્નિચરની કિંમતમાં 20 ટકાનો વધારો કરો.

(6) રૂા.1000 અન્ય ખર્ચના ચુકવવાના બાકી છે, જ્યારે મળવાની બાકી આવક રૂા. 750 છે.

ઉપરોક્ત માહિતી પરથી જરૂરી ખાતાં તૈયાર કરી નવું પાકું સરવૈયું તૈયાર કરો.

(1) આત્મન અને કરમન એક ભાગીદારી પેઢીના 4:1 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-12-06ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

**તા. 31-12-04 ના રોજનું પાકું સરવૈયુ**

| મૂડી-દેવાં | | રકમ રૂા. | મિલકત લેણાં | રકમ રૂા. |
|---|---|---|---|---|
| મૂડી ખાતાં | | | જમીન મકાન | 40,000 |
| આત્મન | 75000 | | ફર્નિચર | 30,000 |
| કરમન | 25000 | 1,00,000 | રોકાણો | 30,000 |
| ચાલુ ખાતાં | | | સ્ટોક | 10,000 |

| | | | |
|---|---|---|---|
| આત્મન 8000 | | દેવાદારો 5500 | |
| કરમન 2000 | 10,000 | બાદ: ધા.અ. 500 | 5,000 |
| કારીગર અકસ્માત | 5,000 | લેણી હુંડી | 2,000 |
| વળતર ફંડ | | રોકડ સિલક | 3,000 |
| લેણદારો | 4,000 | | |
| ચૂકવવાના બાકી | 1,000 | | |
| | **1,20,000** | | **1,20,000** |

ઉપરની તારીખે સેજલને નવા ભાગીદાર તરીકે નીચેની શરતે પ્રવેશ આપ્યો.

(1) સેજલે તેના નફાના 1/4 ભાગ પેટે રૂા. 20,000 રોકડા મૂડીના તથા રૂા.5,000 રોકડા પાઘડી પેટે લાવવા. પાઘડીની રકમમાંથી અડધી રકમ તરત જ જુના ભાગીદારો તરતજ ઉપાડી જશે.

(૨) જમીન અને મકાનની કિંમતમાં 10 ટકાનો વધારો તથા ફર્નિચર અને સ્ટોકની કિંમતમાં 5 ટકાનો ઘટાડો કરવો.

(3) રોકાણોની બજાર કિંમત રૂા. 40,000 છે. જે ચોપડે લાવવી.

(4) દેવાદારો પર 10 ટકા લેખે ધાલખાદ્ય અનામતની જોગવાઈ કરવાની છે.

(૫) રૂા. ૫00 બાકી પગાર છે જે ચુકવવાનો છે.

(6) અકસ્માત વળતર અંગે રૂા. 2000 નો એક દાવો મંજુર કરેલ છે જેને ચોપડે નોંધવાનો બાકી છે.

ઉપરની માહિતી પરથી ભાગીદારી પેઢીના ચોપડે જરૂરી ખાતા તૈયાર કરી નવા ભાગીદારના પ્રવેશબાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

(3) એમ, કે અને પી સરખે હિસ્સે નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેમની પેઢીનું તા. 31-12-06 ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

**તા. 31-12-06 ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | રકમ રૂા. | મિલકત લેણાં | રકમ રૂા. |
|---|---|---|---|
| મૂડી | | જમીન મકાન | 60,000 |
| એમ 40000 | | યંત્ર-સાધનો | 60,000 |
| કે 20000 | | રોકાણો | 6,000 |
| પી 10000 | 70,000 | દેવાદારો 60000 | |
| નફાનુકશાન ખાતુ | 6,000 | ઘા.અ. 12000 | 48,000 |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | 60,000 | લેણીહુંડી | 6,000 |
| લેણદારો | 50,000 | રોકડ સિલક | 6,000 |
| | **1,86,000** | | **1,86,000** |

તા. 31-12-06 ના રોજ આર ને પ્રવેશ આપ્યો :

(1) જમીન-મકાનની કિંમતમાં ૨૫ ટકાનો વધારો કરવો.

(૨) યંત્ર અને સાધનની કિંમતમાં 10 ટકા ઘટાડો કરવો.

(3) રોકાણોનું બજાર મૂલ્ય રૂા. 6600 ગણવી.

(4) બેન્ક ઓવરડ્રાફ્ટનું વ્યાજ રૂા. 3000 ચુકવવાનું છે.

(૫) લેણદારો પૈકી રૂા. 3000 ને નાણાં ચુકવવાનાં છે.

(6) આર મૂડી પેટે રૂા. 30,000 રોકડા લાવશે.

ઉપરની વિગતો ઉપરથી જરૂરી ખાતાં અને પ્રવેશ પછીનું પાકુ સરવૈયું તૈયાર કરો.

(4) રામ અને કૃષ્ણ 3:2 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-06 નું પાકું સરવૈયું નીચે છે.

**તા. 31-3-06 નું પાકું સરવૈયું**

| જવાબદારીઓ | રકમ | મિલકત લેણાં | રકમ |
|---|---|---|---|
| મૂડી ખાતાં | | જમીન - મકાન | 50,000 |
| રામ 35000 | | દેવાદારો 11000 | |
| કૃષ્ણ 25000 | 60,000 | બાદઃ ધા.અ. 1000 | 10,000 |
| પ્રોવિડન્ડ ફંડ | 9,000 | સ્ટોક | 18,000 |
| લેણદારો | 11,000 | રોકડ સિલક | 2,000 |
| | **80,000** | | **80,000** |

ઉપરનાં પાકા સરવૈયાની તારીખે રામ અને કૃષ્ણએ નવા ભાગીદાર શંકરને નીચેની શરતોએ પ્રવેશ આપ્યો.

(1) શંકરને મૂડી પેટે રૂા. 10,000 રોકડા લાવવા.

(૨) શંકરને પેઢીના ભવિષ્યના નફામાંથી 1/5 ભાગ આપવો. પેઢીની પાઘડીની કિંમત રૂા. 10,000 નક્કી થઈ છે.

(3) શંકર તેના ભાગની પાઘડીની રકમ રોકડમાં લાવી શકે તેમ નથી. આથી ભાગીદારોએ પાઘડીની પૂરેપુરી રકમ ચોપડે દર્શાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

(4) જમીન અને મકાનની કિંમત રૂા. 55,000 ગણવી.

(૫) દેવાદાર પર ધાલખાદ્ય અનામત 10 ટકા લેખે રાખવી.

(6) સ્ટોકની કિંમતમાં રૂા.1000 નો ઘટાડો કરવો.

(7) લેણદારની રકમમાંથી રૂા. 300 હવે ચુકવવાના નથી.

ઉપરની માહિતી પરથી પેઢીના ચોપડે જરૂરી ખાતાં ખોલો તેમજ પ્રવેશ પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

(૫) ઈ, એફ અને જી 4:3:3 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. ઈ તારીખ 31-3-07 ના રોજ નિવૃત્ત થાય છે. તે દિવસનું પાકુ સરવૈયું નીચે મુજબ છે :

**તા. 31-3-07 ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | રકમ રૂા. | મિલકત લેણાં | રકમ રૂા. |
|---|---|---|---|
| મૂડી | | પાઘડી | 1,000 |
| ઈ 8000 | | જમીન મકાન | 6,000 |
| એફ 5000 | | ફ્રિ હોલ્ડ મિલકત | 3,000 |
| જી 2000 | 15,000 | ફર્નિચર | 3,000 |

| | | | |
|---|---|---|---|
| સામાન્ય અનામત | 2,000 | સ્ટોક | 6,600 |
| લેણદારો | 8,000 | દેવાદારો | 7,000 |
| દેવીહુંડી | 2,000 | હાથ પર રોકડ | 400 |
| | **27,000** | | **27,000** |

વધારાની માહિતી

(1) છેલ્લા ચાર વર્ષના સરેરાશ નફાની બે વર્ષની ખરીદી જેટલી પાઘડીની કિંમત નક્કી કરવી અને નવા ચોપડે પાઘડી ન દર્શાવવી. છેલ્લા ચાર વર્ષનો નફો અનુક્રમે રૂા. 2700, રૂા. 2300, રૂા. 1800 અને રૂા. 2000 હતો.

(૨) જમીન મકાન તથા ફર્નિચરની કિંમત અનુક્રમે રૂા. 7000, રૂા. 2000 નક્કી થઈ જ્યારે સ્ટોક 10 ટકા વધુ કિંમતે દર્શાવેલ છે.

(3) ઈ ને રૂા. 5000 તરત જ ચુકવવા અને બાકીની રકમ લોન તરીકે રાખવી.

(4) એફ અને જી એ ઈ ને ચુકવવા અને રૂા.2000 કાર્યશીલ મૂડી તરીકે રાખવા અને જરૂરી રોકડ સરખે હિસ્સે લાવવી.

ઉપરની વિગત ઉપરથી જરૂરી ખાતાં તથા નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું બનાવો.

(6) સચીન, સૌરવ અને રાહુલ સરખા હિસ્સાના ભાગીદારો છે. તેમની પેઢીનું તા. 31-3-07 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

**પાકુ સરવૈયું**

| **જવાબદારીઓ** | | **રકમ રૂા.** | **મિલકત લેણાં** | | **રકમ રૂા.** |
|---|---|---|---|---|---|
| મૂડી | | | પાઘડી | | 20,000 |
| સચિન | 40000 | | જમીન-મકાન | | 50,000 |
| સૌરવ | 30000 | | યંત્રો | | 40,000 |
| રાહુલ | 20000 | 90,000 | સ્ટોક | | 10,000 |
| સામાન્ય અનામત | | 9,000 | દેવાદારો | 10000 | |
| બેન્ક ઓવરડ્રાફટ | | 10,000 | ધા.અનામત | 1000 | 9,000 |
| લેણદારો | | 55,000 | રોકડ | | 35,000 |
| | | **1,64,000** | | | **1,64,000** |

રાહુલ તા. 1-4-07 ના રોજ નિવૃત્ત થાય છે તે દિવસે નીચેની બાબતો નક્કી થઈ.

(1) સ્થિર મિલ્કતો 20 ટકા વધુ કિંમતે ચોપડે દર્શાવવી.

(૨) સ્ટોકનું મૂલ્ય 10 ટકા ઓછું ગણવું.

(3) લેણદારો પૈકી હવે રૂા. 5000 ના લેણદારને ચુકવવાના નથી.

(4) બેન્ક ઓવરડ્રાફટ ઉપર 10 ટકા લેખે છેલ્લા વર્ષનું વ્યાજ ચુકવવાનું છે.

(૫) પાઘડીનું નવું મૂલ્ય રૂા. 42000 નક્કી કરવામાં આવ્યું પરંતુ પાઘડી તેની જૂની કિંમતે ચોપડે દર્શાવવાની છે.

(6) કમિશનની લેણી થયેલ આવક રૂા. 2000ની છે જે મળી નથી જે અંગે ચોપડે નોંધ બાકી છે.

(7) રાહુલને તેણીની નીકળતી રકમ પૈકી રૂા. 34000 રોકડેથી ચૂકવી આપ્યા છે.

ઉપરના વ્યવહારોની અસર આપવા જરૂરી ખાતાં તૈયાર કરી રાહુલની નિવૃત્તી પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

(7) જયમિન, કૃણાલ અને ધ્વનિ 2:2:1 ના પ્રમાણની નફો - નુકશાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-06 ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે. જયમીન નિવૃત્ત થાય છે. નીચેની વિગતો અને પાકા સરવૈયા ઉપરથી જરૂરી ખાતાં અને નિવૃત્તિ પછીનું પાકું સરવૈયું બનાવો.

**તા. 31-3-07 ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | રકમ રૂા. | મિલકત લેણાં | રકમ રૂા. |
|---|---|---|---|
| મૂડી | | પેટન્ટસ | 20,000 |
| જયમીન 160000 | | જમીન મકાન | 1,00,000 |
| કૃણાલ 160000 | | યંત્રો | 1,00,000 |
| ધ્વનિ 80000 | 4,00,000 | લેણીહુંડી | 20,000 |
| સામાન્ય અનામત | 20,000 | મોટર કાર | 40,000 |
| 10ટકા ની ગીરો લોન | 40,000 | સ્ટોક | 1,20,000 |
| પ્રોવિડન્ડ ફંડ | 40,000 | દેવાદારો | 80,000 |
| કારીગર નફા ભાગ ભંડોળ | 20,000 | રોકડ | 1,00,000 |
| લેણદારો | 80,000 | ન.નું.ખાતુ (ઉધાર બાકી) | 20,000 |
| | **6,00,000** | | **6,00,000** |

વધારાની વિગતો :

(1) મકાન અને યંત્રો પર 10 ટકા ઘસારો ગણો.

(૨) સ્ટોકની કિંમત રૂા. 88000 અને પેટન્ટસ કિંમત વગરના ગણવા.

(3) પેઢીની કુલ પાઘડી રૂા. 75000 નકકી થઈ. આની હિસાબી અસર ચોપડે ખાતુ ખોલ્યા વગર આપવાની છે.

(4) જયમિન 20 ટકા ઓછી કિંમતે મોટરકાર લઈ જાય છે.

(૫) જયમિનને રૂા. 94800 રોકડા ચુકવવા અને બાકીની રકમ લોન તરીકે પેઢીમાં રાખવી.

(8) કૃતિ, પ્રકૃતિ અને સંસ્કૃતિ સરખે હિસ્સે નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-12-05 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | રકમ રૂા. | મિલકત લેણાં | રકમ રૂા. |
|---|---|---|---|
| મૂડી | | પાઘડી | 5,400 |
| કૃતિ 9000 | | જમીન મકાન | 12,000 |
| સંસ્કૃતિ 6000 | | રોકાણો | 1,500 |
| પ્રકૃતિ 6000 | 21,000 | સ્ટોક | 3,000 |
| રોકાણ વધઘટ ભંડોળ | 360 | દેવાદારો 3000 | |
| સામાન્ય અનામત | 1,200 | ધા.અ. 240 | 2,760 |
| લેણદારો | 3,600 | રોકડ / બેન્ક | 1,500 |
| | **26,160** | | **26,160** |

પ્રકૃતિ તારીખ 31-12-05 ના રોજ નિવૃત્ત થાય છે. જે અંગેની નીચેની વિગતો તથા ઉપરોક્ત પાકા સરવૈયાને આધાર જરૂરી ખાતાં તથા નિવૃત્તી પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

(1) પેઢીની પાઘડી છેલ્લા પાંચ વર્ષના સરેરાશ નફા જેટલી ગણવી જે રૂા. 15,750 છે.

(૨) જમીન - મકાનની કિંમત રૂા. 15,000 ગણવી, જયારે રોકાણ વધઘટ ભંડોળ રૂા. 150 રાખવાનું છે.

(3) ઘાલખાદ્ય અનામતની હવે જરૂર નથી.

(4) સ્ટોકની કિંમત રૂા. 2,820 નક્કી કરી.

(9) આરતી, પ્રસાદ અને પૂજા અનુક્રમે ૫:4:1 ના પ્રમાણમાં નફો નુકશાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-06 ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**તા. 31-3-06 ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ રૂા. | મિલકત લેણાં | | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| મૂડી ખાતાં | | | જમીન મકાન | | 45,000 |
| આરતી | 35000 | | યંત્રો | | 30,000 |
| પ્રસાદ | 30000 | | રોકાણો | | 16,000 |
| પૂજા | 22000 | 87,000 | સ્ટોક | | 15,000 |
| નફાનુકશાન ખાતુ | | 15,000 | દેવાદારો | 14000 | |
| દેવીહંડી | | 8,000 | બાદ : ધ.અ. | 2000 | 12,000 |
| પરચુરણ લેણદારો | | 19,000 | | | |
| | | | લેણી હુંડી | | 6,000 |
| | | | રોકડ સિલક | | 5,000 |
| | | **1,29,000** | | | **1,29,000** |

ઉપરની તારીખે પૂજા પેઢીમાંથી નિવૃત્ત થઈ જે અંગેની શરતો નીચે મુજબ છે :

(1) જમીન - મકાનની કિંમતમાં 10 ટકા નો વધારો કરો જ્યારે યંત્રોની કિંમતમાં 20 ટકાનો ઘટાડો કરો.

(૨) પેઢીની પાઘડીની કિંમત રૂા. 50000 આંકવામાં આવી જે પૂરેપરી ચોપડામાં દર્શાવવાની છે.

(3) તમામ રોકાણો રૂા. 20000 માં વેચવામાં આવ્યા.

(4) દેવાદારો પર 10 ટકા લેખે ઘાલખાદ્ય અનામત રાખવાની છે.

(૫) 1100 ના એક નહીં ચુકવેલ ખર્ચ અંગે ચોપડામાં હવાલાની અસર આપવાની છે.

(6) પૂજાને ચુકવવાની રકમ પૈકી રૂા. 20000 તેની લોન પેટે પેઢીમાં રાખવાના છે.

ઉપરોક્ત માહિતી ઉપરથી જરૂરી ખાતાં તથા પૂજાની નિવૃત્તી પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

(10) મોનાલી લીમીટેડ રૂા.10 નો એક એવા 1,00,000 ઈક્વિટી શેર શેર દીઠ રૂા. 50 ના પ્રીમીયમે બહાર પાડયા. શેર દીઠ રકમ નીચે મુજબ મંગાવવામાં આવી હતી.

અરજી સાથે રૂા. 22 (રૂા. 20 ના પ્રીમીયમ સહિત)

મંજૂરી સાથે રૂા. 23 (રૂા. 20 ના પ્રીમીયમ સહિત)

આખરી હપ્તા સાથે રૂા. 15 (રૂા.10 ના પ્રીમીયમ સહિત)

રાધાએ ધારણ કરેલા 1400 શેર પર આખરી હપ્તાની રકમ સિવાય બધા શેર પર પુરેપુરી રકમ મળી ગઈ હતી. કપનીએ યોગ્ય કાર્યવાહી બાદ રાધાના શેર જપ્ત કર્યા અને તે તમામ શેર, શેર દીઠ રૂા. 20 લેખે ગોપીને પૂરા ભરપાઈ થયેલ તરીકે ફરીથી વેચ્યા. તમામ વ્યવહારોની આમ નોંધ લખો.

(11) હર્ષ કંપની લિ.ની સત્તાવાર મૂડી રૂા.10 નો એક તેવા 50000 ઈક્વિટી શેરની છે. કંપનીએ 45000 શેર 20 ટકા પ્રીમીયમથી બહાર પાડયા. કંપનીએ 55000 શેર માટે અરજી મળી. વધારાની અરજીનાં નાણાં પરત કર્યા. પ્રીમીયમ અરજી અને મંજુરીમાં 1:1 ના પ્રમાણમાં મંગાવ્યું.

અરજી વખતે રૂા. 4.50, મંજુરી વખતે રૂા. 3.50, આખરી હપ્તો રૂા. 4.00 અમિત કે જે 1000 શેર ધરાવે છે. તેણે મંજુરી અને આખરી હપ્તાની તથા જયદીપ કે જે 2000 શેર ધરાવે છે તેણે આખરી હપ્તાનાં નાણાં ભર્યા નથી. કંપનીએ આ શેર જપ્ત કર્યા અને ત્યારબાદ પંકજને રૂા.7 ના ભાવે વેચ્યા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

(11) હેન્ડસમ લીમીટેડ રૂા.10 નો એક એવા 10,000 ઈક્વિટી શેર શેર દીઠ રૂા.1 ના વટાવે બહાર પાડે છે. તેના નાણાં નીચે મુજબ ચુકવવાનાં હતાં.

અરજી સાથે રૂા.2 મંજુરી સાથે રૂા. 2 પ્રથમ હપ્તા વખતે રૂા. 2.50 અને આખરી હપ્તા સાથે રૂા. 2.50. 400 શેર ધારણકરનાર રૂપમ બીજો હપ્તો ભરતો નથી. આથી તેના શેર જપ્ત કરવામાં આવે છે. જપ્ત થયેલા શેર પુરેપુરા ભરપાઈ થયેલા તરીકે શેર દીઠ રૂા. 5 ના ભાવે બહાર પાડયા. જરૂરી આમનોંધ લખો.

મુકેશ અને જગદીશ સરખે હિસ્સે નફો નુકશાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-07 ના રાજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| **મૂડી-દેવાં** | | **રકમ રૂા.** | **મિલકત લેણાં** | | **રકમ રૂા.** |
|---|---|---|---|---|---|
| મૂડી | | | જમીન-મકાન | | 2,40,000 |
| મુકેશ | 250000 | | પ્લાન્ટ યંત્રો | | 1,50,000 |
| જગદીશ | 250000 | 5,00,000 | રોકાણો | | 1,20,000 |
| લેણદારો | | 40,000 | સ્ટોક | | 10,000 |
| સામાન્ય અનામત | | 20,000 | દેવાદારો | 33,000 | |
| | | | બાદઃ ધા.અ. | 30,000 | |
| | | | રોકડ/બેન્ક સિલક | | 10,000 |
| | | **5,60,000** | | | **5,60,000** |

ઉપરની પાકા સરવૈયાની તારીખે પંકજને નીચેની શરતે ભાગીદારીમાં પ્રવેશ આપ્યો.

(1) પંકજને નફામાં 1/5 ભાગ આપવો.

(2) પંકજે મૂડી પેટે રૂા.150000 રોકડા લાવવા

(3) જમીન-મકાનની નવી કિંમત રૂા. 340000 ગણવી.

(4) પ્લાન્ટ અને યંત્રોની કિંમતમાં રૂા. 20000 નો વધારો કરવો.

(૫) રોકાણોની કિંમત રૂા. 100000 ગણવી.

(6) દેવાદારો ઉપર 10 ટકા લેખે ધાલખાદ્ય અનામતની જોગવાઈ કરો.

(7) લેણદારોની રકમમાંથી રૂા. 1750 હવે ચુકવવાના નથી જેથી ચોપડે નોંધ કરવી.

ઉપરની માહિતી પરથી પુનઃ મૂલ્યાંકન ખાતુ, ભાગીદારોના મૂડી ખાતુ, રોકડ ખાતુ તથા પ્રવેશ પછીનું પાકું સરવૈયું બનાવો.

(14) મીત, જીત અને નીલ 3:2:1 ના પ્રમાણમાં ન.નું. વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-04 ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ રૂા. | મિલકત લેણાં | | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| મૂડી ખાતાં | | | યંત્રો | | 1,72,000 |
| મીત | 200000 | | સ્ટોક | | 1,00,000 |
| જીત | 150000 | | ફર્નિચર | | 80,000 |
| નીલ | 100000 | 4,50,000 | દેવાદારો | 110000 | |
| લેણદારો | | 80,000 | બાદ : ધ.અ. | 5000 | 1,05,000 |
| સામાન્ય અનામત ખાતે | | 12,000 | રોકડ સિલક | | 85,000 |
| | | **5,42,000** | | | **5,42,000** |

નીચેની શરતોએ હીર નામના ભાગીદારને 1/6 ભાગ આપવો.

(1) હીરને નફામાં 1/6 ભાગ આપવો જે 1/8 મીત પાસેથી અને 1/24 નીલ પાસેથી મેળવશે.

(૨) હીર રૂા. 1,20,000 મૂડી તરીકે અને રૂા. 4,80,000 પાઘડી તરીકે લાવે છે.

(3) યંત્રોની કિંમત રૂા. 1,94,000 ગણવી જ્યારે સ્ટોકની કિંમતમાં 10 ટકાનો ઘટાડો કરવો.

(4) દેવાદાર પર ૫ ટકા ધ.અ.ની અને લેણદારો પર 2.5 ટકા વટાવ અનામતની જોગવાઈ કરો.

(5) નવા ભાગીદારની મૂડીને પાયારૂપ ગણી અન્ય ભાગીદારની મૂડી નવા ન.નું. ના પ્રમાણમાં રાખવી.

ઉપરોક્ત વિગતો ઉપરથી જરૂરી આમનોંધ લખો, જરૂરી ખાતાં બનાવો તથા નવું પાકું સરવૈયું તૈયાર કરો.

(15) તેજસ, તિમિર અને તન્મય 2:2:1 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**તા. 31-12-06 ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ રૂા. | મિલકત લેણાં | રકમ રૂા. |
|---|---|---|---|---|
| મૂડી | | | જમીન-મકાન | 50,000 |
| તેજલ | 15000 | | યંત્રો | 25,000 |
| તિમિર | 25000 | | રોકાણો | 5,000 |
| તન્મય | 35000 | 75,000 | સ્ટોક | 10,000 |
| લેણદારો | | 32,000 | દેવાદારો | 10,000 |
| દેવીહુંડી | | 8,000 | રોકડ બેન્ક | 30,000 |
| ભવિષ્ય નિધિ | | 15,000 | ન.નું. ખાતુ | 5,000 |
| સામાન્ય અનામત | | 5,000 | | |
| | | **1,35,000** | | **1,35,000** |

તેજલ તા. 31-12-06 ના રોજ પેઢીમાંથી નિવૃત્ત થાય છે. તે વખતે મિલકતોનું પુનઃ મૂલ્યાંકન નીચે મુજબ છે. જમીન મકાન રૂા. 68000, યંત્રો રૂા. 22000, સ્ટોક રૂા. 12000, રોકાણો રૂા. 60000 અને રૂા. 2000 ના દેવાદારો શકમંદ નક્કી થયા. તેજલની નિવૃત્તી સમયે પેઢીની પાઘડી રૂા. 10000 નક્કી કરવામાં આવી છે. નવા ચોપડે પાઘડી દર્શાવવાની છે.

ઉપરની વિગતો પરથી જરૂરી ખાતાં તૈયાર કરો અને નવું પાકું સરવૈયું તૈયાર કરો.

(16) પી, ક્યુ અને આર એ 2:2:1 ના નફા નુકશાનથી ધધો કરતા ભાગીદારો છે. તા. 31-3-03 ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

| મૂડી-દેવાં | | રકમ રૂા. | મિલકત લેણાં | રકમ રૂા. |
|---|---|---|---|---|
| મૂડી | | | જમીન મકાન | ૫0,000 |
| પી | 80000 | પાઘડી | 10,000 | |
| ક્યુ | 80000 | | લેણીહુંડી | 10,000 |
| આર | 40000 | 2,00,000 | યંત્રો | 50,000 |
| અનામત | | 10,000 | મોટર કાર | 60,000 |
| 10ટકા ની ગીરો લોન | | 20,000 | સ્ટોક | 20,000 |
| પ્રોવીડંડ ફંડ | | 20,000 | દેવાદારો | 40,000 |
| કર્મચારી નફા ભાગ ભંડોળ | | 10,000 | હાથ પર રોકડ | 50,000 |
| લેણદારો | | 40,000 | ન.નું.ખાતુ (ઉધાર) | 10,000 |
| | | **3,00,000** | | **3,00,000** |

નીચે દર્શાવેલ શરતોને આધીન ભાગીદાર પી નિવૃત્ત થાય છે.

(1) મકાન અને યંત્રો પર 10 ટકા ઘસારો ગણો.

(૨) મોટરકારની કિંમત રૂા. 44000 અંદાજેલ છે. અને પાઘડીનું મૂલ્ય શૂન્ય થાય છે.

(3) પેઢીની પાઘડી રૂા. 75000 નક્કી થઈ. પરંતુ તેની હિસાબી અસર ચોપડે ખાતું ખોલ્યા સિવાય આપવાની છે.

(4) પી સ્ટોક 20 ટકા ઓછી કિંમતે લઈ લે છે.

(૫) પી ને રૂા. 47,400 તાત્કાલીક ચુકવવા અને બાકીની રકમ 6 ટકાના વ્યાજના દરે લોન તરીકે પેઢીમાં રાખે છે.

જરૂરી ખાતાં તથા પાકું સરવૈયું બનાવો.

(17) એક્સ, વાય અને ઝેડ તેમની મૂડીના પ્રમાણમાં નફો નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેમની પેઢીનું 31-12-03 ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

| મૂડી-દેવાં | | રકમ રૂા. | મિલકત લેણાં | રકમ રૂા. |
|---|---|---|---|---|
| મૂડી | | | પ્લાન્ટ યંત્રો | 90,000 |
| એક્સ | 60000 | | જમીન મકાન | 60,000 |
| વાય | 90000 | | સ્ટોક | 30,000 |
| ઝેડ | 60000 | 2,10,000 | દેવાદારો | 30,000 |
| પરચુરણ લેણદારો | | 30,000 | રોકડ / બેન્ક | 30,000 |
| | | **2,40,000** | | **2,40,000** |

તા. 31-12-03 ના રોજ ઝેડ નિવૃત્ત થાય છે. આ સમયે મિલકતો અને જવાબદારીનું મૂલ્યાંકન નીચે પ્રમાણે થયું :

(1) પ્લાન્ટ અને યંત્રો પર 10 ટકા ઘસારો ગણો.

(૨) જમીન મકાનની કિંમતમાં 20 ટકા વધારો કરો.

(3) આખરનાં સ્ટોકનું મૂલ્યાંકન રૂા. 25000 નક્કી થયું.

(4) ઘાલખાદ્ય અનામતની 10 ટકા લેખે જોગવાઈ કરવી.

(5) રૂા. 5000 ની લેણી થયેલ પરંતુ નહીં મળેલ આવક જે ચોપડે નોંધી નથી તેને નોધવી.

(6) પાઘડી રૂા. 70000 નક્કી થઈ. ઝેડના ભાગની રકમ જેટલીજ પાઘડીની સીધી અસર એકસ તથા વાય ના મૂડી ખાતે આપો.

(7) નવી પેઢીની કુલ મૂડી ઝેડની નિવૃત્તિ પહેલાં જે હતી તેટલી જ રાખવાની છે. જે એકસ અને વાય એ વ્યક્તિગત રીતે તેમના નફા નુકશાનના પ્રમાણમાં રાખવાની છે. નવા નફા નુકશાનનું પ્રમાણ 1:1 રાખવાનું છે.

(8) ઝેડ ને ચુકવવાની થતી રકમ રોકડેથી ચુકવી દેવી.

જરૂરી ખાતાં તથા નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

(18) વી, એલ અને પી સરખે હિસ્સે નફો નુકશાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-06 ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

**તા. 31-3-06 ના રોજનું પાકું સરવૈયું**

| **મૂડી-દેવાં** | | **રકમ રૂા.** | **મિલકત લેણાં** | | **રકમ રૂા.** |
|---|---|---|---|---|---|
| મુડી - | | | પાઘડી | | 5,400 |
| વી | 10200 | | જમીન - મકાન | | 12,000 |
| એલ | 7200 | | રોકાણો | | 1,500 |
| પી | 7200 | 24,600 | સ્ટોક | | 3,000 |
| સા. અનામત | | 1,200 | દેવાદારો | 3000 | |
| રોકાણ વધઘટ ભંડોળ | | 360 | ધા.અ. | 240 | 2,760 |
| | | | રોકડ / બેન્ક | | 1,500 |
| | | **86,160** | | | **86,160** |

તા. 31-3-06 ના રોજ પી પેઢીમાંથી નિવૃત્ત થાય છે.

(1) પેઢીની પાઘડી છેલ્લા પાંચ વર્ષના સરેરાશ નફા જેટલી ગણવી.

(2) જમીન મકાનની કિંમત રૂા. 15000 ગણવી.

(3) રોકાણ વધઘટ ભંડોળ રૂા.150 રાખવું.

(4) દેવાદારો પૈકી બધા જ સધ્ધર છે. ઘાલખાદ્ય અનામની જરૂર નથી.

(૫) સ્ટોકની કિંમત રૂા. 2820 નક્કી કરવી.

(6) છેલ્લા પાંચ વર્ષના નફાના આંકડા નીચે પ્રમાણે છે :

| વર્ષ | નફો રૂા. |
|---|---|
| 31-3-06 | 3000 |
| 31-3-05 | 2400 |
| 31-3-04 | 2700 |
| 31-3-03 | 4200 |
| 31-3-02 | 3450 |

જરૂરી ખાતાં તૈયાર કરો અને નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

(19) નીચે આપેલી વિગતો પરથી કંપનીના ચોપડે શેર જપ્તી અંગેની તેમજ જપ્ત થયેલા શેર ફરી બહાર પાડવાની આમનોંધ લખો :

(1) અનુરાધા પાસેનાં રૂા.10 ની મૂળ કિંમતના 400 શેર જે શેર મંજુરી વખતના શેર રૂા. 4 (રૂા. 2 પ્રીમીયમ સહિત), શેર પ્રથમ હપ્તાના શેર દીઠ રૂા. 2 અને શેર છેલ્લા હપ્તાનાં શેર દીઠ રૂા. 3 નહીં ભરી શકવાને કારણે કંપનીએ જપ્ત કર્યા. જેમાંથી 300 ઈક્વિટી શેર, શેર દીઠ રૂા. 8 લેખે બહાર પાડયા જે અનીતાએ ખરીદયા.

(૨) મંજુરીના શેર દીઠ રૂા. 14 (રૂા. 10 પ્રીમીયમ સહિત) અને પ્રથમ તથા આખરી હપ્તાનાં શેર દીઠ રૂા. 3 નહીં ભરાતા કંપનીએ ચેતને ધારણ કરેલ રૂા.10 નો એક તેવા 200 ઈક્વિટી શેર જપ્ત કર્યા. અને તે બધા શેર આપી શકાય તેટલો વધુમાં વધુ વટાવ આપી ફરીથી બહાર પાડયા જે સુરેશે ખરીદયાં.

(3) છેલ્લા હપ્તાનાં શેર દીઠ રૂા.3 ની રકમ નહીં ભરતાં હરીશે ધારણ કરેલ રૂા.10 નો એક તેવા 200 ઈક્વિટી શેર જે 10 ટકાના વટાવે બહાર પાડેલ હતા તે કંપનીએ જપ્ત કર્યા અને ફરીથી રૂા. 6 લેખે બહાર પાડયા.

(20) અતુલ લીમીટેડ રૂા.10 નો એક તેવા 120000 ઈક્વિટીશેર, શેર દીઠ રૂા. 0.50 ના વટાવે બહાર પાડયા. શેર દીઠ નીચે મુજબ રકમ મંગાવવામાં આવી હતી.

અરજી સાથે રૂા. 2.50 (વટાવ બાદ)

મંજુરી વખતે રૂા. 2.00

પ્રથમ હપ્તા વખતે રૂા. 3.00

છેલ્લા હપ્તા વખતે રૂા. 2.00

400 શેર ધારણ કરનાર સાંઈ પાસેથી મંજુરી, પ્રથમ હપ્તા અને છેલ્લા હપ્તાની તથા 600 શેર ધારણ કરનાર અમર પાસેથી પ્રથમ હપ્તા અને આખરી હપ્તાની રકમ મળી નથી. તે સિવાય બાકીના બધા શેર પર પુરેપુરી રકમ મળી ગઈ હતી. જરૂરી આમનોંધ લખો.

• • •

## વિભાગ - F

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : (પ્રત્યેકના ૧ર ગુણ)**

(1) માનવ અને મહેશ એક પેઢીના ભાગીદારો છે. તેઓ અડધો નફો સરખા ભાગે અને બાકી નફો મુડીના પ્રમાણમાં ફાળવે છે. પેઢીનું કાચુ સરવૈયું અને આપેલ હવાલાઓ પરથી તા. 31-3-07 ના રોજ પુરાં થતાં વર્ષનું નફા-નુકશાન ખાતુ અને પાકુ સરવૈયું બનાવો.

**તા. 31-3-07 ના રોજનું કાં સરવૈયું**

| ખાતાનું નામ | ઉધાર બાકી રૂા. | જમા બાકી રૂા. |
|---|---|---|
| માનવનો ઉપાડ અને મૂડી | 15,000 | 1,32,000 |
| મહેશનો ઉપાડ અને મૂડી | 10,000 | 88,000 |
| પગાર | 48,000 | - |
| જાહેરાત ખર્ચ | 20,000 | - |
| દેવાદારો અને લેણદારો | 80,000 | 70,000 |
| પટે રાખેલ જમીન (1-4-06 થી 12 વર્ષ માટે) | 1,20,000 | - |
| પરચૂરણ ખર્ચ અને દલાલી | 7,500 | 4,000 |
| ટ્રેડમાર્ક અને ચૂ.બાકી જાહેરાત ખર્ચ | 20,000 | 10,000 |
| પાઘડી અને સા. અનામત | 36,000 | 30,000 |
| રિલાયન્સ કાું. લી.ના શેરમાં રોકાણ | 20,000 | - |
| શેરનું ડિવિડન્ડ | - | 2,500 |
| માલનો સ્ટોક (તા. 31-3-07) | 1,10,000 | - |
| વટાવ | 5,000 | 10,000 |
| મકાન | 60,000 | - |
| લેણીહુંડી અને દેવીહુંડી | 32,000 | 46,000 |
| કર્મચારીના પ્રો.ફંડમાં ફાળો અને પ્રો.ફંડ | 3,500 | 40,000 |
| ઘાલખાધ અને ઘાલખાધ અનામત | 2,000 | 5,000 |
| ફર્નિચર અને ફિક્ષચર્સ | 20,000 | - |
| રોકડ અને બેંન્ક | 8,500 | 30,000 |
| વેપાર ખાતે | - | 1,50,000 |
| **કુલ સરવાળો** | **6,17,000** | **6,17,000** |

**હવાલા :**

(1) ફર્નિચરમાં રૂા. 10,000 નું ફર્નિચર તા. 1-1-07 ના રોજ ખરીદેલ છે. ફર્નિચર પર 6 ટકા લેખે અને મકાન પર ૫ ટકા લેખે ઘસારો ગણો.

(2) જાહેરાતનો ખર્ચ ૨ વર્ષમાં માંડવાળ કરવાનો છે.

(3) ઘાલખાદ્ય અનામતની બાકી રૂા.10000 સુધી વધારો અને દેવાદારો પર 2 ટકા વટાવ અનામતની જોગવાઈ કરો.

(4) બેંક ઓવરડ્રાફટનું વ્યાજ રૂા.1,500 ચુકવવાના બાકી છે.

(2) ટીના અને મીના એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-00 ના રોજનું કાચુ સરવૈયુ નીચે મુજબ છે. હવાલા ધ્યાનમાં લઈ વાર્ષિક હિસાબો તૈયાર કરો

| **વિગત** | **ઉધાર બાકી રૂા.** | **જમા બાકી રૂા.** |
|---|---|---|
| મૂડી અને ઉપાડ ખાતા - ટીના | 5,000 | 50,000 |
| મીના | 2,000 | 30,000 |
| ટીનાની લોન (તા.1-10-99) | - | 10,000 |
| માલના ખાતા | 48,000 | 1,55,000 |
| વટાવ | 500 | 300 |
| વ્યક્તિના ખાતા | ૫8,500 | 30,000 |
| રોકડ બેંક | ૫00 | 2,000 |
| ફર્નિચર | 10,000 | - |
| માલ પરત ખાતા | 4,000 | 1,000 |
| છૂટા ઓજારો | 3,000 | - |
| પગાર | 10,000 | - |
| ફર્નિચરમાં વધારો (તા.1-10-99) | 5,000 | - |
| કાયમી મિલકતો (મૂ.કિ. રૂા.100000) | 45,000 | - |
| પાઘડી | 5,000 | - |
| યંત્રો | 20,000 | - |
| મોટર કાર | 10,300 | - |
| મોટરકાર પર ઘસારો | 700 | - |
| ઘાલખાદ્ય અને ઘાલખાદ્ય અનામત | 500 | 1,500 |
| ભાડાપટ્ટાનું મકાન (તા.31-3-04 સુધી) | 40,000 | - |
| વીમા પ્રીમીયમ | 2,000 | - |
| સ્ટોક (તા.1-4-99) | 15,000 | - |
| દેવી હુંડી | - | 5,200 |
| | **2,85,000** | **2,85,000** |

**હવાલા :**

(1) મૂડી પર 10 ટકા વ્યાજ ગણો આખર સ્ટોક રૂા. 25,000 છે.

(2) ચુકવવાનો બાકી પગાર રૂા. 2000 અને અગાઉથી ચુકવેલ વીમો રૂા. 500 છે.

(3) છૂટા ઓજારોની કિંમત રૂા. 2800 ગણવી.

(4) મોટરકાર પર ઘસારાનો દર વધારીને 10 ટકા કરો.

(5) ફર્નિચર પર અને યંત્રો પર 10 ટકા ઘટતી જતી બાકી મુજબ અને કાયમી મિલકતો પર સરખા હપ્તા પદ્ધતિએ 10 ટકા ઘસારો ગણો.

(3) નિલમ અને નિરાલી એક પેઢીના મૂડીના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. નીચેની વિગતો પરથી વેપાર ખાતુ, નફા-નુકશાન ખાતુ, નફા-નુકશાન ફાળવણી ખાતુ, ચાલુ ખાતા અને પાકું સરવૈયું તૈયાર કરો.

**તા. 31-3-95ના રોજનું કાચું સરવૈયું**

| વિગત | ઉધાર બાકી રૂા. | જમા બાકી રૂા. |
|---|---|---|
| શરૂનો સ્ટોક | 15,000 | - |
| નિલમની મૂડી અને ઉપાડ | 7,500 | 1,80,000 |
| નિરાલીની મૂડી અને ઉપાડ | 5,000 | 1,50,000 |
| ખરીદ અને વેચાણ | 80,000 | 1,20,000 |
| માલ પરત | 3,000 | 2,000 |
| લેણું અને દેવું | 27,400 | 9,000 |
| પગાર (તા.૨૮-૨-૯૫ સુધીનો) | 13,200 | - |
| યંત્રો | 71,760 | - |
| યંત્રોને ઘસારો | 6,240 | - |
| મકાન | 80,000 | - |
| મજુરી અને મજુરી બાકી | 1,400 | 700 |
| ગાડાભાડું | 200 | - |
| વીમા - પ્રિમીયમ | 1,800 | - |
| ધાલખાદ્ય અને ધા.અનામત | 700 | 3,000 |
| નિલમની લોન | - | 30,000 |
| વટાવ | 2,500 | 3,600 |
| લોન પર વ્યાજ | 1,200 | - |
| ફર્નિચર | 87,000 | - |
| સ્ટેશનરી | 7,000 | - |
| જાહેરાત ખર્ચ | 36,000 | - |
| રોકડ અને બેંક | 51,200 | 2,800 |
| ચાલુ ખાતા : નિલમ | 17,000 | - |
| નિરાલી | - | 14,000 |
| | **5,15,100** | **5,15,100** |

**હવાલા :**

(1) આખર માલનો સ્ટોક રૂા. 21000 છે જેમાં સ્ટેશનરીનો રૂા. 2000નો સ્ટોક સમાયેલો છે.

(૨) યંત્રો પર ઘસારાનો દર વધારીને 10 ટકા કરવાનો છે.

(3) ધાલખાદ્ય રૂા. 1400 માંડી વાળો

(4) દેવાદાર પર ધાલખાદ્ય અનામત 5 ટકા રાખો.

(5) રૂા. 1000 નું ઉધાર વેચાણ ભૂલથી ખરીદ-પરત નોંધમાં નોંધાયેલ છે.

(6) જાહેરાત ખર્ચના 25 ટકા આવતાં વર્ષ માટે લઈ જવાના છે.

(7) ચાલુ ખાતા પર 10 ટકા સ્થિર મૂડી પર 12 ટકા અને ઉપાડ પર 18 ટકા વ્યાજ ગણવાનું છે.

(4) પ્રતાપ અને પરેશ અનુક્રમે 2 : 1 ના પ્રમાણમાં નફો નુકશાન વહેંચતા ભાગીદાર છે. તા. 31-12-05 ના રોજનું તેમનું પાકું સરવૈયું નીચે મુજબ હતું. કાચું સરવૈયું અને આપેલા હવાલા પરથી તા. 31-12-05 ના રોજ પુરાં થતાં વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**કાચું સરવૈયું (તા. 31-12-05)**

| ઉધાર બાકી | રકમ રૂા. | જમા બાકી | રકમ રૂા. |
|---|---|---|---|
| પ્રતાપનું ચાલુ ખાતુ | 2,500 | પ્રતાપની મુડી | 50,000 |
| રોકડ અને બેંક | 12,000 | પરેશની મુડી | 50,000 |
| ભાડુ, કર, વીમો | 4,500 | પરેશનું ચાલુ ખાતુ | 12,000 |
| લેણી હુંડી | 10,000 | દેવી હુંડી | 5,000 |
| વ્યાજ | 750 | કમિશન | 2,200 |
| જાહેરાત ખર્ચ | 7,000 | લેણદારો | 30,000 |
| માલ સ્ટોક (31-1૨-0૫) | 60,000 | ઉવીની લીધેલી લોન | |
| શેર લોનમાં રોકાણ | 15,000 | 8ટકાની (તા.1-4-05) | 25,000 |
| મકાન | 30,000 | કાચો નફો | 59,150 |
| પગાર | 18,000 | | |
| પ્લાન્ટ-યંત્રો | 25,000 | | |
| દેવાદારો | 30,000 | | |
| કમિશન મળવાનું બાકી | 600 | | |
| પ્રતાપનો ઉપાડ | 7,500 | | |
| પરેશનો ઉપાડ | 7,500 | | |
| | **2,33,350** | | **2,33,350** |

**હવાલા :**

(1) જાહેરાત ખર્ચની 50 ટકા રકમ આવતા વર્ષ ખાતે લઈ જવાની છે.

(2) સ્થિર મૂડી પર 6 ટકા અને ચાલુ ખાતાની શરૂઆતની બાકી પર 5 ટકા વ્યાજ ગણવાનું છે.

(3) ઉપાડ પર 8 ટકા લેખે વ્યાજ લેવાનું છે.

(4) પ્રતાપને વહેંચણીપાત્ર નફાના 5 ટકા કમિશન આપવાનું છે.

(5) શેરલોન ઉપર 8 ટકા વ્યાજ જાહેર થયું છે જે હજુ સુધી મળેલ નથી.

(6) મકાન પર 8.1/3 ટકા તથા પ્લાન્ટ - યંત્રો પર 5 ટકા ઘસારો ગણવાનો છે.

(7) દેવાદારો પર 5 ટકા ધા.અનામત રાખો અને 2 ટકા વટાવ અનામતની જોગવાઈ કરો.

(5) રામ અને જલારામ સરખા હિસ્સે નફો નુકશાન વહેંચે છે. નીચે દર્શાવેલ કા.સ. અને હવાલાઓને આધારે તેમની પેઢીનું તા. 31-3-2001 ના રોજ પુરાં થતાં વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**કાચુ સરવૈયું (તા. 31-3-01)**

| ઉધાર બાકી | રકમ રૂા. | જમા બાકી | રકમ રૂા. |
|---|---:|---|---:|
| રામનો ઉપાડ | 10,000 | રામની મુડી | 70,000 |
| જલારામનો ઉપાડ | 5,000 | જલારામની મુડી | 30,000 |
| પાઘડી | 10,000 | લેણદારો | 50,000 |
| પેટન્ટ અને ટ્રેડમાર્ક | 5,000 | વેચાણ | 1,75,000 |
| યંત્રો | 30,000 | ખરીદ પરત | 10,000 |
| સ્ટોક (1-4-2000) | 12,000 | દેવીહુંડી | 5,000 |
| ફર્નિચર | 6,000 | ધાલખાદ્ય અનામત | 4,000 |
| દેવાદારો | 62,000 | વટાવ | 3,000 |
| ખરીદી | 80,000 | ધાલખાદ્ય પરત | 2,500 |
| વેચાણ પરત | 15,000 | નયનની 12 ટકાની લોન | 20,000 |
| મજૂરી | 12,000 | માલસામાન ભંગારનું વેચાણ | 3,500 |
| ફર્નિચર ઘસારો | 600 | | |
| સ્ટેશનરી છપામણી | 3,100 | | |
| મકાન | 92,000 | | |
| કાનૂની ખર્ચ | 13,000 | | |
| રોકડ સિલક | 1,000 | | |
| રેલવેનૂર | 1,200 | | |
| વીમા પ્રિમીયમ | 2,300 | | |
| લેણીહુંડી | 8,000 | | |
| ધાલખાદ્ય | 3,000 | | |
| વટાવ | 1,500 | | |
| હાથ પર સ્ટેમ્પ | 300 | | |
| | **3,73,000** | | **3,73,000** |

**હવાલા :**

(1) આખર સ્ટોક : (અ) માલ રૂા. 10,000 (બ) સ્ટેશનરી રૂા. 300

(૨) મકાન ખરીદીના કાનુની ખર્ચા રૂા. 8000 મકાન ખાતે લખવાને બદલે કાનુની ખર્ચ ખાતે ઉધારેલ છે.

(3) દેવાદારોમાંથી રૂા. 2000 ઘાલખાદ્યના માંડી વાળો તથા દેવાદારોના ૫ ટકા ઘાલખાદ્ય અનામત રાખો.

(4) યંત્રો ઉપર 10 ટકા અને મકાન ઉપર 5 ટકા ઘસારાની જોગવાઈ કરો.

(5) પાઘડીનો 1/5 ભાગ અને પેટન્ટ-ટ્રેડમાર્કનો 1/10 ભાગ માંડી વાળવાનો છે.

(6) ગંગા અને જમના એક પેઢીના ભાગીદાર છે. તા. 31-3-06 ના રોજના કા.સ. અને હવાલાઓ પરથી પેઢીનું વેપાર ખાતુ, નફાનુકશાન ખાતુ, ન.નું. ફાળવણી ખાતુ, ભાગીદારોના મુડી ખાતા તથા પાકું સરવૈયુ તૈયાર કરો.

**તા. 31-3-06 ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ રૂા. | જમા બાકી | રકમ રૂા. |
|---|---:|---|---:|
| ઉપાડ : ગંગા | 4,800 | મુડી : ગંગા | 24,000 |
| જમના | 3,200 | જમના | 16,000 |
| વ્યવસ્થિત ખરીદી | 1,06,000 | વેચાણ | 2,00,000 |
| માલનો સ્ટોક (31-3-06) | 28,000 | વેપારીઓ | 30,000 |
| ગ્રાહકો | 48,000 | નમુના તરીકે વહેચેલ માલ | 2,000 |
| મજુરી-પગાર | 10,000 | બેંક ઓવરડ્રાફટ | 14,000 |
| વેપાર ખર્ચ | 16,000 | | |
| મકાન | 50,000 | | |
| ફર્નિચર ફિટીંગ્સ | 10,000 | | |
| ઓફિસ સાધનો | 4,000 | | |
| પેકિંગ સામગ્રીનો સ્ટોક | 4,000 | | |
| રોકડ સિલક | 2,000 | | |
| | **2,86,000** | | **2,86,000** |

**હવાલા :**

(1) મુડી પર 8 ટકા અને ઉપાડ પર 12 ટકા લેખે વ્યાજ ગણવાનું છે. ગંગાએ દર માસના અંતે રૂા. 400 અને જમનાએ તા. 1-10-05 ના રોજ ઉપાડ કર્યો છે.

(2) રૂા. 10000 ના ઉધાર વેચાણની નોંધ કરવાની બાકી છે તથા માર્ચ 2006ની વેચાણ નોંધનો સરવાળો ભૂલથી રૂા. 2000 વધુ ગણ્યો છે.

(3) રૂા. 2000 વધારાની ઘાલખાદ્ય અને ૫ ટકા ઘાલખાદ્ય અનામત રાખો.

(4) રૂા. 4000 નું ફિટીંગ્સ નકામું થઈ ગયું છે. જેની ચોપડે નોંધ કરવાની બાકી છે.

(5) એક ગ્રાહકને માલ પુરો પાડવાનો કરાર પુરો નહીં કરી શકવા બદલ કોર્ટે રૂા. 4000 ચુકવવાનો દાવો મંજુર કરેલ છે.

(6) ચુકવવાની બાકી મજુરીના રૂા. 2000 મજુરી ખાતે નોંધ્યા છે પરંતુ ચુકવવાની બાકી મજુરી ખાતે નોધવાના બાકી છે.

- વાલજી અને માલજી 3:2 ના પ્રમાણમાં નફો નુકશાન વહેંચે છે. નીચેના કાચા સરવૈયા અને હવાલા પરથી વેપાર ખાતુ, નફા-નુકશાન ખાતુ, નફા-નુકશાન ફાળવણી ખાતુ, ચાલુ ખાતા, પાકુ સરવૈયુ તૈયાર કરો.

**તા. 31-3-07 ના રોજનું કાચું સરવૈયું**

| **વિગત** | **ખા.પા.** | **ઉધાર** | **જમા** |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | | 30,000 | - |
| ખરીદ - વેચાણ | | 20,000 | 40,000 |
| લેણીહૂંડી-દેવીહૂંડી | | 5,500 | 9,300 |
| દેવાદારો - લેણદારો | | 12,500 | 7,000 |
| જાહેરાત ખર્ચ | | 5,000 | - |
| માલ પરત | | 1,000 | 2,800 |
| દરમાયો | | 1,750 | - |
| વટાવ | | 350 | 400 |
| ગાડાભાડું | | 700 | - |
| વીમા પ્રિમીયમ | | 1,800 | - |
| ધાલખાધ ધાલખાધ અનામત | | 800 | 3,500 |
| યંત્રો | | 40,000 | - |
| અગાઉથી ચુકવેલ પગાર | | 900 | - |
| રોકડ - બેંક | | 500 | 42,000 |
| 10%ની બેકમાં બાંધી મુદત ખાતે | | 25,000 | - |
| ઓફિસ ફર્નિચર | | 35,000 | - |
| વાલજીની લોન | | - | 15,000 |
| પેટન્ટ | | 7,000 | |
| ડેમરેજ - ડિવીડન્ડ | | 3,000 | 600 |
| વાલજીની મુડી અને ઉપાડ | | 12,000 | 60,000 |
| માલજીની મુડી અને ઉપાડ | | 9,000 | 70,000 |
| પટ્ટાનું મકાન | | 42,000 | - |
| ચાલુ મુડી : | | | |
| વાલજી | | 4,000 | - |
| માલજી | - | 6,000 | |
| **કુલ સરવાળો** | | **2,55,100** | **2,55,100** |

**હવાલા :**

(1) આખર સ્ટોકની કિંમત રૂા.10000 ની છે જેની બજાર કિંમત રૂા. 8000 છે.

(2) યંત્રો પર 10 ટકા ઘસારો ગણો અને પટ્ટાનું મકાન તા. 1-10-04 થી પાંચ વર્ષ માટે લીધેલ છે.

(3) રૂા. 4000 ના જાહેરાત માટે વહેંચેલ માલની નોંધ થઈ નથી. કુલ જાહેરાત ખર્ચ પાંચ વર્ષમાં માંડી વાળવાનો છે.

(4) મુડી પર 12 ટકા ખને ઉપાડ ઉપર 5 ટકા વ્યાજ ગણો.

(5) એક દેવાદાર પાસેથી 5 ટકા રોકડ વટાવે રૂા. 950 નો ક્રોસ ચેક મળેલ છે. જેની નોંધ થઈ નથી.

(6) વીમા પ્રિમીયમ તા. 30-6-07 ના રોજ પુરા થતાં વર્ષનું છે.

(9) મીનલ અને કિનલ એક પેઢીના ભાગીદારો છે. તેઓ 60 ટકા નફો મુડીના પ્રમાણમાં અને બાકીનો નફો 2:5 ના પ્રમાણમાં વહેંચે છે. નીચે આપેલા તા.31-3-07 ના કાચા સરવૈયા અને હવાલા પરથી પેઢીનું નફા - નુકશાન ખાતુ, નફા નુકશાન ફાળવણી ખાતુ, ચાલુ ખાતા અને પાકા સરવૈયું તૈયાર કરો.

**તા. 31-3-07 ના રોજનું કાચું સરવૈયું**

| **વિગત** | **ખા.પા.** | **ઉધાર** | **જમા** |
|---|---|---|---|
| મીનલની મુડી અને ઉપાડ | | 20,000 | 60,000 |
| કિનલની મુડી અને ઉપાડ | | 6,000 | 40,000 |
| ચાલુ ખાતા : મીનલ | | - | 4,000 |
| કિનલ | | 6,000 | - |
| વેપાર ખાતે | | - | 80,000 |
| સ્ટોક (31-3-07) | | - | 30,000 |
| યંત્રો | | 40,000 | |
| મોટરકાર | | 50,000 | |
| અગાઉથી ચુકવેલ પગાર | | 1,600 | |
| મકાન | | 80,000 | |
| ગ્રાહકો અને વેપારીઓ | | 40,000 | 64,000 |
| રોકડ અને બેંક | | 2,400 | 10,000 |
| દેવીહુંડી | | - | 7,000 |
| ગીરો લોન | | - | 80,000 |
| પાઘડી | | 10,000 | - |
| બાકી વ્યાજ | | - | 1,400 |
| અગાઉથી મળેલ કમીશન | | - | 400 |
| મળવાનું બાકી ભાડુ | | 800 | - |
| ધાલખાદ્ય અનામત | | - | 4,000 |
| પેટન્ટ | | 6,000 | - |
| ફર્નિચર | | 12,000 | - |
| | | **32,00,000** | **32,00,000** |

**હવાલા :**

(1) મુડી પર 6 ટકા વ્યાજ અને ઉપાડ પર 10 ટકા વ્યાજ ગણવાનું છે.

(2) ચાલુ ખાતાની શરૂખાતની બાકી પર 10 ટકા લેખે વ્યાજ ગણો.

(3) કિનલ ને દર મહિને રૂા. 100 લેખે પગાર ચુકવવાનો બાકી છે.

(4) ઉપરના હવાલાઓ નોંધ્યા પછી વધતાં નફા પર કિનલને 10 ટકા લેખે કમિશન આપવાનું છે.

(10) મન અને મતી ભાગીદારો છે. તેઓની પેઢીનું કાચું સરવૈયું તેમજ હવાલાઓ નીચે મુજબ છે :

| ખાતાનું નામ | ઉધાર રૂા. | જમા રૂા. |
|---|---|---|
| મુડી અને ઉપાડ : | | |
| મન | 8,000 | 80,000 |
| મતી | 4,000 | 40,000 |
| દેવાદાર અને લેણદાર | 29,000 | 16,400 |
| સ્ટોક (1-4-04) | 24,000 | - |
| ખરીદી અને વેચાણ | 1,30,800 | 2,12,400 |
| હુંડી | 6,000 | 8,000 |
| મજુરી અને બેંક ઓવર ડ્રાફ્ટ | 2,400 | 24,260 |
| 6 ટકા રોકાણ અને તેની ઉપર વ્યાજ | 10,000 | 3,000 |
| (1-4-2004) | | |
| પગાર અને મળેલ ભાડુ | 12,000 | 600 |
| માલ પરત | 2,400 | 2,800 |
| રોકડ સિલક | 3,500 | - |
| વટાવ | 1,400 | 400 |
| ધાલખાદ્ય અને ધાલખાદ્ય અનામત | 400 | 2,000 |
| સ્ટેશનરી ખર્ચ અને બાકી મજુરી | 800 | 500 |
| ઓફિસ ખર્ચ | 2,300 | - |
| યંત્ર | 57,150 | - |
| યંત્ર પર ઘસારો | 2,850 | - |
| અગાઉથી ચુકવેલ ખર્ચ | 1,200 | |
| ઘર વપરાશથી ગયેલ માલ | | 740 |
| **કુલ સરવાળો** | **35,84,000** | **35,84,000** |

**હવાલા :**

(1) આખર સ્ટોકની ચોપડે કિંમત રૂા. 30000 છે. મૂળ કિંમત અને બજાર ભાવનો ગુણોત્તર 5:4 છે.

(2) દેવાદારમાંથી રૂા. 1000 ધાલખાદ્ય ગણવી અને ધાલખાદ્ય અનામત ૫ ટકા ગણવું.

(3) યંત્ર પર ઘસારો વધારીને 6 ટકા કરવો.

(4) રૂા. 3000 નો માલ આગથી બળી ગયેલ. વીમા કંપનીએ 75 ટકા રકમનો દાવો મંજુર કર્યો અને તેટલી રકમનો ચેક આપ્યો જે બેંકમાં જમા કર્યો.

(5) મુડી અને ઉપાડ પર 5 ટકા લેખે વ્યાજ ગણવાનું છે. મતીને માસીક રૂા. 1000 લેખે પગાર ચુકવવાનો છે.

(11) પી અને કયુ 3:1 ના પ્રમાણમાં નફો નુકશાન વહેંચતા મેર્સસ રોકી પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2005 ના રોજ પુરા થતાં વર્ષના કાચા સરવૈયા પરથી વેપાર ખાતુ ન.નું. ખાતુ, ન.નું. ફાળવણી ખાતુ, ચાલુ ખાતા તેમજ પા.સ. તૈયાર કરો.

**તા. 31-3-05 ના રોજનું કાચું સરવૈયું**

| વિગત | ઉધાર બાકી રૂા. | જમા બાકી રૂા. |
|---|---|---|
| સ્થિર મુડી ખાતા - પી | 7,500 | 2,00,000 |
| કયુ | 5,000 | 1,60,000 |
| ચાલુ ખાતા : પી | 17,000 | |
| કંયુ | | 14,000 |
| દેવાદારો - લેણદારો | 27,400 | 10,000 |
| યંત્રો | 88,000 | - |
| ધાલખાદ્ય અને ધા.અ. | 700 | 3,000 |
| શ. સ્ટોક | 15,000 | - |
| વેચાણ પરત ખરીદ પરત | 3,000 | 2,000 |
| પી ની લોન | - | 30,000 |
| સ્ટેશનરી | 7,000 | - |
| ફર્નિચર | 71,760 | - |
| માલના ખાતાં | 80,000 | 1,20,000 |
| મકાન | 1,10,000 | - |
| ફર્નિચર પર ઘસારો | 6,240 | - |
| મજુરી અને મજુરીના બાકી દેવા | 1,400 | 700 |
| વટાવ | 2,500 | 3,500 |
| આવક માલ ગાડા ભાડુ | 200 | |
| પગાર (28-2-2005 સુધીના) | | |
| વીમા પ્રિમીયમ (તા.30-6-2005 ના રોજ પુરા થતાં વર્ષના 1200ના એક પ્રિમીયમ સહિત) | | |
| જાહેરાત ખર્ચ | 36,000 | - |
| રોકડ / બેન્ક | 51,100 | 3,800 |
| લોન પર વ્યાજ | 1,200 | - |
| | **5,46,000** | **5,46,000** |

**હવાલા :**

(1) આખર સ્ટોક રૂા. 19000 છે. જયારે સ્ટેશનરી સ્ટોક રૂા. 2000 છે.

(2) ફર્નિચર પર ઘસારાનો દર 10 ટકા કરવાનો છે.

(3) રૂા. 1000 નું ઉધાર વેચાણ ભૂલથી ખરીદ પરત નોંધમાં નોંધાયું છે.

(4) ઘાલખાદ્ય ના રૂા. 1400 માંડીવાળો ધા.અ. 5 ટકા લેખે રાખો.

(5) ચાલુ ખાતા પર 10 ટકા સ્થિર મુડી પર 12 ટકા અને ઉપાડ પર 18 ટકા વ્યાજ ગણવાનું છે.

(6) જાહેરાત ખર્ચનો 1/4 ભાગ આવતાં વર્ષનો છે.

(12) ડો. અનિલ અને ડો. અનુરાગ 3:2 ના પ્રમાણમાં નફો નુકશાન વહેંચતા ભાગીદારો છે. નીચેના કા.સ. તથા હવાલા પરથી વાર્ષિક હિસાબ તૈયાર કરો.

**તા. 31-3-05 ના રોજનું પાકું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ રૂા. | જમા બાકી | રકમ રૂા. |
|---|---|---|---|
| ડો.અનિલનો ઉપાડ | 25,000 | ડો. અનિલની મુડી | 1,50,000 |
| ડો. અનુરાગનો ઉપાડ | 20,000 | ડો. અનુરાગની મુડી | 1,50,000 |
| સ્ટાફનો પગાર | 92,000 | રોકાણોનું વ્યાજ | 16,200 |
| દવાઓની ખરીદી | 4,00,000 | લેણદારો | 42,300 |
| સ્ટેશનરી ખર્ચ | 20,000 | દર્દીઓ પાસેથી મળેલ ફી | |
| વીજળીનો ખર્ચ | 28,000 | ઈન્ડોર પેશન્ટસ 150000 | |
| તાર ટપાલ ખર્ચ | 18,000 | આઉટ પેશન્ટસ | |
| દવા-ઈન્જેકશનનો સ્ટોક | | ડોર 150000 | |
| (તા. 1-4-04) | 60,000 | વિઝીટ ફી 100000 | |
| ફર્નિચર ફિક્ષચર્સ | 1,00,000 | લેબોરેટરી ફી 50000 | 4,50,000 |
| મકાન | 1,00,000 | સામાન્ય અનામત | 55,000 |
| જમીન | 45,000 | | |
| સાધનો | 60,000 | | |
| મોટર ગાડી | 30,000 | | |
| પરચુરણ ખર્ચ | 15,000 | | |
| સમારકામ | 7,500 | | |
| કરવેરા | 10,000 | | |
| રોકડ સિલક | 8,000 | | |
| બેન્ક સિલક | 25,000 | | |
| **કુલ સરવાળો** | **8,63,500** | | **8,63,500** |

**હવાલો :**

(1) દવા - ઈન્જેક્શનનો સ્ટોક રૂા. 60,000

(૨) ઈન્ડોર પેશન્ટસ ફીના રૂા. 20000 મળવાના બાકી છે.

(3) ફર્નિચર અને સાધનો પર 5 ટકા ઘસારો ગણો મકાન પર 7.1/2 ટકા ઘસારો ગણો.

(4) રૂા. 10000 ના લેબોરેટરીના સાધનોની ખરીદી દવાની ખરીદીમાં નોંધાયા છે.

(૫) રોકાણોનું વ્યાજ મળવાનું બાકી રૂા. 800

●●●

**વિભાગ - એફ**

(1) નીચેના વ્યવહારોના આધારે શ્રી નસરીનબાનુનો સંવત ૨063 કારતક સુદ 11 ને સોમવારનો રોજમેળ તૈયાર કરો :

(1) રોકડ સિલક રૂા. 9,750

(2) આસરા ફર્નિચર માર્ટમાંથી રૂા. 2,300 નું ફર્નિચર ખરીદયું.

(3) પગાર રૂા. 1100 તથા ભાડુ રૂા. 900 ચુકવ્યું.

(4) બેન્કમાં રૂા. 1,600 ભર્યા

(5) ગુલામઅલી પાસેથી રૂા. 1500 નો માલ 10 ટકા વેપારી વટાવે ખરીદી રૂા. 1000 નો ચેક આપ્યો.

(6) સાહિરાને રૂા. 1300 નો માલ વેચ્યો. તેમણે પુરી રકમનો ચેક આપ્યો. જે બેંકમાં ભર્યો.

(7) સાહિલ પાસેથી કમિશન રૂા. 650 મળ્યું. જયસુખભાઈને દલાલી રૂા. 200 ચુકવી.

(8) ઓફિસ ખર્ચ માટે રૂા. 500 બેન્કમાંથી ઉપાડયા.

(9) અંગત ઉપયોગ માટે રૂા. 400 બેન્કમાંથી ઉપાડયા.

(10) કાદરભાઈને રૂા. 2000 નો માલ 10 ટકા વે. વટાવે વેચ્યો તેમની પાસેથી અડધી રકમનો ક્રોસ્ડ ચેક મળ્યો.

(11) દુકાનમાં રિપેરીંગ અને રંગરોગાન કરાવ્યું. જે પેટે રૂા. 1400 ખર્ચ થયો જે ચુકવ્યો.

(12) ઈન્દુબેનને રૂા. 35000 નો માલ મોકલવાનો ઓર્ડર આપ્યો.

● નીચે આપેલા વ્યવહારો પરથી શ્રી તેજલના સંવત 2061 આસો માસની જમાનોંધ અને બેઠોમેળ તૈયાર કરી તે પરથી ખાતાની ખતવણી કરી બાકી શોધો.

**આસો સુદ :**

1) રૂા. 21000 રોકડા લાવી ધંધો શરૂ કર્યો.

2) રૂા. 11000 બેન્કમાં ભરી ખાતું ખોલાવ્યું.

3) હીના પાસેથી રૂા. 6000 નો માલ ૫ ટકા વે. વટાવે ખરીદયો.

4) હીના પાસેથી ખરીદેલ બધો માલ મુ.કિં. પર 20 ટકા નફો ચઢાવી રીનાને વેચ્યો.

7) રીનાએ રૂા. 720 નો માલ પરત કર્યો જે હીનાને મોકલી આપ્યો.

11) બીના પાસેથી રૂા. 2600 નો માલ 10 ટકા વે.વટાવે ખરીદી અડધી રકમનો ચેક આપ્યો.

15) રોકડ ખરીદી રૂા. 4200, રોકડ વેચાણ રૂા. 6100

**આસો વદ**

1) બીનાને રૂા. 4૫0 નો માલ પરત કર્યો

5) બીનાને રૂા. 700 નો ચેક ચુકતે હિસાબે આપ્યો

8) ઘરખર્ચ માટે રૂા. 600 અને દુકાન ખર્ચ માટે રૂા. 800 બેન્કમાંથી ઉપાડયા

10) કમિશનના રૂા. 1000 મળ્યા.

13) પીનાએ રૂા. 2000 નો ચેક આપ્યો જે આપણે હીનાને વેચાણશેરો કરી આપ્યો.

0)) પગારના રૂા. 800, દુકાન ભાડાના રૂા. 700 અને જાહેરાત ખર્ચના રૂા. 500 ચૂકવ્યા.

● **નીચે દર્શાવેલ વ્યવહારોને આધારે શ્રીમાન ભગતલાલનો સંવત 2051ના માગસર સુદ 15નો રોજમેળ તૈયાર કરો.**

1) હાથ પર સિલક રૂા. 7600 બેંકમાં સિલક રૂા. 10600

2) દુકાનભાડુ રૂા. 100 અને ઘરભાડુ રૂા. 1૨00 ભર્યુ

3) સંતરામ પાસેથી રૂા. 3000 નો માલ 10 ટકા વેપારી વટાવે ખરીદયો.

4) રાજારામને રૂા. 4800 નો માલ 15 ટકા વેપારી વટાવે વેચ્યો તેમણે રૂા. 2000 નો ચેક આપ્યો જે બેંકમાં ભર્યો.

5) વિનસ ફર્નિચર પાસેથી રૂા. 3800 નું કબાટ ખરીદયું.

6) રાજારામે 10 ટકા રોકડ વટાવે ચુકતેના હિસાબે ચેક મોકલી આપ્યો જે બેંકમાં ભર્યો.

7) આગના વીમા પ્રીમીયમ રૂા. 1760 તથા જીંદગીના વીમાનું પ્રીમીયમ રૂા. ૫૨0 ચેકથી ચુકવ્યું.

8) પુત્રની પ્રવાસ ફી રૂા. 640 ભરી

9) ફરતારામ નાદાર થવાથી તેના રીસીવરે રૂા. 4000 ના દેવા સામે 40 પૈસા મુજબ ડિવિડન્ડ ચુકવ્યું.

10) ઓફિસ ખર્ચ માટે બેંકમાંથી ઉપાડયા રૂા. 1400

11) નેહલને રૂા. 2400 માલ વેચ્યો રૂા. 30 લારીભાડુ તેમના વતિ આપણે ચુકવ્યું.

12) કાયમી ગ્રાહકને ત્યાં લગ્ન પ્રસંગે રૂા. 151 ચાંલ્લો કર્યો.

13) મીનાને રૂા. 4200 નો માલ વેચ્યો અને તેના વતિ લારી ભાડુ રૂા. 40 આપણે ચુકવ્યું.

- શ્રી પી.કે. પટેલના સંવત 2061 જેઠ વદ 13 સોમવાર તા. 4-7-05 ના રોજની લેવડ-દેવડ નીચે મુજબ છે. રોજમેળ તૈયાર કરો :

1) હાથ પર સિલક રૂા. 15328

2) અમદાવાદના અનીલને મોકલવા રૂા. 500 આંગડીયા શ્રી જાનીને આપ્યા.

3) શ્રી ગઢીયા બ્રધર્સમાંથી ઘર માટે રૂા. 1200 નું કબાટ તથા દુકાન માટે રૂા. 750 માં ટેબલ ખુરશી ખરીદયાં.

4) રૂા. 3400 નું શ્રી પ્રવિણભાઈને રોકડેથી વેચાણ કર્યું જયારે રૂા. 1800 નો માલ શ્રી સંદીપ પાસેથી રોકડેથી ખરીદયો.

5) પેઢીના હિસાબનીશે રૂા. 45 ચુકવ્યા છે પરંતુ શાના ચુકવ્યા તે યાદ નથી. જયારે એક વ્યક્તિ રૂા. 100 પોતાના ખાતા પેટે આપી ગઈ પરંતુ તેનું નામ ભુલાઈ ગયું છે.

6) શ્રી ગોવિંદભાઈ રૂા. 100 થોડા દિવસ માટે ઉછીના લઈ ગયા.

7) મંદિરમાં દાન આપ્યું રૂા. 501 અને દલાલી મળી રૂા. 100

8) રૂા. 8000 નો માલ 10 ટકા વે. વટાવે શ્રી એ.એસ. પટેલ પાસેથી ખરીદયો.

9) રૂા. 2025 ના લેણા પેટે રૂા. 2000 નો ક્રોસ ચેક શ્રી બી.જી. પટેલ પાસેથી મળ્યો.

10) શ્રી ડી.ટી. ઠાકોરને ચુકવવાનાં રૂા. 1500 આપણાં દેવાદાર શ્રી એન.કે. પટેલે કબુલ્યા.

11) પડોરી શ્રી ડી.ટી. પ્રજાપતિ રૂા. 25 બીજા દિવસે પરત કરવાનું કહીને લઈ ગયા.

12) રોજમેળ તૈયાર કરતાં રૂા. 7 સિલક વધુ માલુમ પડી.

● **નીચે આપેલા વ્યવહારો પરથી શ્રી બાબુલાલનો સંવત ૨06૨ ચૈત્ર માસનો બેઠોમેળ તૈયાર કરો :**

**ચૈત્ર સુદ**

1) રોકડ સિલક રૂા. 25700 બેંક સિલક રૂા. 15750

2) જય પાસેથી રૂા. 10000 નો માલ 10 ટકા વે.વ. ખરીદયો, બદલામાં અડધી રકમનો ચેક આપ્યો.

3) જય પાસેથી ખરીદેલ બધો જ માલ મૂળ કિંમત પર 25 ટકા નફો ચઢાવી પ્રવિણને વેચ્યો.

7) બરોડાના બબલદાસને ચુકવવા રૂા. 1800 આંગડીયા રજનીને આપ્યા. આંગડીયા ખર્ચ રૂા.50 થયો.

8) પ્રવિણે રૂા. 2500 નો માલ નુકસાનીવાળો હોવાથી પરત કર્યો જે આપણે જયને મોકલી આપ્યો.

11) જયનું ખાતુ ચુકતે કર્યું.

13) સરલ પાસેથી રૂા.15000 ની 12 ટકા વ્યાજની લોન લીધી જે પેટે મળેલ ચેક બેંકમાં ભર્યો.

15) ભાવિકા ટ્રેડર્સ પાસેથી રૂા. 1700 ની કિંમતનું ફર્નિચર ખરીદયું જેની રકમ દિનેશ પાસે કબુલાવી.

15) આરતી ચાર દિવસમાં પરત કરવાની શરતે રૂા. 1000 ઉછીના લઈ ગઈ.

**ચૈત્ર વદ**

1) બરોડાની બબલદાસને નાણાં મળી ગયાની પહોંચ મળી.

2) બેંકે પાસબુકમાં વ્યાજના રૂા. 250 જમા કર્યા છે અને કમીશનના રૂા. 120 ઉધાર્યા છે.

5) આરતી રકમ પરત ન કરતાં તેઓના ખાતે આ રકમ નોંધી

8) ગોડાઉનમાં આગ લાગતાં રૂા. 4000 નો માલ આગથી બળી ગયો. વીમા કંપનીએ રૂા. 3500 નો દાવો મંજુર કર્યો.

10) દુકાનભાડા ના રૂા. 1000 અને ઘરભાડાના રૂા. 1200 તથા પુત્રની કોલેજ ફીના રૂા. 800 ચુકવ્યા.

12) ધરતીકંપ રાહત ફંડમાં રૂા.1000 નો માલ અને રૂા. 500 રોકડા આપ્યા.

0)) એક ગ્રાહક રમણના પુત્રને જન્મદિન નિમિત્તે રૂા.500 ની કિંમતનું કેલ્કયુલેટર ભેટ આપ્યું.

● **નીચે આપેલા વ્યવહારો પરથી શ્રી ભૂપેન્દ્રનો સંવત 2063 માગસર સુદ 11 નો રોજમેળ તૈયાર કરો :**

1) ઉઘડતી સિલક રૂા. 4500 બેંકમાં સિલક રૂા. 6300

2) બેંકમાં રૂા. 500 ભર્યા

3) મહેન્દ્રભાઈને રૂા. 2000 આપી સુરત ખરીદી કરવા મોકલ્યા.

4) મયુરભાઈએ રૂા. 780 નું ખાતુ રૂા. 770 આપી ચુકતે કર્યું.

5) દુકાન માટે મેગેઝીનનું લવાજમ રૂા. 60 ચેકથી ભર્યું.

6) ગોડાઉનમાં રહેલ રૂા. 5000 નો માલ જેનો વીમો ઉતરાવ્યો જે પેટે 3 ટકા પ્રીમીયમ ચેકથી ચુકવ્યું.

7) પ્રતિજ્ઞાબેનને રૂા. 1400 નો માલ વેચ્યો જેનો વીમો :ઉતરાવ્યો જે પેટે 3 ટકા પ્રીમીયમ ચેકથી ચુકવ્યું.

8) મૌલિકભાઈ પાસેથી રૂા. 2500 નો માલ ખરીદયો જેના લારીભાડા રૂા. 30 ચુકવ્યા જે તેમને ભોગવવાના છે.

9) પૂજ્ય દાદીમાની પુણ્યતીથી પ્રસંગે અનાથાશ્રમમાં રૂા. 1000 ભોજન ખર્ચ પેટે ચુકવ્યું.

10) મહેન્દ્રભાઈએ સુરતથી પરત આવી નીચે મુજબ નો હિસાબ આપ્યો રૂા. 1200 માલ ખરીદી, રૂા. 150 મુસાફરી ખર્ચ, રૂા. 100 રિક્ષા ભોજન ખર્ચ રૂા. 200 ની અંગત ખરીદી બાકીની રકમ ચોપડે (રોકડેથી) પરત કરી.

11) અર્પિતભાઈએ રૂા. 400 નો માલ પરત કર્યો.

12) સિલક મેળવતાં 10 રૂા. સિલકમાં ઘટ આવી.

● **નીચે આપેલા ટાંચણ પરથી મયુરનો સંવત ર061ના આસો માસનો બેઠોમેળ, જમાનોંધ અને ઉધારનોંધ તૈયાર કરો તેના પરથી જરૂરી ખાતાઓમાં ખતવણી કરી બાકી શોધો :**

**આસો સુદ**

1) રૂા. 25000 રોકડા લાવી ધંધો શરૂ કર્યો અને તેમાંથી રૂા. 16,500 દેનાબેન્કમાં ભરી ચાલુ ખાતુ ખોલાવ્યું.

3) હેમંત પાસેથી રૂા. 9000 નો માલ ૫ ટકા વે.વટાવે ખરીદયો.

5) હેમંત પાસેથી ખરીદેલો બધો માલ મૂ.કિ. પર 20 ટકા નફો ચડાવીને શિશિરને વેચ્યો.

6) શિશિરે રૂા. 1080 નો માલ પરત કર્યો. જે હેમંતને મોકલી આપ્યો.

8) વસંત પાસેથી રૂા. 7500 નો માલ 10 ટકા વે. વટાવે ખરીદી. અડધી રકમનો ચેક આપ્યો.

10) રોકડ ખરીદી રૂા. 5400 રોકડ વેચાણ રૂા. 64૫0

15) વસંત ને રૂા. 3300 નો ચેક આપી ખાતુ ચુકતે કર્યું.

વદ 5) ઘરખર્ચ માટે રૂા. 900 દુકાન ખર્ચ માટે રૂા. 1050 બેન્કમાંથી ઉપાડયા.

10) કમીશનના મળ્યા રૂા. 600

0)) પગારના રૂા. 1200, દુકાનભાડાના રૂા. 600 જાહેરાત ખર્ચના રૂા. 1500 ચુકવ્યા.

● **પરિજાતની સંવત 2061ના જેઠ વદ 13 ને સોમવાર તા. 4-7-05 ના વ્યવહારો પરથી તેમનો રોજમેળ તૈયાર કરો :**

1) હાથ પર સિલક રૂા. 14630. બેંક ઓવરડ્રાફ્ટ રૂા. 5900

2) સુરતના સાવન ને મોકલવા રૂા. 600 આંગડિયા વસંતને આપ્યા.

3) સજાવટ ફર્નિચર માર્ટમાંથી દુકાન માટે રૂા. 1500 અને ઘર માટે રૂા. 1200 નું ફર્નિચર ખરીદયું.

4) રોશનને રૂા. 4600 નું રોકડેથી વેચાણ કર્યું અને રૂા. 3400 ની રોકડેથી ખરીદી કરી.

5) પેઢીના હિસાબનીએ રૂા.75 ચુકવ્યા છે. શાના ચુકવ્યા તે યાદ નથી જંયારે એક વ્યક્તિ રૂા. 100 પોતાના ખાતા પેટે આપી ગઈ પરંતુ નામ ભુલાઈ ગયું છે.

6) વાલમ રૂા. 150 થોડા દિવસ માટે ઉછીના લઈ ગયા છે.

7) મંદિરમાં રૂા. 751 નું દાન આપ્યું.

8) સ્વીટી પાસેથી રૂા. 6000 નો માલ 10 ટકા વેપારી વટાવે ખરીદયો.

9) રૂા. 2050 ના લેણાં પેટે રૂા. 1000 નો ક્રોસ ચેક સંકેત પાસેથી મળ્યો.

10) 'અ'ને રૂા. 1700 ચુકવવાની કબુલાત બ એ કરી.

11) સ્વાર્થી બીજે દિવસે પરત આપવાની શરતે રૂા. 250 લઈ ગયા.

12) રોજમેળ તૈયાર કરતાં રૂા. 150 સિલક વધુ માલુમ પડી.

- **નીચે આપેલી કાચી નોંધના આધારે શ્રી ભજનલાલના સંવત ૨૦6૨ શ્રાવણ માસના બેઠોમેળ, જમાનોંધ અને ઉધારનોંધ તૈયાર કરો.**

સુદ 1) રૂા. 35000 રોકડા રૂા. 7000 નુ ફર્નિચર તથા લેણું રૂા. 11000 લાવી ધંધો શરૂ કર્યો.

1) દુકાનો ઉદ્‌ઘાટન અંગેનો ખર્ચ રૂા. 1200 થયો.

2) રૂા. 10000 બેન્ક ઓફ બરોડામાં ભરી ખાતુ ખોલાવ્યું.

4) ઉષા પાસેથી રૂા. 10000 નો માલ 10 ટકા વેપારી વટાવે ખરીદયો. આ.ભ.નં.1

6) ઉષા પાસેથી ખરીદેલા માલમાંથી અડધો 50% નફો ઉમેરી નિશાને વેચ્યો જા.ભ.ન.1

8) નિશાએ તેઓને વેચેલા માલમાંથી 50 ટકા માલ પરત કર્યો. જમા ચિઠ્ઠી નં. 1 મળી આ માલ ઉષાને પરત કર્યો. ઉ.ચ.નં.1 મોકલાવી.

11) રૂા. 500 માં માલ નમુના તરીકે મફત વહેંચયો.

13) દુકાનનું બોર્ડ તૈયાર કરાવ્યું રૂા. 850

15) ધંધામાં લાવવામાં આવેલું લેણું રૂા. 10500 લઈ ચુકતે કર્યું.

વદ 1) ચાંદની પાસેથી રૂા. 1000 નો માલ 10 ટકા વે. વટાવે ખરીદયો આ.ભ.નં. 1

2) પૂર્ણિમાને રૂા. 1000 નો માલ 20 ટકા વે. વટાવે વેચ્યો જા.ભ.નં.1

3) પૂર્ણિમા પાસેથી લેણી રકમનો હવાલો ચાંદની આપ્યો.

5) રૂા. 10000 નો માલ 10 ટકા વે. વટાવે પાયલને વેચ્યો. પેકીંગ ખર્ચ રૂા. 15 તથા મજૂરીના રૂા. 15 ઉમેરીને જા.ભ.નં.3 મોકલ્યું. તેમણે અડધાં નાણાં રોકડા ચુકવ્યા.

9) નૃસંગી પાસેથી રૂા. 6000 નો માલ 5 ટકા રો. વટાવે રોકડેથી ખરીદયો. આ.ભ.નં.17

10) રૂા. 1000 ની કિંમતનું ફર્નિચર રૂા. 2300 માં વેચ્યું.

11) આગના વીમા પ્રીમીયમ રૂા. 100 તથા જીદગીના વીમા પ્રીમીયમના રૂા. 800 ચેકથી ચુકવ્યા.

12) અંગત ઉપયોગ માટે રૂા. 700 તથા ઓફિસ ખર્ચ માટે રૂા. 1300 બેન્કમાંથી ઉપાડયા.

13) ચાંદનીનું ખાતુ 2 ટકા રોકડ વટાવથી ચુકતે કર્યું હસ્તે રોશની.

14) કમિશનના રૂા. 750 મળ્યા.

0)) પગાર રૂા. 100 ગાડી ભાડુ રૂા. 300 તથા સ્ટેશનરી ખર્ચ રૂા. 200 ચુકવ્યો.

- **દયાનંદના સંવત ૨063 આસો વદ 0)) ના નીચેના ઉતારા પરથી હવાલામેળ તૈયાર કરી ખરીદ -વકરા ખાતા દ્વારા નફો - ખોટ શોધી સરવૈયુ તૈયાર કરો**

**સંવત 2063ના આસો વદ 0)) નો ઉતારો**

| જ... | | ઉ... | |
|---|---|---|---|
| 60000-00 | શ્રી ભંડોળ ખાતે | 47000-00 | શ્રી યંત્ર ખાતે |
| 42780-00 | શ્રી વકરા ખાતે | 35000-00 | શ્રી ઈમારત ખાતે |
| 800-00 | શ્રી વ્યાજ ખાતે | 1250-00 | શ્રી ધર્માદા ખાતે |
| 440-00 | શ્રી વટાવ ખાતે | 4400-00 | શ્રી પગાર ખાતે |
| 15000-00 | શ્રી જૈના ત્રીપાઠી ખાતે | 10000-00 | શ્રી તોરલ ખાતે |

| | | | |
|---|---|---|---|
| 6230-00 | શ્રી દેવીહુંડી ખાતે | 4650-00 | શ્રી મજુરી ખાતે |
| 17250-00 | શ્રી બેંક ખાતે | 1700-00 | શ્રી ઘર ખર્ચ ખાતે |
| | 142500-00 | 30000-00 | શ્રી તસલમાન ખાતે |
| | | 1955-00 | શ્રી દુકાન ખર્ચ ખાતે |
| | | | 138955-00 |
| | | 3545-00 | શ્રી પુરાંત બાકી |
| | | | **142500-00** |

**હવાલા :**

1) રૂા. 5850 નો આખર સ્ટોક છે.

2) ભંડોળ પર 10 ટકા લેખે વ્યાજ ગણો.

3) પગારના રૂા. 400 ચુકવવાના બાકી છે. જયારે વ્યાજના રૂા. 200 અગાઉથી મળેલ છે.

4) દેવીહુંડીના રૂા. 1000 બેંકે ચુકવી આપ્યા છે. જે વેપારીના ચોપડે નોંધાયેલ નથી.

5) પાછળથી ખબર પડી કે તસલમાત ખાતે ઉધારેલ રકમ સ્ટેશનરી ખર્ચની છે.

- **શ્રી નેહાને સંવત ૨061ના ઉતારા અને હવાલા પરથી ખરીદ - વકરા ખાતુ, વટાવ ખાતુ અને સરવૈયુ તૈયાર કરો**

**સંવત ૨061ના આસો વદ 0)) નો ઉતારો**

| જ... | | ઉ... | |
|---|---|---|---|
| 32000-00 | શ્રી ભંડોળ ખાતે | 4000-00 | શ્રી શરૂના સ્ટોક ખાતે |
| 51000-00 | શ્રી વકરા ખાતે | 1800-00 | શ્રી ઓફિસ ભાડા ખાતે |
| 1500-00 | શ્રી ડિવિડન્ડ ખાતે | 1200-00 | શ્રી સ્ટેશનરી ખાતે |
| 2000-00 | શ્રી મહેશ ખાતે | 12000-00 | શ્રી ઈમારત ખાતે |
| 1000-00 | શ્રી પંકજ ખાતે | 34000-00 | શ્રી ખરીદી ખાતે |
| 1200-00 | શ્રી ઘરખર્ચથી ગયેલ માલ | 3000-00 | શ્રી ઘરખર્ચ ખાતે |
| 10000-00 | શ્રી બેંક લોન ખાતે | 3000-00 | શ્રી રાહુલ ખાતે |
| | 98700-00 | 2500-00 | શ્રી હાર્દિક ખાતે |
| | | 12000-00 | શ્રી બેંક સિલક ખાતે |
| | | 12000-00 | શ્રી ફર્નિચર ખાતે |
| | | 3200-00 | શ્રી ઓફિસ પગાર ખાતે |
| | | | 88700-00 |
| | | 10000-00 | શ્રી પુરાંત બાકી |
| | | | **98700-00** |

**હવાલાઓ :**

1) સ્ટેશનરી ખર્ચના રૂા. 500 ચુકવવાના બાકી છે.

2) ઈમારત પર 8 ટકા ઘસારો ગણો.

3) આખર માલનો સ્ટોક રૂા. 12000 છે. જેની બજાર કિંમત રૂા. 9800 છે.

4) રૂા. 500 ઘાલખાધ અનામત રાખવી.

5) બેંક લોન પર 8 ટકા વ્યાજ ગણો.

● **મેસર્સ વિજય ટ્રેડર્સનો સંવત 2060ના આસો વદ 0)) ના રોજનો ઉતારો નીચે મુજબ હતો :**

| જ... | | ઉ... | |
|---|---|---|---|
| 17000-00 | શ્રી ભંડોળ ખાતે | 5000-00 | શ્રી શરૂના સ્ટોક ખાતે |
| 31000-00 | શ્રી વકરા ખાતે | 19000-00 | શ્રી ખરીદ ખાતે |
| 4000-00 | શ્રી કીર્તન ખાતે | 400-00 | શ્રી દુકાન ખર્ચ ખાતે |
| 1000-00 | શ્રી અવિચલ ખાતે | 1000-00 | શ્રી ઘરખર્ચ ખઆતે |
| 500-00 | શ્રી વટાવ ખાતે | 5400-00 | શ્રી શીતલ ખાતે |
| | 53500-00 | 1200-00 | શ્રી પગાર ખઆતે |
| | | 600-00 | શ્રી તપસ્વી ખાતે |
| | | 11000-00 | શ્રી બેક ઓફ બરોડા ખાતે |
| | | 4000-00 | શ્રી ફર્નિચર ખાતે |
| | | | 47600-00 |
| | | 5900-00 | શ્રી પુરાંત બાકી |
| | | | **53500-00** |

**વધારાની વિગતો :**

1) આખરનો સ્ટોક રૂા. 6400

2) તપસ્વી નાદાર થવાથી કોઈ રકમ મળે તેમ નથી.

3) ફર્નિચર પર 10 ટકા ઘસારો ગણો.

4) બેંકે વ્યાજના રૂા. 200 જમા કર્યા છે તેની નોંધ કરવાની બાકી છે.

5) આસો માસના દુકાનભાડાના રૂા. 200 મકાનમાલિક શ્રીમતી હેમલતાને ચુકવવાના બાકી છે.

● **શ્રી રમણલાલનો સંવત 2060 નો આસો વદ 0)) નો ઉતારો નીચે મુજબ હતો**

| જ... | | ઉ... | |
|---|---|---|---|
| 10000-00 | શ્રી ભંડોળ ખાતે | 2000-00 | શ્રી શરૂના સ્ટોક ખાતે |
| 38000-00 | શ્રી વકરા ખાતે | 20000-00 | શ્રી ખરીદ ખાતે |
| 400-00 | શ્રી ભાડા ખાતે | 1500-00 | શ્રી ઘરખર્ચ ખાતે |
| 2100-00 | શ્રી મનસુખ ખાતે | 800-00 | શ્રી દુકાન ખર્ચ ખાતે |
| 1800-00 | શ્રી જયસુખ ખાતે | 1700-00 | શ્રી પગાર ખાતે |
| 700-00 | શ્રી સૌરભ ખાતે | 500-00 | શ્રી વીમા પ્રીમીયમ ખાતે |

| | | | |
|---|---|---|---|
| | | 3000-00 | શ્રી ઘનશ્યામ ખાતે |
| | | 2000-00 | શ્રી મનીષ ખાતે |
| | | 8600-00 | શ્રી મકાન ખાતે |
| | | 12800-00 | શ્રી યંત્ર ખાતે |
| | | | 52800-00 |
| | | 200-00 | શ્રી પુરાંત બાકી |
| | | | **53000-00** |

- **નીચેની માહિતી ધ્યાનમાં લઈ ને સવંત ૨060ના આસોવદ 0)) ના રોજ પુરા થતાં વર્ષનું ખરીદ વકરા ખાતુ હવાલા મેળ અને પાકુ સરવૈયુ તૈયાર કરો.**

1) આખર સ્ટોક રૂા. 4000
2) વીમા પ્રિમીયમના રૂા. 100 ચુકવવાના બાકી છે.
3) પગારના રૂા. 200 અગાઉથી ચુકવ્યા છે.
4) શ્રી મનીષ નાદાર જાહેર થયા છે અને તેમની પાસેથી ૫0 ટકા રકમ મળી શકે તેમ છે.
5) યંત્ર ઉપર 5 ટકા ઘસારો ગણો.
6) મકાન ઉપર રૂા. 600 ઘસારો ગણવાનો છે.

- **શ્રી મફતલાલના સંવત 2062ના આસો વદ 0))ના નીચેના ઉતારા પરથી હવાલામેળ તૈયાર કરો. ખરીદ વકરા ખાતા અને વટાવ ખાતા દ્વારા નફો-ખોટ શોધો તથા સરવૈયુ તૈયાર કરો**

| જ... | | ઉ... | |
|---|---|---|---|
| 70000-00 | શ્રી ભંડોળ ખાતે | 20000-00 | શ્રી કમ્પ્યુટર ખાતે |
| 20000 | શ્રી કમીશન ખાતે | 15000-00 | શ્રી શરૂઆતનો સ્ટોક |
| 10000-00 | શ્રી જલ્પેશ શાહ ખાતે | 40000-00 | શ્રી ખરીદ ખાતે |
| 5000-00 | શ્રી બેંક આતે | 350-00 | શ્રી વીમા પ્રીમી.ખાતે |
| 50000-00 | શ્રી વકરા ખાતે | 8000-00 | શ્રી ઘરખર્ચ ખાતે |
| 2800-00 | શ્રી ધર્માદામાં આપેલ | 1830-00 | શ્રી સ્ટેશનરી ખાતે |
| | માલ ખાતે | 30000-00 | શ્રી ફોરમ ખાતે |
| 7000-00 | શ્રી ઉમેદવારના પ્રીમી.ખાતે | 850-00 | શ્રી ભાડા ખાતે |
| | | 500-00 | શ્રી વેતન ખાતે |
| | | 470-00 | શ્રી દુકાન ખર્ચ ખાતે |
| | | 25000-00 | શ્રી સાધન સરંજામ ખાતે |
| | | | 142000-00 |
| | | 3000-00 | શ્રી પુરાંત બાકી |
| | | | **145000-00** |

**હવાલા :**

1) સ્ટેશનરી સામગ્રીનો સ્ટોક રૂા. 250 અને માલનો સ્ટોક રૂા. 5300 છે.

2) બેંક ઓવરડ્રાફટના વ્યાજના રૂા.100 વસુલ કરેલ છે જેની નોંધ બાકી છે.

3) ઉમેદવારનું પ્રિમીયમ 2 વર્ષ માટે મળેલ છે.

(4) ઘરવપરાશ માટે લઈ ગયેલ માલ રૂા. 2,000 ની નોંધ બાકી છે.

(5) સાધન-સરંજામ ઉપર 5% ઘસારો ગણો.

**6. શ્રી અમનને સંવત 2063ના ઉતારા અને હવાલા ઉપરથી ખરીદ-વકરા ખાતું અને સરવૈયું તૈયાર કરો.**

**સંવત 2063ના આસો વદ 0))નો ઉતારો**

| જ... | | ઉ... | |
|---|---|---|---|
| 30,000-00 | શ્રી ભંડોળ ખાતે ખા.પા. | 5,000-00 | શ્રી શરૂઆતના રોકડ ખાતે ખા.પા. |
| 51,000-00 | શ્રી વકરા ખાતે ખા.પા. | 1,800-00 | શ્રી ભાડા ખાતે ખા.પા. |
| 1,500-00 | શ્રી ડિવિડન્ડ ખાતે ખા.પા. | 1,200-00 | શ્રી સ્ટેશનરી ખાતે ખા.પા. |
| 2,000-00 | શ્રી મહેશ ખાતે ખા.પા. | 12,000-00 | શ્રી ઈમારત ખાતે ખા.પા. |
| 1,000-00 | શ્રી પંકજ ખાતે ખા.પા. | 34,000-00 | શ્રી ખરીદ ખાતે ખા.પા. |
| 1,200-00 | શ્રી ઘરખર્ચથી ગયેલ માલ ખાતે ખા.પા. | 3,000-00 | શ્રી ઘરખર્ચ ખાતે ખા.પા. |
| 12,000-00 | શ્રી બેંકલોન ખાતે ખા.પા. | 2,500-00 | શ્રી હાર્દિક ખાતે ખા.પા. |
| | 98,700-00 | 12,000-00 | શ્રી બેંકસિલક ખાતે ખા.પા. |
| | | 12,000-00 | શ્રી ફર્નિચર ખાતે ખા.પા. |
| | | 3,200-00 | શ્રી પગાર ખાતે ખા.પા. |
| | | | 88,700-00 |
| | | 10,000-00 | શ્રી પુરાંત બાકી |
| | | | **98,700-00** |

**હવાલા :**

(1) આખરનો સ્ટોક રૂા. 12,000 જેની બજારકિંમત રૂા. 9,800 છે.

(2) ઈમારત પર 8% ઘસારો ગણો.

(3) રૂા. 500 ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(4) સ્ટેશનરી ખર્ચના રૂા. 500 ચૂકવવાના બાકી છે.

(5) બેંકલોન પર 8% વ્યાજ ગણો.

(8) શ્રી કવિન એન્ડ કંપનીનો સંવત 2061નો ઊતારો નીચે પ્રમાણે છે. જમા-ખર્ચી મેળ તૈયાર કરી ખરીદ-વકરા ખાતું અને સરવૈયું તૈયાર કરો :

| | જ... | | | ઉ... | |
|---|---|---|---|---|---|
| 6000-00 | શ્રી ભંડોળ ખાતે | ખા.પા. | 14000-00 | શ્રી શરૂઆતના સ્ટોક ખાતે | |
| 1,21,000-00 | શ્રી વકરા ખાતે | ખા.પા. | | | ખા.પા. |
| 5,000-00 | શ્રી આડત ખાતે | ખા.પા. | 88000-00 | શ્રી ખરીદ ખાતે | ખા.પા. |
| 500-00 | શ્રી બેંક વ્યાજ ખાતે | ખા.પા. | 8200-00 | શ્રી ઘરખર્ચ ખાતે | ખા.પા. |
| 25000-00 | શ્રી મતિની લોન ખાતે | ખા.પા. | 750-00 | શ્રી દુકાન ખર્ચ ખાતે | ખા.પા. |
| 10,000-00 | શ્રી પ્રોવિડન્ડ ફંડ ખાતે | ખા.પા. | 2250-00 | શ્રી જાહેરાત ખર્ચ | ખા.પા. |
| 62,00-00 | શ્રી બાકી દેવા ખાતે | ખા.પા. | 3200-00 | શ્રી રેલ્વેનૂર ખાતે | ખા.પા. |
| | 2200-00 શ્રી કેવિન ખાતે | | 3000-00 | શ્રી મજૂરી ખાતે | ખા.પા. |
| | 3000-00 શ્રી કિશોર ખાતે | | 3000-00 | શ્રી પ્રોવિડન્ડ ફંડ | |
| | 1000-00 શ્રી નમન ખાતે | | | ફાળા ખાતે | ખા.પા. |
| 2250-00 | શ્રી જાહેરાતમાં આપેલ | | 18,000-00 શ્રી પગાર ખાતે | ખા.પા. | |
| | માલ ખાતે | ખા.પા. | 2400-00 | શ્રી વીમા-પ્રિમીયમ ખાતે | ખા.પા. |
| 750-00 | શ્રી ભાડા ખાતે | ખા.પા. | 28,000-00 | શ્રી વાહન ખાતે | ખા.પા. |
| | 2,30,700-00 | | | | |
| | | | 20,000-00 | શ્રી ઈમારત ખાતે | ખા.પા. |
| | | | 12,800-00 | શ્રી બાકી લેણાં ખાતે | ખા.પા. |
| | | | 2200-00 | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ખા.પા. |
| | | | 5000-00 | શ્રી રોકાણ ખાતે | ખા.પા. |
| | | | | 2,30,700-00 | |
| | | | 700-00 | શ્રી પુરાંત બાકી | |
| | | | | **2,30,700-00** | |

**હવાલા :**

(1) આખર માલનો સ્ટોક રૂા. 20,000નો છે. જેમાંના 10% માલની બજાર કિંમત 20% ઓછી છે.

(2) વીમા-પ્રિમિયમના રૂા. 400 આવતા વર્ષનાં છે.

(3) દેવાદારોમાંથી રૂા. 800 ઘાલખાધનાં માંડીવાળો અને 5% ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(4) કિશોરને રૂા. 400 વ્યાજ આપવાનું થયું છે.

(5) વાહન પર 20% ઘસારો અને ઈમારત પર 10% ઘસારો ગણો.

(6) રોકાણો પર 15% વ્યાજ લેણું થયું છે.

**(9) શ્રી કલ્યાણભાઈના સંવત 2063ના આસો વદ0))ના ઉતારા અને વધારાની માહિતી ફરથી અચડ મેળ તૈયાર કરી વટાવ ખાતા દ્વારા નફો-નુકસાન નક્કી કરી સરવૈયું તૈયાર કરો.**

સંવત 2063ના આસો વદ-0))નો ઉતારો.

| જ... | | | ઉ... | | |
|---|---|---|---|---|---|
| 12,5000-00 | શ્રી ભંડોળ ખાતે | ખા.પા. | 40,000-00 | શ્રી શરૂના સ્ટોક ખાતે | ખા.પા. |
| 10,000-00 | શ્રી વકરા ખાતે | ખા.પા. | 50,000-00 | શ્રી ખરીદ ખાતે | ખા.પા. |
| 75,000-00 | શ્રી ડિવિડન્ડ ખાતે | ખા.પા. | 60,000-00 | શ્રી ઘરખર્ચ ખાતે | ખા.પા. |
| 25,000-00 | શ્રી પૂર્વી ખાતે | ખા.પા. | 25,000-00 | શ્રી બેંક ખાતે | ખા.પા. |
| 50,000-00 | શ્રી સુમેશ ખાતે | ખા.પા. | 125000-00 | શ્રી ઈમારત ખાતે | ખા.પા. |
| 25,000-00 | શ્રી તીરથ ખાતે | ખા.પા. | 50,000-00 | શ્રી નિકીતા ખાતે | ખા.પા. |
| | 4,00,000-00 | | 7500-00 | શ્રી વીમા પ્રીમીયમ ખાતે | ખા.પા. |
| | | | 2500-00 | શ્રી મજૂરી ખાતે | ખા.પા. |
| | | | 1000-00 | શ્રી પગાર ખાતે | ખા.પા. |
| | | | 1000-00 | શ્રી આવકમાલ ગાડા ભાડા ખાતે | ખા.પા. |
| | | | | 370000-00 | |
| | | | 30,000-00 | શ્રી પુરાંત બાકી | |
| | | | | **4,00,000-00** | |

**વધારાની માહિતી :**

(1) ભંડોળ પર વાર્ષિક 10% વ્યાજ ગણો.

(2) આખર સ્ટોક રૂા. 50,000નો છે.

(3) રૂા. 1500 વ્યાજ મળવાનું બાકી છે. તથા વીમા પ્રીમિયમના રૂા. 1000 ચૂકવવાના બાકી છે.

(4) નિકીતા પાસેથી 40% રકમ વસૂલ થઈ શકે તેમ છે.

(5) રૂા. 1000નો માલ નમૂના તરીકે મફત વહેંચ્યો છે. જેની નોંધ કરવાની બાકી છે.

**(10) શ્રી હેમુબેનના સંવત 2063ના ઉતારા પરથી ખરીદ-વકરા ખાતું, સરવૈયું અને હવાલામેળ તૈયાર કરો.**

**સંવત 2063નો ઉતારો**

| જ... | | | ઉ... | | |
|---|---|---|---|---|---|
| 40,000-00 | શ્રી ભંડોળ ખાતે | ખા.પા. | 5000-00 | શ્રી શરૂઆતનો સ્ટોક | ખા.પા. |
| 63750-00 | શ્રી વકરા ખાતે | ખા.પા. | 2250-00 | શ્રી ભાડા ખાતે | ખા.પા. |
| 1875-00 | શ્રી ડિવિડન્ડ ખાતે | ખા.પા. | 1500-00 | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ખા.પા. |
| | ગયેલ માલ ખાતે | ખા.પા. | | | |
| 4000-00 | શ્રી પાનમ ખાતે | ખા.પા. | 15000-00 | શ્રી મકાન ખાતે | ખા.પા. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1250-00 | શ્રી જીતુ ખાતે | ખા.પા. | 42500-00 | શ્રી ખરીદ ખાતે | ખા.પા. |
| 12500-00 | શ્રી લોન ખાતે | ખા.પા. | 3750-00 | શ્રી ઘરખર્ચ ખાતે | ખા.પા. |
| | 123375-00 | | 3750-00 | શ્રી રાજેશ ખાતે | ખા.પા. |
| | | | 3125-00 | શ્રી રમણ પટેલ ખાતે | ખા.પા. |
| | | | 15000-00 | શ્રી બેંક ખાતે | ખા.પા. |
| | | | 15000-00 | શ્રી ફર્નિચર ખાતે | |
| | | | 4000-00 | શ્રી પગાર ખાતે | |
| | | | 10875-00 | | |
| | | | 12500-00 | શ્રી પુરાંત બાકી | |
| | | | 123375-00 | | |

(1) આખર માલના સ્ટોક રૂા. 20,000 છે. જેની બજાર કિંમત 10% ઓછી છે.

(2) મકાન પર 8% ઘસારો ગણો.

(3) રૂા. 875ની ઘાલખાધ અનામતની જોગવાઈ કરી.

(4) સ્ટેશનરી ખર્ચમાં રૂા. 625 ચૂકવવાના બાકી છે.

(5) લોન પર 8% વ્યાજ ગણો.

•••